# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

જાહ્નવી કપૂરે પહેર્યો બોયફ્રેન્ડના નામનો નાઈટસૂટ....

**પેજ-09**

વૈભવ સૂર્યવંશીની તોફાની બેટિંગથી ભારત વિજેતા



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 39.00 | 29.00 |
| વડોદરા | 37.00 | 29.00 |
| સુરત | 32.00 | 27.00 |



પેજ 5

ટર્ટલમિંટ IPO: લિસ્ટિંગના લાભો માટે સબસ્ક્રાઈબ કરો - દેવેન ચોક્સી....

**23** JUNE-2026 TUESDAY

બ્રિટિશ વડાપ્રધાન પદ પરથી સ્ટારમેરની વિદાય નક્કી?....



પેજ 10

**.....સુવિચાર.....**

વાણી અને પાણી બંનેમાં એક છબી દેખાય છે. જો પાણી સ્વચ્છ હોય, તો છબી દેખાય છે. અને જો વાણી મીઠી હોય, તો ચારિત્ર્ય દેખાય છે.


વર્ષ-15 । અંક-220 । વિક્રમ સંવત-2082 । અષાઢ સુદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





### ઓનલાઈન આંગડિયા પેઢીનો નંબર શોધવો ભારે પડ્યો

# ભાઈને પૈસા મોકલવાના ચક્કરમાં વેપારીએ 27 લાખ ગુમાવ્યા, કાલુપુરમાં ફરિયાદ

અમદાવાદ | ગાંધીનગરના એક વેપારીને ગૂગલ પર ઓનલાઈન આંગડિયા પેઢીનો નંબર શોધવો અત્યંત ભારે પડ્યો છે. બેંગ્લોર સ્થિત પોતાના સગા ભાઈને નવું મકાન ખરીદવા માટે 27 લાખ મોકલવાના ચક્કરમાં વેપારી આંતરરાજ્ય ઠગ ટોળકીનો શિકાર બન્યા છે. શાતિર ગઠિયાઓએ આંગડિયા પેઢીના અસલી ટોકન નંબરના આધારે દિલ્હી શાખામાંથી બારોબાર રૂપિયા ઉપાડી લીધા હતા. આ ચકચારી ઘટના અંગે ભોગ બનનાર વેપારીએ અમદાવાદના કાલુપુર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ અડાલજ ખાતે રહેતા મયૂરભાઇ સોની છત્રાલમાં કેમિકલની ફેક્ટરી ધરાવે છે. બેંગ્લોરમાં રહેતા તેમના નાનાભાઇ રોહિતને મકાન ખરીદવાનું હોવાથી તેમણે મયૂરભાઇ પાસે રૂ. 27 લાખની આર્થિક મદદ માંગી હતી. ગત 6 માર્ચના રોજ પૈસા બેંગ્લોર ટ્રાન્સફર કરવા માટે મયુરભાઈના પુત્ર ક્રિશે ગૂગલ પર આંગડિયા પેઢીની વિગતો સર્ચ કરી હતી. સર્ચ દરમિયાન તેને 'ઓમ સાંઇ આંગડિયા' નામની એક પેઢીનો મોબાઈલ નંબર મળ્યો હતો, જે વાસ્તવમાં સાયબર ગઠિયાઓનો હતો.

ક્રિશે જ્યારે તે નંબર પર ફોન કર્યો ત્યારે સામેથી રાહુલ અને શર્મા નામના ગઠિયાઓએ વોટ્સએપ કોલ દ્વારા વાતચીત શરૂ કરી હતી. વિશ્વાસ જીતવા માટે આ ગઠિયાઓએ કાલુપુર રતનપોળ ખાતે આવેલી જાણીતી 'ડી. નરેશ આંગડિયા પેઢી'નું સરનામું આપ્યું અને ત્યાં નાણાં જમા કરાવવા જણાવ્યું હતું. ગઠિયાઓની જાળમાં ફસાયેલા મયુરભાઈએ કાલુપુરની આંગડિયા પેઢીમાં જઈને 27 લાખ રોકડા જમા કરાવી દીધા અને ત્યાંથી અસલી ટોકન નોટ (રિસીપ્ટ) મેળવી લીધી હતી.



### દિલ્હી શાખામાંથી બારોબાર 27 લાખ ઉપડી ગયા

ચોંકાવનારી બાબત એ છે કે, મયુરભાઈએ જેવી આંગડિયા પેઢીની વિગતો અને ટોકન નંબરની માહિતી વિશ્વાસમાં આવીને પેલા ઓનલાઈન સંપર્કવાળા ગઠિયાઓ સાથે શેર કરી, કે તરત જ ઠગ ટોળકી સક્રિય થઈ ગઈ હતી. મોડી સાંજ સુધી બેંગ્લોર ખાતે ભાઈને નાણાં ન મળતા મયુરભાઈએ આંગડિયા પેઢીમાં તપાસ કરી હતી. તપાસમાં ખુલાસો થયો કે, ઠગ ટોળકીના સાગરિત રમેશ નામના શખ્સે રાહુલ અને શર્માના ઈશારે 'ડી. નરેશ આંગડિયા'ની દિલ્હી શાખામાંથી આ જ ટોકન નંબર રજૂ કરીને 27 લાખની રોકડ રકમ બારોબાર ઉપાડી લીધી હતી.

ચોંકાવનારી બાબત એ છે કે, મયુરભાઈએ જેવી આંગડિયા પેઢીની વિગતો અને ટોકન નંબરની માહિતી વિશ્વાસમાં આવીને પેલા ઓનલાઈન સંપર્કવાળા ગઠિયાઓ સાથે શેર કરી, કે તરત જ ઠગ ટોળકી સક્રિય થઈ ગઈ હતી. મોડી સાંજ સુધી બેંગ્લોર ખાતે ભાઈને નાણાં ન મળતા મયુરભાઈએ આંગડિયા પેઢીમાં તપાસ કરી હતી. તપાસમાં ખુલાસો થયો કે, ઠગ ટોળકીના સાગરિત રમેશ નામના શખ્સે રાહુલ અને શર્માના ઈશારે 'ડી. નરેશ આંગડિયા'ની દિલ્હી શાખામાંથી આ જ ટોકન નંબર રજૂ કરીને 27 લાખની રોકડ રકમ બારોબાર ઉપાડી લીધી હતી.

# જિલ્લા ફરિયાદ સમિતિમાં પાઠ્ય પુસ્તકોનો મુદ્દો ઉઠતા તંત્ર દોડતુ થયુ, ઉચ્ચ અધિકારીઓએ કાર્યક્રમથી અંતર રાખ્યું



અમદાવાદ | આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જિલ્લા ફરિયાદ સમિતિની બેઠકમાં વિસાવદરની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો ન મળવાના મુદ્દે આક્રમક રજૂઆત કરતા આ મામલો ગાંધીનગર સુધી ગુંજ્યો છે. સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરથી એક આઈપીએસ અને એક આઈએએસ સહિત કુલ બે ઉચ્ચ અધિકારીઓ વિસાવદર આવવાના હતા, પરંતુ "શાળામાં પુસ્તકો નથી તો બાળકોને પ્રવેશ આપીને શું ભણાવશો?" તેવા સવાલ સાથે ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ શાળા પ્રવેશોત્સવ અને પુસ્તકોના મુદ્દે વહીવટી તંત્રને ઘેરતા સમગ્ર મામલાની અસર ગાંધીનગર સુધી પહોંચી હોવાનું સામે આવ્યું છે. ૨૦ તારીખે શનિવારે બપોરે ૧૧ વાગ્યે જૂનાગઢ ખાતે યોજાયેલી જિલ્લા ફરિયાદ સમિતિની બેઠકમાં તેમણે સત્ર શરૂ થયા બાદ પણ શાળાઓમાં પુસ્તકો ઉપલબ્ધ ન હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. "ભાર વગરના ભણતર"ના બદલે "પુસ્તક વગરનું ભણતર" થઈ રહ્યું હોવાની રજૂઆત બાદ એ જ દિવસે સાંજ સુધીમાં ઉચ્ચ અધિકારીઓએ ઈ-મેઈલ દ્વારા વિસાવદર આવવાની ના પાડી હોવાનું જાણવા મળ્યું છે.શાળા પ્રવેશોત્સવમાં હાજરી આપવા માટે આઈપીએસ વિશાલ વાઘેલા અને આઈએએસ બી.પી. ચૌહાણની નિમણૂક કરવામાં આવી હતી. પરંતુ સરકારી શાળાઓમાં પુસ્તકોના મુદ્દે ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાના આકરા વલણ અને રજૂઆત બાદ ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓએ વિસાવદરની મુલાકાત ટાળી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ સમગ્ર ઘટનાના પડઘા જૂનાગઢ જિલ્લાના શિક્ષણતંત્ર સુધી પહોંચ્યા છે. સરકારી શાળાના બાળકોને તાત્કાલિક ધોરણે પાઠ્યપુસ્તકો અને સ્વાધ્યાયપોથી ઉપલબ્ધ થાય તે માટે ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## News Brief

### હિટ એન્ડ રનથી ગુજરાતમાં એક જ વર્ષમાં 1090 લોકોના મોત, રોડ સેફ્ટી ઓથોરિટીના અહેવાલમાં ધડાકો

ગુજરાત | ગુજરાતમાં બેદરકારીભર્યા ડ્રાઈવિંગના કારણે નિર્દોષ નાગરિકો રસ્તા પર જીવ ગુમાવી રહ્યા છે. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી'ના અહેવાલમાં રાજ્યમાં હિટ એન્ડ રનની ઘટનાઓનો એક ચિંતાજનક ચિતાર સામે આવ્યો છે. આ સત્તાવાર આંકડાઓ દર્શાવે છે કે, વાહનચાલકોની ઘોર બેદરકારીને લીધે હિટ એન્ડ રનના કિસ્સા વધ્યા છે. વર્ષ 2024 માં જ હિટ એન્ડ રનમાં 1090 લોકોએ જીવ ગુમાવ્યાં હતાં. રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં થતા કુલ રોડ અકસ્માતોમાં ૧૪ ટકા માત્ર હિટ એન્ડ રનની ઘટનાની છે. આ પ્રકારના અકસ્માતોમાં વાહનચાલક અકસ્માત સર્જીને પીડિતને મદદ કરવાને બદલે ઘટનાસ્થળેથી ભાગી છૂટે છે, જેના કારણે ઘાયલોને સમયસર સારવાર મળતી નથી.

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના અહેવાલ મુજબ, વર્ષ 2024 માં હીટ એન્ડ રનના કુલ 1902 ઘટના બની હતી જેમાં 1090 લોકોના મૃત્યુ થયા હતા. 883 ને ગંભીર ઈજા જ્યારે 343 ને નાની મોટી ઈજા થઈ હતી. આ અહેવાલમાં સૌથી વધુ ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે, હિટ એન્ડ રનની ઘટનાઓમાં મૃત્યુદર 59 ટકાથી વધુ છે. આનો સીધો અર્થ એ થાય હીટ એન્ડ રનના ઘાયલ મોટાભાગે મોતને ભેટે છે. ગુજરાતમાં હીટ એન્ડ રનના કિસ્સા ચિંતાજનકહદે વધી રહ્યાં છે. નિષ્ણાતોના મતે, સીસીટીવી કેમેરાનું નબળું નેટવર્ક અને રાત્રિના સમયે હાઇવે પર અપૂરતી પોલીસ પેટ્રોલિંગને કારણે બેફામ રીતે વાહન હંકારવામાં આવે છે. જેના લીધે અકસ્માત કરીને વાહનચાલક સરળતાથી ફરાર થઈ જાય છે. રોડ સેફ્ટી વિભાગે આ ચિંતાજનક સ્થિતિને કાબૂમાં લેવા માટે કડક કાયદાકીય પગલાં અને સઘન ચેકિંગની ભલામણ કરી છે.

### જામનગર નજીક નાઘેડી વિસ્તારમાં કૂવામાંથી શનિવારે મોડી સાંજે મહિલાનો મૃતદેહ સાંપડ્યો



જામનગર | જામનગર ખંભાળિયા ધોરી માર્ગ પર તુલસી પાર્ટી પ્લોટની નજીક આવેલા એક કુવામાં કોઈ અજાણી સ્ત્રીનો મૃતદેહ પાણીમાં તરી રહ્યો છે, તેવી માહિતી મયુર ખીમાણદભાઈ પિંડારિયા નામની વ્યક્તિએ પોલીસને આપી હતી. જેથી સીટી સી. ડિવિઝન પોલીસનો કાફલો શનિવારે રાત્રે બનાવના સ્થળે દોડી ગયો હતો અને જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમની મદદથી મૃતદેહને પાણીમાંથી બહાર કઢાવ્યો હતો અને પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ દ્વારા આ મામલામાં ઊંડાણપૂર્વકની તપાસ કરવામાં આવી હતી, જેમાં મૃતક મહિલાનું નામ કવિતાબેન કુંદન (ઉ.વર્ષ. 45) અને જામનગરના ભીમવાસ વિસ્તારમાં રહેતી હોવાનું તેમજ રખડતું ભટકતું જીવન જીવતી હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત મહિલાનું ડૂબી જવાથી મૃત્યુ નીપજ્યું હોવાનું તારણ નીકળ્યું છે. મૃતદેહને જી.જી. હોસ્પિટલના કોલ્ડરૂમમાં રાખવામાં આવ્યો છે, અને તેના વાલી વારસદાર અંગે કોઈને જાણકારી હોય તો જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

### નારોલ-અસલાલી હાઈવે પર ગમખ્વાર અકસ્માત, ડાક પાર્સલના વાહનમાં મોપેડ ઘૂસી જતાં એકનું મોત

ગુજરાત | નારોલ-અસલાલી હાઈવે પર જીઈબી (GEB) નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રસ્તાની સાઈડમાં ઊભેલી ડાક પાર્સલના વાહનની પાછળ પૂરપાટ ઝડપે આવી રહેલું મોપેડ ધડાકાભેર અથડાયું હતું. આ ઘટનામાં મોપેડ પર સવાર ત્રણ વ્યક્તિઓમાંથી એકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે. મળતી માહિતી અનુસાર, એક મોપેડ પર ત્રણ લોકો સવાર થઈને નારોલ-અસલાલી હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન જીઈબી પાસે રસ્તાની એક બાજુ ઊભેલા ડાક પાર્સલના વાહનની પાછળ આ મોપેડચાલક અથડાયું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે મોપેડનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને એક વ્યક્તિએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. અકસ્માતનો જોરદાર અવાજ આવતા જ આસપાસના સ્થાનિક લોકો અને વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ઘટનાની ગંભીરતા જોઈને તુરંત જ 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. લોહીલુહાણ હાલતમાં રહેલા અન્ય બે ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાસ્થળની પરિસ્થિતિ અને પ્રાથમિક તપાસને આધારે એવી પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે મોપેડ પર સવાર ત્રણેય વ્યક્તિઓ દારૂના નશામાં ધૂત હતા. અતિશય નશામાં હોવાના કારણે ચાલકે મોપેડ પરથી કાબૂ ગુમાવ્યો હોવાનું અનુમાન છે. હાલ આ મામલે સ્થાનિક પોલીસે ગુનો નોંધી અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# શિક્ષણનું દબાણ : ગુજરાતમાંથી છેલ્લા 4 વર્ષમાં 1063 વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી

ગુજરાત | છેલ્લા કેટલાય વખતથી ગુજરાત સહિત દેશમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં પેપરલીકની ઘટનાઓ બની રહી છે. નીટની પરીક્ષામાં અસફળ થવાની બીકે વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી રહ્યાં છે. આ જ સપ્તાહમાં અમદાવાદમાં પણ એક ઘટના બની હતી. માનસિક દબાણ, પરીક્ષા કૌભાંડ અને ભવિષ્યની અનિશ્ચિતતાને લીધે વિદ્યાર્થીઓ માનસિક તણાવનો શિકાર બન્યા છે. દુ:ખની વાત તો એ છે કે, આ અસહ્ય દબાણ હવે વિદ્યાર્થીઓના સપનાં જ નહીં, તેમનું જીવન પણ છિનવી રહ્યું છે. છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતમાં 1063 વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી મોતને વ્હાલું કર્યું છે.

વિદ્યાર્થીઓના તૂટી રહેલા સપનાઓ અને વધતી નિરાશા પાછળ નિષ્ફળ સરકારની નીતિઓ, પેપર લીક, પરીક્ષા કૌભાંડ અને પરીક્ષા ઉત્તિર્ણ કરવાનું અસહ્ય દબાણ અને બેરોજગારી માટે મુખ્ય જવાબદાર પરિબળ રહ્યાં છે. ગુજરાતમાં વર્ષ 2020-21 માં 151, વર્ષ 2022-23 માં 161, વર્ષ 2023-24માં 183 અને વર્ષ 2024-25માં 568 વિદ્યાર્થીઓની આત્મહત્યા કરી. જે ચિંતાજનક બાબત છે. વર્ષ 2019 થી 2024માં વિદ્યાર્થીઓની આત્મહત્યાના કેસોમાં લગભગ 16 ટકાનો વધારો નોંધાયો છે. ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા કોંગ્રેસ પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે આ માત્ર આંકડા નથી. આ દરેક આંકડાની પાછળ એક પરિવારનો આક્રંદ, એક માતા-પિતાનું તૂટેલું સ્વપ્ન અને એક યુવાનનું અધૂરું ભવિષ્ય છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં અનેક પરીક્ષાઓમાં પેપર લીક, ગેરરીતિઓ અને કૌભાંડો સામે આવ્યા છે. દરરોજ સરેરાશ પાંચથી વધુ યુવાનો માત્ર પરીક્ષામાં નિષ્ફળતાને કારણે મોતને ભેટી રહ્યા છે.

# વીજ થાંભલાના વિરોધમાં ચાલી રહેલ આંદોલન મુદ્દે AAP દ્વારા ખેડૂત મહાપંચાયતનું આયોજન...

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ મયૂર સાકરિયા, પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવે, પ્રદેશ સંગઠન મંત્રી ડો. કે. એમ. રાણા, લોકસભા પ્રમુખ રમેશ મેર અને સુરેન્દ્રનગર શહેર પ્રમુખ કમલેશ કોટેચા દ્વારા એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવેએ જણાવ્યું હતું કે, આગામી તારીખ 27 જૂન 2026ના રોજ વઢવાણ તાલુકાના નગરા મુકામે સાંજે 4 વાગે આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી ખાનગી કંપનીઓએ ખેડૂતોના ખેતરોમાં ભાડૂતી પોલીસ લાવીને વળતર ચૂકવ્યા વગર વીજપોલ નાખીને જે દમન કર્યું છે, એના અનુસંધાને આમ આદમી પાર્ટીએ આ ખેડૂત મહાપંચાયતનું આયોજન કર્યું છે આમ આદમી પાર્ટી ખેડૂતો પર થઈ રહેલા અત્યાચારો અને અન્યાયની વિરુદ્ધ લડી રહી છે અને ખેડૂતોની સાથે ઉભી છે. આ મહાપંચાયતમાં વઢવાણ તાલુકા અને તેના આસપાસના વિસ્તારોમાંથી 5,000થી વધારે ખેડૂતો ઉપસ્થિત રહેશે. મીડિયાના માધ્યમથી અમે તમામ ખેડૂતોને અપીલ કરીએ છીએ કે વધુમાં વધુ સંખ્યામાં આ ખેડૂત મહાપંચાયતમાં પોતાની હાજરી આપો અને ખેડૂતોના આંદોલનને મજબૂત બનાવો.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ મયુર સાકરીયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, વઢવાણ તાલુકાના નગરા ગામે ખેડૂત મહાપંચાયત બોલાવવામાં આવી છે. પાવર ગ્રીડ કંપનીઓ દ્વારા, અદાણી દ્વારા ખેડૂતોના ખેતરોમાં જે થાંભલા નાખવામાં આવી રહ્યા છે,

ફક્ત સુરેન્દ્રનગર જ નહીં પરંતુ આસપાસના અનેક વિસ્તારોમાં અને ગુજરાતભરના અનેક વિસ્તારોમાં ખેડૂતો સાથે આ રીતે અન્યાય થઈ રહ્યો છે. એના વિરુદ્ધમાં નગરા ગામમાં ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂતોને ન્યાય મળે એ ઉદ્દેશો સાથે આ ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. આ ખેડૂત મહાપંચાયતમાં પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઇટાલીયા, ધારાસભ્ય ચૈતર વસાવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ખેડૂત નેતા અને ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ સહિત પ્રદેશના તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહેશે અને ખેડૂતો માટે અવાજ ઉઠાવશે.

# શાળા પ્રવેશોત્સવ માત્ર એક 'ફોટો-રીલ' ઈવેન્ટ? ડૉ. કરન બારોટે શિક્ષણતંત્ર પર કર્યા પ્રહાર

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ.કરન બારોટે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, સરકાર દ્વારા તારીખ 23, 24 અને 25ના રોજ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો કાર્યક્રમ આયોજિત થવા જઈ રહ્યો છે. ધોરણ એકમાં બાળકને એડમિશન અપાવીને તેના ફોટા, વિડિયો અને રીલ બનાવીને વાયરલ કરવામાં આવે છે પરંતુ એ જ બાળકો ધોરણ 10 સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ લઈને પહોંચે છે કે નહીં, શું એની દેખરેખ સરકાર દ્વારા રાખવામાં આવે છે કે નહીં, આ ખૂબ મોટો પ્રશ્ન છે. કારણ કે તમે પ્રવેશ તો અપાવો છો, પરંતુ સારા શિક્ષણની ગુણવત્તા, નિયમિત હાજરી, સારુ પરિણામ, શાળામાં સારા ઓરડા, શિક્ષકો છે કે નહીં, શૌચાલય છે કે નહીં, એની દેખરેખ સરકાર રાખતી નથી. પ્રવેશોત્સવ ખાલી એક દિવસનો



કાર્યક્રમ બનીને રહી ગયો છે.વધુમાં મુખ્ય પ્રવક્તા ડૉ.કરન બારોટે જણાવ્યું હતું કે, માધ્યમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો 16.9% છે, સેકન્ડરીમાં ડ્રોપ આઉટ રેશિયો 20 ટકા છે, આદિવાસી વિસ્તારોમાં ડ્રોપ આઉટ રેશિયો 20 ટકાથી વધારે છે. મતલબ કે આટલા વર્ષોથી તમારી સરકાર છે છતાં પણ આદિવાસી વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત છે. સરકારને કહેવું છે કે ગ્રામ્ય વિસ્તાર હોય કે ગરીબ પરિવાર હોય તે લોકો ધોરણ 9 અને 10 પછી મોટા પ્રમાણમાં શિક્ષણ છોડી રહ્યા છે અને તેઓ રોજગારી તથા મજૂરી તરફ વળી રહ્યા છે. અને અસર ગુજરાતને થવાની છે. જ્ઞાન શક્તિ, નમો લક્ષ્મી, નમો સરસ્વતી યોજનાઓ સરકારે બહાર પાડી પરંતુ શું એ યોજનાઓ જમીન સુધી પહોંચી છે કે નહીં, એની તપાસ સરકારે કરવી જોઈએ. વાઈબ્રન્ટ ગુજરાતની આપણે વાત કરીએ છીએ પરંતુ સ્કૂલમાં વિદ્યાર્થીઓ ઘટી રહ્યા છે, ડ્રોપ આઉટ રેશિયો વધી રહ્યો છે, શિક્ષણનું બજેટ વધી રહ્યું છે પરંતુ બાળકોની સંખ્યા વધતી નથી. શિક્ષણની જે ગુણવત્તા ગુજરાતના બાળકોને મળવી જોઈએ એ ગુણવત્તા મળી નથી.

# વીજ લાઈનનો રૂટ બદલવા અને પારદર્શિતા લાવવા ખેડૂતોની માંગ: મામલતદાર કચેરીએ રજૂઆત

રાજકોટ : આમ આદમી પાર્ટીના યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી ખેડૂતોને સાથે લઈને જસદણ-વિંછીયાની મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. જસદણ-વિંછીયા તાલુકાના ગોડલાધાર ગામે ખાનગી કંપની દ્વારા વીજ લાઈન માટે વીજપોલ ઉભા કરવામાં આવી રહ્યા હોવાના મુદ્દે ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવાની માંગ સાથે રજૂઆત કરવામાં આવી હતી. આ તકે વાત કરતાં બ્રિજરાજ સોલંકીએ જણાવ્યું હતું કે, આજે જસદણ-વિંછીયા તાલુકાના વિવિધ ગામોના ખેડૂતો કોઈપણ જાતિ કે સમાજના ભેદભાવ વિના એક મંચ પર એકત્ર થયા છે. ત્રણ દિવસ પહેલાં ગોડલાધાર ગામમાં ખાનગી કંપની દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે ખેડૂતોની સંમતિ અને પરવાનગી વિના ખેતરોમાં પ્રવેશ કરીને પાકને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું તેમજ વીજપોલ ઉભા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, કંપની દ્વારા અત્યાર સુધીમાં આશરે 16 જેટલા વીજપોલ ઉભા કરી દેવામાં આવ્યા છે. જ્યારે છેલ્લો પોલ ઉભો કરવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે ખેડૂતો દ્વારા અમારો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અમે અમારી ટીમ સાથે ખેડૂતોના ખેતરોમાં પહોંચ્યા અને કંપનીના અધિકારીઓ તેમજ પોલીસ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. ચર્ચા દરમિયાન જાણવા મળ્યું હતું કે, કેટલાક ખેડૂતોને પોતાના જ ખેતરોમાં પ્રવેશ કરવાની મંજૂરી આપવામાં આવી નહોતી. આ મુદ્દે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ નિર્ણય લેવાયો હતો કે ત્રણ દિવસ સુધી સંબંધિત ખેતરોમાં કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવશે નહીં. હાલ જેસીબી મશીનો, પોલીસ બંદોબસ્ત અને અધિકારીઓને પણ સ્થળ પરથી હટાવવામાં આવ્યા છે. બ્રિજરાજ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, કંપની દ્વારા કેટલાક ખેડૂતોને લાલચ આપીને કામગીરી આગળ ધપાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જોકે, ગોડલાધાર સહિત જીવાપર અને આસપાસના ગામોના ખેડૂતો એકજૂટ થઈને પોતાના હકો માટે લડી રહ્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, અમે સરકાર કે વીજ પ્રોજેક્ટના વિરોધમાં નથી. પરંતુ ખેડૂતોના હિતો સાથે કોઈપણ પ્રકારનો અન્યાય સહન કરવામાં આવશે નહીં. ખેડૂતોને યોગ્ય અને ન્યાયસંગત વળતર ચૂકવવામાં આવશે ત્યારબાદ જ વીજપોલ ઉભા કરવાની કામગીરીને મંજૂરી આપવામાં આવશે.

### AACA દ્વારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન, લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ અને AGMનો કાર્યક્રમ યોજાયો

અમદાવાદ : અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશનના ઉપક્રમે તાજેતરમાં તેજસ્વી વિદ્યાર્થી સન્માન, સીનીયર મેમ્બર લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ તથા AGMનો કાર્યક્મ આયોજીત થયો. તેજસ્વી બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ખુબજ સુંદર ગીફ્ટસ




હેમ્પરનું વિતરણ કરવામાં આવ્યું. વધુમાં સંસ્થાના મંત્રીશ્રી જગતભાઈ ગાંધીએ જણાવેલ કે AACA નો વર્ષ 2026નો સીનીયર મેમ્બર લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ સંસ્થાનાં સિનિયર મેમ્બર શ્રી ભરતભાઈ શાહ તથા શ્રી હિતેશભાઈ શાહને એનાયત કરવામાં આવ્યો. શાલ ઓઢાળી તથા મોમેન્ટો આપી કારોબારી સભ્ય શ્રી સંદિપભાઈ શાહે તથા શ્રી પ્રતાપભાઈ નારેચાણીઆએ તેઓનું સન્માન કરેલ. આ સાથે AACAની 35મી વાર્ષિક સામાન્ય સભાનું પણ આયોજન કરવામાં આવેલ હતું.અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત મીડીયા જગતની અગ્રણી AACA સંસ્થા બીઝનેશ સંબંધિત કાર્યક્રમોની સાથે સાથે સમાજલક્ષી અને પરિવારલક્ષી કાર્યક્રમો પણ રજુ કરે છે.

### ગરમીમાં અગાસી પર સુવા ગયેલા પરિવારના ઘરમાંથી ચોરી



વડોદરા | વડોદરાના ન્યુ વીઆઈપી રોડ પર આવેલી સાગર સોસાયટીની બાજુમાં કૃષ્ણનગરમાં રહેતા અલ્કેશભાઈ સોમજીભાઈ ગણાવા ડ્રાઈવિંગ કરે છે. ગત 19 મી તારીખે રાત્રે 11:00 વાગે તેઓ મકાનનો નીચેનો દરવાજો લોક કરી પરિવાર સાથે ધાબા પર સુવા ગયા હતા. સવારે 6:00 વાગે નીચે આવ્યા ત્યારે મકાનના મુખ્ય દરવાજાનો નકૂચો તૂટેલો હતો. ઘરમાં તપાસ કરતા તિજોરી ખુલ્લી હતી અને સામાન વેરવિખેર હતો. ચોર ટોળકી ઘરમાંથી સોનાનું મંગળસૂત્ર તથા અન્ય દાગીનાઓ, હોમ થિયેટર અને રોકડા 15,000 ચોરીને કરી ફરાર થઈ ગઈ હતી.

# બગોદરા-વટામણ હાઈવે પર કેમિકલ ચોરીનું કૌભાંડ ઝડપાયું, 34 લાખના મુદ્દામાલ સાથે બેની ધરપકડ...

અમદાવાદ | અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના બગોદરા-વટામણ હાઈવે પર ચાલતા હાઈવે રોબરી અને કેમિકલ ચોરીના એક બહુ મોટા નેટવર્કનો પર્દાફાશ થયો છે. અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે મેમર ગામની સીમમાં આવેલી એક હોટલના કમ્પાઉન્ડમાં મોડી રાત્રે દરોડો પાડીને કેમિકલ ચોરી કરતા બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી ટેન્કર અને કિંમતી કેમિકલ સહિત કુલ 34,40,650 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

મળતી માહિતી અનુસાર, કંડલા બંદરથી અત્યંત જ્વલનશીલ 'મિક્સ ઝાયલીન' કેમિકલ ભરીને એક ટેન્કર સુરત તરફ જઈ રહ્યું હતું. આ દરમિયાન બગોદરા-વટામણ હાઈવે પર આવેલી 'જય માતાજી હોટલ'ના કમ્પાઉન્ડમાં ટેન્કરને ઊભું રાખી, તેના વાલ્વનું સીલ તોડીને કેમિકલ ચોરી કરવામાં આવી રહ્યું હોવાની માહિતી LCBને મળી હતી. કેમિકલ અત્યંત જ્વલનશીલ હોવાથી કોઈ દુર્ઘટના ના સર્જાય તે માટે પોલીસે એફ.એસ.એલ. (FSL) અને ફાયર



ફાઈટરની ટીમને સાથે રાખીને મોડી રાત્રે દરોડા પાડ્યા હતા.

પોલીસ જ્યારે હોટલના કમ્પાઉન્ડમાં પહોંચી ત્યારે ટેન્કરમાંથી કેમિકલ કાઢીને પ્લાસ્ટિકના મોટા કેરબાઓમાં ભરવાની કામગીરી ચાલતી હતી. પોલીસે ઘટનાસ્થળેથી ટેન્કરના ડ્રાઈવર અહેમદ ટીંબલિયા અને ચોરીનું કેમિકલ ખરીદવા/કાઢવામાં મદદ કરનાર જયરાજ રાઠોડ નામના બે આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. જો કે, આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અને હોટલ સંચાલક દીપક ચૌહાણ પોલીસને જોઈને ફરાર થઈ ગયો હતો, જેને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.

બગોદરા પોલીસે ઘટનાસ્થળેથી અલગ-અલગ વસ્તુઓ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જેમાં 28.64 લાખ રૂપિયાની કિંમતનું 'મિક્સ ઝાયલીન' કેમિકલ, કેમિકલ ભરેલું ટેન્કર, પ્લાસ્ટિકના કેરબા અને મોબાઈલ ફોન સહિત કુલ 34,40,650 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. હાઈવે પર આ પ્રકારે જ્વલનશીલ કેમિકલની ચોરી કરીને સામાન્ય માનવ જિંદગી જોખમાય તે રીતે ચાલી રહેલા આ જોખમી કારોબાર બદલ બગોદરા પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા (B.N.S.) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કૌભાંડ કેટલા સમયથી ચાલતું હતું, અગાઉ કેટલા લીટર કેમિકલની ચોરી થઈ ચૂકી છે અને આ નેટવર્કમાં અન્ય કયા મોટા માથાઓ સંડોવાયેલા છે તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

## હવામાન વિભાગની લેટેસ્ટ આગાહી, દક્ષિણ ગુજરાતમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી

# ગુજરાતમાં મેઘરાજાની એન્ટ્રી: સુરતમાં વરસાદ

(એજન્સી) ગાંધીનગર । તા. 22

ગુજરાતમાં ચોમાસાના આગમન સાથે જ દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં મેઘરાજાએ મન મૂકીને હેત વરસાવ્યું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ના અહેવાલ મુજબ, આજે (૨૨મી જૂન) સવારે ૬ થી ૧૨ વાગ્યા સુધીના માત્ર ૬ કલાકના ગાળામાં જ દક્ષિણ ગુજરાતના ૨૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. આ વરસાદના કારણે ખેડૂતોમાં વાવણીને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.

### વલસાડ-સુરતમાં સૌથી વધુ વરસાદ

આજના આંકડાઓ પર નજર કરીએ તો, વલસાડ અને સુરત જિલ્લા સૌથી વધુ વરસાદ ધરાવતા વિસ્તારો રહ્યા છે. સુરતના ઉમરપાડામાં ૧.૭૭ ઈંચ વરસાદ સાથે આ વિસ્તાર મોખરે રહ્યો છે. આ ઉપરાંત વલસાડમાં ૧.૧૮ ઈંચ અને સુરતના આરેથમાં ૧.૦૨ ઈંચ વરસાદ નોંધાયો છે. સવારના સમયે ઓફિસ અને શાળાએ જતા નાગરિકોને ભારે વરસાદને કારણે ટ્રાફિક જામ અને પાણી ભરાવવાની સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. તાપી અને નવસારી જિલ્લામાં પણ વરસાદી માહોલ જળવાઈ રહ્યો છે.

### રાજ્યના વિવિધ જિલ્લાઓમાં એલર્ટ

હવામાન વિભાગે સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ સહિત સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી 'ઑરેન્જ ઍલર્ટ' જાહેર કર્યું છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને મધ્ય-પૂર્વ ગુજરાતના અમરેલી, ભાવનગર, બોટાદ, ભરૂચ, વડોદરા, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા અને દીવમાં હળવા વરસાદ સાથે 'યલો ઍલર્ટ' આપવામાં આવ્યું છે. વહીવટી તંત્રને કોઈપણ પ્રકારની સ્થિતિને



પહોંચી વળવા માટે સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

### અરબી સમુદ્રમાં તોફાની કરંટ અને માછીમારોને ચેતવણી

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દરિયાકાંઠાના વિસ્તારો માટે ચેતવણી જાહેર કરવામાં આવી છે. આગામી ૫ દિવસ સુધી અરબી સમુદ્રમાં પવનની ગતિ ૪૦ થી ૬૫ કિમી પ્રતિકલાક સુધી પહોંચવાની શક્યતા છે, જેના કારણે સમુદ્રમાં ઊંચા મોજા ઉછળી શકે છે. આ જોખમી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાતના માછીમારોને દરિયો ન ખેડવા માટે કડક આદેશ આપવામાં આવ્યા છે. જે માછીમારો હાલ દરિયામાં છે તેમને સુરક્ષિત રીતે કિનારે પરત ફરવા તાકીદ કરવામાં આવી છે.

હવામાન નિષ્ણાતોના મતે, ચોમાસું હાલ મહારાષ્ટ્ર તરફ આગળ વધી રહ્યું છે. આગામી ૪૮ કલાકમાં તે મહારાષ્ટ્રના વધુ વિસ્તારોને આવરી લેશે તેવી શક્યતા છે. જોકે, સમગ્ર ગુજરાતમાં ચોમાસાના સંપૂર્ણ અને વ્યાપક પ્રવેશ માટે નાગરિકોએ હજુ થોડા દિવસ રાહ જોવી પડશે. હાલની પરિસ્થિતિમાં સ્થાનિક સ્તરે વરસાદી ગતિવિધિઓ ચાલુ રહેશે, જે ખેતીના પાકો માટે અત્યંત ફાયદાકારક સાબિત થઈ રહી છે.

વહીવટી તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને નાગરિકોને હવામાન વિભાગની સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા વિનંતી કરવામાં આવી છે. આગામી દિવસોમાં વરસાદની તીવ્રતા અને દિશાને ધ્યાનમાં રાખીને યોગ્ય સુરક્ષા વ્યવસ્થાઓ અમલમાં મૂકવામાં આવશે.

## નર્મદા કેનાલ તોડી બાંધકામ કરનાર સામે ડભોઇ પોલીસની કાર્યવાહી




ડભોઇ | ડભોઇ તાલુકાના સેગુવાડા ગામની સીમમાં સરદાર સરોવર નર્મદા નિગમની કેનાલમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડવાના ગંભીર મામલે આખરે નિગમના અધિકારી દ્વારા ચાર શખ્સો સામે ડભોઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ શખ્સો 'બૈતુન નૂર સિટિ સોસાયટી'ના ભાગીદારો હોવાનું બહાર આવ્યું છે. સરદાર સરોવર નર્મદા નિગમના નાયબ કાર્યપાલક ઈજનેર ભાવનાબેન સંજયભાઇ રાઠવાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, સેગુવાડાની સીમમાં કેનાલના ભાગમાં ગેરકાયદે બાંધકામ થતું હોવાની બાતમી મળતા તા. ૧૬ એપ્રિલના રોજ સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન જણાયું હતું કે આશરે ૨૮૫ મીટર લંબાઈ અને ૧૫ મીટર પહોળાઈ ધરાવતો કેનાલનો ભાગ તોડી નાખી, જમીન સમતળ કરીને ત્યાં ગેરકાયદે સોસાયટીનું બાંધકામ ચાલી રહ્યું હતું. નર્મદા નિગમ દ્વારા આ બાંધકામ સાઇટના ભાગીદારોને અગાઉ નોટિસ આપીને કેનાલની જમીનને પૂર્વવત સ્થિતિમાં લાવી આપવા માટે આદેશ આપવામાં આવ્યો હતો.

## વસ્તી ગણતરીનો સ્ટાફ બની પોલીસનો ફરાર આરોપીને પકડવાનો અનોખો ખેલ

(એજન્સી) પાદરા । તા. 22

ગુનેગારોને પકડવા માટે પોલીસ ગમે તે હદ સુધી જઈ શકે છે, જેનું એક ઉત્તમ ઉદાહરણ પાદરા પોલીસે પૂરું પાડ્યું છે. છેલ્લા બે વર્ષથી દારૂના ગુનામાં વોન્ટેડ અને પોલીસથી ફરાર આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે વસ્તી ગણતરીના કર્મચારીઓનો વેશ ધારણ કર્યો હતો અને આખરે રાજસ્થાનના જોધપુરથી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.



પાદરા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૪માં દારૂના વેચાણ અંગેનો એક ગુનો નોંધાયો હતો. આ ગુનામાં સુરેન્દ્રગીરી ગોરધનગીરી ગોસ્વામી (રહે. રાજીવ મંગરા પુંજલા, જોધપુર, રાજસ્થાન)નું નામ સામે આવ્યું હતું. ઘટના બાદથી આરોપી પોલીસ પકડથી દૂર હતો અને પોતાના વતનમાં છુપાઈ ગયો હતો. પાદરા પોલીસે આરોપીને પકડવા માટે ખાસ કવાયત હાથ ધરી હતી, જેમાં સોશિયલ મીડિયા એકાઉન્ટ અને મોબાઈલ લોકેશનના આધારે તેનું ચોક્કસ લોકેશન મેળવવામાં સફળતા મળી હતી. જોધપુર પહોંચ્યા બાદ પોલીસ માટે આરોપીનું ચોક્કસ ઘર શોધવું પડકારજનક હતું, કારણ કે તે વિસ્તારમાં એકસરખા દેખાતા અનેક મકાનો આવેલા હતા. આરોપીને અંધારામાં રાખવા માટે પોલીસ ટીમે એક માસ્ટર પ્લાન બનાવ્યો. પોલીસ કર્મચારીઓએ વસ્તી ગણતરીના સ્ટાફ તરીકેનો વેશ ધારણ કર્યો અને આશરે ૮ થી ૧૦ મકાનોની તપાસ કર્યા બાદ આખરે આરોપીના ઘરે પહોંચ્યા હતા. વસ્તી ગણતરીના બહાને જ્યારે પોલીસે દરવાજો ખખડાવ્યો ત્યારે આરોપી પોતે જ બહાર આવ્યો હતો.

## રણજીનગરમાં દારૂનો મોટો જથ્થો ઝડપાયો, પોલીસની મોટી કાર્યવાહી, મોપેડ અને પલંગમાં છુપાવેલો દારૂ પકડાયો

(એજન્સી) સાવલી । તા. 22

સાવલી તાલુકાના રણજીનગર વિસ્તારમાં ભાદરવા પોલીસે એક ખેતરમાં આવેલા મકાન પર દરોડો પાડી લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. પોલીસની આ આકસ્મિક કાર્યવાહીથી દારૂના ધંધાર્થીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે, જોકે આ દરોડા દરમિયાન બે મુખ્ય આરોપીઓ પોલીસને ચકમો આપીને ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા.

પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે રણજીનગરમાં રહેતો પ્રદિપસિંહ ઉર્ફે 'ગોટીયો' ગિરવતસિંહ પરમાર પીકઅપ ગાડીમાં દારૂનો જથ્થો લાવીને તેને ખેતરમાં બનાવેલા નવા મકાનમાં સંતાડે છે. આ માહિતીના આધારે પોલીસે ગત રાત્રે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને પ્રદિપસિંહ અને તેનો ભાઈ ધર્મેન્દ્રસિંહ ઉર્ફે 'કાળીયો' તરત જ ખેતરમાંથી નાસી ગયા હતા.

### અવનવી જગ્યાએ છુપાવ્યો હતો દારૂ

પોલીસે જ્યારે મકાન અને તેની આસપાસ તપાસ હાથ ધરી ત્યારે દારૂ સંતાડવાની પદ્ધતિ જોઈને તેઓ પણ દંગ રહી ગયા હતા. આરોપીઓએ દારૂનો જથ્થો ઘરની બહાર ઊભેલા મોપેડની ડીકીમાં, ટીવીના શોકેસની નીચે અને પેટી પલંગની અંદર છુપાવ્યો હતો. પોલીસે ઝીણવટભરી તપાસ કરીને ૧૫૮૭ નંગ દારૂની બોટલો અને ટીન કબજે કર્યા હતા.

### કુલ 9.06 લાખનો મુદ્દામાલ જપ્ત

આ કાર્યવાહીમાં પોલીસે ૨.૫૬ લાખની કિંમતનો દારૂ, એક પીકઅપ ગાડી અને એક મોપેડ મળીને કુલ ૯.૦૬ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. ભાદરવા પોલીસે ફરાર થઈ ગયેલા બંને સગા ભાઈઓ વિરુદ્ધ ગુનો નોંધીને તેમની શોધખોળ હાથ ધરી છે. આ વિસ્તારમાં દારૂના આટલા મોટા જથ્થાના પર્દાફાશથી અનેક સવાલો પણ ઊભા થયા છે કે આ ધંધો કેટલા સમયથી ચાલી રહ્યો હતો.

## સ્વચ્છ સુરતમાં ચોમાસા પહેલા ગાર્ડન વેસ્ટની ગંભીર સમસ્યા, ગાર્ડન વેસ્ટના નિકાલ માટે પાલિકાની સ્પષ્ટ નીતિનો અભાવ

(એજન્સી) સુરત । તા. 22

દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ખ્યાતિ પામેલા સુરતમાં હાલ ગાર્ડન વેસ્ટ (બગીચાના કચરા) ના નિકાલની સમસ્યા ચિંતાજનક બની છે. ચોમાસાની પૂર્વતૈયારીના ભાગરૂપે શહેરમાં વૃક્ષોની કાપકૂપ અને સફાઈ અભિયાન ચાલી રહ્યું છે, પરંતુ આ પ્રક્રિયામાં નીકળતા કચરાના નિકાલ માટે તંત્ર પાસે કોઈ સુવ્યવસ્થિત વ્યવસ્થા ન હોવાથી ઠેર-ઠેર ગાર્ડન વેસ્ટના ઢગલા જોવા મળી રહ્યા છે.



સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ડોર-ટુ-ડોર કલેક્શન વ્યવસ્થામાં ગાર્ડન વેસ્ટનો સ્વીકાર કરવામાં આવતો નથી. જેના કારણે સોસાયટીઓ અને ઘરોમાંથી નીકળતા ડાળખાં અને સુકા પાંદડાનો નિકાલ કરવો નાગરિકો માટે મુશ્કેલીરૂપ બન્યો છે. પાલિકાની આ બાબતે કોઈ સ્પષ્ટ નીતિ ન હોવાથી લોકો મજબૂરીમાં આ કચરો જાહેર રસ્તાઓ, ખાલી પ્લોટ કે ફૂટપાથ પર ફેંકી રહ્યા છે, જે શહેરની સ્વચ્છતા અને સુંદરતાને ડાઘ લગાવી રહ્યું છે. માત્ર દ્રશ્ય પ્રદૂષણ જ નહીં, પરંતુ આગામી ચોમાસા માટે આ કચરો મોટું જોખમ સાબિત થઈ શકે છે. નિષ્ણાતોના મતે, રસ્તાઓ પર પડેલો આ સુકો કચરો વરસાદી પાણી સાથે તણાઈને ડ્રેનેજ લાઈન અને ગટરોમાં જઈ શકે છે, જેનાથી લાઈન ચોકઅપ થવાની અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ શકે છે. પાલિકાનો સફાઈ વિભાગ અને ડોર-ટુ-ડોર સેવા બંને આ કચરાની જવાબદારી લેવા તૈયાર ન હોવાથી તંત્રના આયોજન સામે નાગરિકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. શહેરનું ગ્રીન કવર વધારવા માટે વૃક્ષારોપણના પ્રયાસો યોગ્ય છે, પરંતુ તેટલી જ જવાબદારી તેની જાળવણી અને ટ્રિમિંગ બાદ નીકળતા કચરાના યોગ્ય નિકાલની પણ છે.

## ગોત્રીના વૃંદાવનનગરમાં નવા શાક માર્કેટ સામે વિરોધ, શાક માર્કેટ સામે સ્થાનિકોનો વિરોધ



ગોત્રી | ગોત્રીના વૃંદાવનનગર વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા શાક માર્કેટના નિર્માણ માટે શરૂ કરવામાં આવેલી કામગીરી સામે સ્થાનિક રહીશોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. આજે બપોરે મોટી સંખ્યામાં એકત્ર થયેલા રહીશોએ બાંધકામના સ્થળે પહોંચીને સૂત્રોચ્ચાર કર્યા હતા અને કામગીરી તાત્કાલિક અટકાવી દીધી હતી. સ્થાનિક રહીશોનું માનવું છે કે શાક માર્કેટ શરૂ થવાથી આ વિસ્તારમાં બહારના લોકોની અવરજવર ખૂબ વધી જશે, જેની સીધી અસર વિસ્તારના ટ્રાફિક પર પડશે. રહીશોએ વધુમાં જણાવ્યું હતું કે પ્લોટનું કદ ઘણું નાનું છે, જેના કારણે વેપારીઓ કે ગ્રાહકો માટે વાહનો પાર્ક કરવાની પૂરતી વ્યવસ્થા શક્ય નથી. આ સમસ્યાને કારણે સ્થાનિક રહીશોએ દરરોજ ભારે હાલાકીનો સામનો કરવો પડશે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ જગ્યા વિશે માહિતી આપતા રહીશોએ જણાવ્યું હતું કે વર્ષોથી આ પ્લોટનો ઉપયોગ સોસાયટીના ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો માટે કરવામાં આવે છે. અગાઉ પણ અનેકવાર મ્યુનિસિપલ કોર્પોરેશનને આ જગ્યા પર જાહેર બગીચો બનાવવા માટે રજૂઆતો કરવામાં આવી છે.

## પાંડેસરા વિસ્તારમાં સર્જાઇ અફરાતફરી

# સુરતમાં રસ્તા પર પડેલા ભુવામાં સિટી બસ ખાબકી



(એજન્સી) સુરત । તા. 22

'સ્માર્ટ સિટી' સુરતમાં લાખો-કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવતા રસ્તાઓની પોલ ફરી એકવાર ખુલી ગઈ છે. પાંડેસરાના ગણેશનગર વિસ્તારમાં રસ્તાની વચ્ચે પડેલા એક મસમોટા ભુવામાં મુસાફરોથી ભરેલી સિટી બસ ખાબકતા અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે આ ગંભીર અકસ્માતમાં મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ બસમાં સવાર ૭ મુસાફરોને ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાએ સુરત મહાનગરપાલિકાના તંત્ર અને રસ્તા નિર્માણની કામગીરી પર અનેક ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સવારના સમયે પડેલા વરસાદને કારણે સમગ્ર રસ્તા પર પાણી ભરાઈ ગયા હતા. પાંડેસરા વિસ્તારમાંથી પસાર થતી સિટી બસના ચાલકને રસ્તામાં પડેલો આ વિશાળ ભુવો દેખાયો નહોતો, જેના પરિણામે બસનો આગળનો ભાગ સીધો ભુવામાં ફસાઈ ગયો હતો. અકસ્માત એટલો અચાનક હતો કે બસની વિન્ડશિલ્ડ તૂટી ગઈ હતી અને બસના આગળના ભાગને ભારે નુકસાન થયું હતું. જો બસની ગતિ વધુ હોત, તો આ અકસ્માત અત્યંત કરૂણ સાબિત થઈ શક્યો હોત.

સુરતમાં રસ્તા બેસી જવાની આ કોઈ પ્રથમ ઘટના નથી. થોડા દિવસો અગાઉ ડિંડોલી વિસ્તારમાં પણ રસ્તો બેસી જવાથી એક ડમ્પર ફસાઈ જવાનો બનાવ બન્યો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં ડ્રેનેજ અને અન્ય કામગીરી કર્યા બાદ રસ્તાનું પુનઃનિર્માણ કરવામાં જે પ્રકારની બેદરકારી દાખવવામાં આવે છે, તે હવે સ્થાનિકો માટે જોખમી બની રહી છે. વારંવાર બનતી આવી ઘટનાઓ દર્શાવે છે કે રસ્તા નિર્માણમાં ગુણવત્તાનો સંપૂર્ણ અભાવ છે અને પાલિકાના ઈજનેરી વિભાગની દેખરેખમાં પણ મોટી ખામીઓ છે.

આ ઘટના બાદ પાંડેસરાના રહીશોમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન હોવાને કારણે પણ રસ્તાઓની સ્થિતિ વધુ ખરાબ થાય છે. શું પાલિકા તંત્ર આ ઘટના માટે જવાબદાર કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે કોઈ કડક પગલાં ભરશે? તે હવે જોવું રહ્યું. શહેરીજનો દ્વારા માંગ કરવામાં આવી છે કે શહેરના તમામ મુખ્ય અને આંતરિક માર્ગોનું તાત્કાલિક ધોરણે ઓડિટ કરવામાં આવે જેથી ભવિષ્યમાં આવી કોઈ જીવલેણ દુર્ઘટના ન સર્જાય.

સુરત જેવા પ્રગતિશીલ શહેરમાં જ્યારે 'સ્માર્ટ સિટી'નું બિરુદ મળેલું હોય, ત્યારે આવી પાયાની સુવિધાઓ અને રસ્તાઓની આ દુર્દશા ચોક્કસપણે વહીવટી તંત્રની નિષ્ફળતા દર્શાવે છે. જવાબદારો સામે કાર્યવાહી ન થવી તે વધુ ગંભીર બાબત છે.

## કાળા કપડાં પહેરી અનોખું પ્રદર્શન, 16 મહિનાથી પગાર બંધ હોવાની રાવ

# જીએસએફસીના ગેટ પર કામદારોનો અનોખો વિરોધ

(એજન્સી) વડોદરા । તા. 22

વડોદરા સ્થિત જીએસએફસી (GSFC) કંપનીમાં વર્ષો સુધી સેવા આપનાર કામદારોએ પોતાની વ્યથા વ્યક્ત કરવા માટે વિરોધનો એક અનોખો માર્ગ અપનાવ્યો છે. કંપનીના મુખ્ય ગેટ પર કામદારોએ ફૂલોના હાર પહેરાવી પ્રતિકાત્મક 'તાળાબંધી' કરી છે. કામદારોનું કહેવું છે કે કંપનીના સત્તાધીશોને સદબુદ્ધિ મળે તે માટે આ પ્રકારનું અનોખું વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. છેલ્લા ઘણા સમયથી આર્થિક સંકટનો સામનો કરી રહેલા કામદારો હવે પોતાની માગણીઓ પ્રત્યે તંત્રનું ધ્યાન દોરવા મજબૂર બન્યા છે.

### આર્થિક સંકટ અને લાંબી લડાઇ

જીએસએફસીના ટિસ્યુ કલ્ચર અને સરદાર અમીન યુનિટમાં વર્ષ ૨૦૦૧થી કાર્યરત આશરે ૧૨૦ કામદારોને વર્ષ ૨૦૨૦માં છૂટા કરી દેવામાં આવ્યા હતા. જોકે, ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી તેમને વેતન મળતું રહ્યું હતું, પરંતુ ત્યારબાદ છેલ્લા ૧૬ મહિનાથી પગાર સંપૂર્ણપણે બંધ કરી દેવાતા આ કામદારો અને તેમના પરિવારો દયનીય સ્થિતિમાં મુકાયા છે. કામદારોના જણાવ્યા અનુસાર, તેઓએ ન્યાય માટે કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા, જેના પગલે કોર્ટે



૭૫ કર્મચારીઓને બરતરફ ન કરવા અને તેમને નિયમિત વેતન ચૂકવવા સ્પષ્ટ આદેશ આપ્યો હતો.

### કોર્ટના આદેશના અનાદરનો આક્ષેપ

કામદારોનો આક્ષેપ છે કે કોર્ટના આદેશ છતાં કંપની તંત્ર દ્વારા તેનું પાલન કરવામાં આવી રહ્યું નથી. અન્ય ૩૦ જેટલા કર્મચારીઓનો કેસ હાલ કોર્ટમાં પેન્ડિંગ છે, પરંતુ જેમને રાહત મળી છે, તેમને પણ હજુ સુધી ન્યાય મળ્યો નથી. આ બાબતે કામદારોમાં ભારે નારાજગી અને રોષ જોવા મળી રહ્યો છે. વિરોધ પ્રદર્શન દરમિયાન કામદારોએ કાળા કપડાં ધારણ કરીને કંપનીની કાર્યશૈલી સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

વિરોધ દરમિયાન કામદારોએ હાથમાં "નોકરી અને પગાર આપો" તેમજ "કોર્ટના આદેશનું પાલન કરો" લખેલા પ્લેકાર્ડ્સ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. તેઓએ સ્પષ્ટ માગણી કરી છે કે કોર્ટના હુકમનો અનાદર કરનાર જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. કામદારોનું કહેવું છે કે જ્યાં સુધી તેમની આર્થિક સ્થિતિ અને નોકરી અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે ત્યાં સુધી તેમનો આ સંઘર્ષ ચાલુ રહેશે.

કંપની તંત્ર તરફથી હજુ સુધી આ વિરોધ પ્રદર્શન અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. વડોદરાના ઔદ્યોગિક વર્તુળોમાં આ ઘટનાને લઈને ચર્ચાઓ જાગી છે કે વર્ષો સુધી કંપનીને સેવા આપનાર કામદારો સાથે ન્યાય થશે કે કેમ. આ પ્રદર્શન એ વાતનું પ્રતીક છે કે જ્યારે આર્થિક જીવન મરણનો પ્રશ્ન બને ત્યારે કામદારો પોતાના હક માટે કઈ હદ સુધી અનોખી રીતે અવાજ ઉઠાવી શકે છે.

**પાર્કિંગની માથાકૂટમાં હુમલો: અટલાદરામાં ચારને ઈજા**

## અટલાદરામાં ગેરેજના પાર્કિંગ મુદ્દે મોટો વિવાદ, ટોળાનો હુમલો

(એજન્સી) વડોદરા । તા. 22

શહેરના અટલાદરા વિસ્તારમાં આવેલા કોઠીવાળું ફળિયામાં રહેણાંક વિસ્તારની વચ્ચે ચાલતા એક ગેરેજને લઈને પાર્કિંગનો વિવાદ આજે હિંસક સ્વરૂપ ધારણ કરી ગયો છે. ગેરેજ સંચાલક અને તેના મળતિયાઓ દ્વારા સ્થાનિકો પર હુમલો કરી કાર અને મકાનમાં તોડફોડ કરવામાં આવતા અટલાદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

સ્થાનિક રહીશ રેખાબેનના જણાવ્યા મુજબ, રહેણાંક વિસ્તારમાં ગેરેજ હોવાથી અહીં મોટા વાહનોની સતત અવરજવર રહે છે. વાહનોના હોર્ન અને પાર્કિંગને કારણે સ્થાનિકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. આ બાબતે અગાઉ પણ ગેરેજ સંચાલક યોગેશ સાથે ઘણી વખત તકરાર થઈ હતી. ગઈકાલે બપોરે ગેરેજ સંચાલક યોગેશ, અજય, ફતેસિંહ, પપ્પુ, ગોપાલ અને લાલી સહિતના શખ્સોનું ટોળું અચાનક ઘસી આવ્યું હતું અને સ્થાનિકો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ત્રણ મહિલાઓ સહિત કુલ ચાર વ્યક્તિઓને ઈજાઓ પહોંચતા તેમને સારવાર



માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોના પરિવારના ચિરાગભાઈએ જણાવ્યું હતું કે, હુમલાખોરોએ માત્ર સ્થાનિકોને માર જ નથી માર્યો, પરંતુ એક ઈકો કારના કાચ તોડી નાખ્યા હતા અને મકાનની બારીઓની પણ તોડફોડ કરી મોટું આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. આ સમગ્ર ઘટના બાદ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રેખાબેને અટલાદરા પોલીસની કામગીરી સામે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે પોલીસ દ્વારા આ મામલે એકતરફી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**પ્લેટફોર્મ નં. 5-6 બંધ, 140 ટ્રેનો અન્ય સ્ટેશનો પરથી દોડશે**

## વડોદરા રેલવે સ્ટેશન પર રિ-મોડેલિંગને કારણે 140 ટ્રેનોના સ્ટોપેજ બદલાયા

(એજન્સી) વડોદરા । તા. 22

વડોદરા રેલવે સ્ટેશન પર ચાલી રહેલી યાર્ડ રિ-મોડેલિંગની મહત્વની કામગીરીને પગલે રેલવે તંત્ર દ્વારા ટ્રેન વ્યવહારમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. પ્લેટફોર્મ નંબર 5 અને 6 પર પોઈન્ટ અને ક્રોસઓવરની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી, તા. 23 જૂનથી આ પ્લેટફોર્મ પર ટ્રેનોનું સંચાલન બંધ રહેશે. આ કામગીરીના કારણે મુસાફરોએ ટ્રેનના સમય અને સ્ટોપેજ અંગે ખાસ ધ્યાન રાખવું જરૂરી બન્યું છે. રેલવેના સત્તાવાર આંકડા મુજબ, તા. 23 જૂનથી 1 જુલાઈ દરમિયાન વડોદરા આવતી 140 જેટલી ટ્રેનોના સ્ટોપેજ વડોદરા સ્ટેશનના બદલે નજીકના સ્ટેશનો પર ફાળવવામાં આવ્યા છે.

### એક્તાનગરની ટ્રેનોના રૂટ ડાયવર્ટ

યાર્ડ રિ-મોડેલિંગની અસર એકતાનગરથી અવર-જવર કરતી 6 સાપ્તાહિક ટ્રેનો પર પણ પડી છે. આ ટ્રેનો હવે વડોદરા સ્ટેશન આવવાના બદલે ડભોઈ-મિયાગામ કરજણ રૂટ પર દોડશે.



આ ફેરફારોમાં એકતાનગર-વારાણસી, એકતાનગર-પુરૈચી થલાઈવર ડો. એમ.જી. આર અને એકતાનગર-રીવા ટ્રેનોનો સમાવેશ થાય છે.

રેલવે તંત્ર દ્વારા મુસાફરોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ મુસાફરી કરતા પહેલા પોતાના ટ્રેનના લેટેસ્ટ સ્ટોપેજ અને સમયની માહિતી રેલવેની અધિકૃત વેબસાઈટ અથવા હેલ્પલાઈન નંબર પરથી મેળવી લે. યાર્ડ રિ-મોડેલિંગની આ કામગીરી પૂર્ણ થયા બાદ વડોદરા રેલવે સ્ટેશન પર ટ્રેન સંચાલનની સુવિધા વધુ સુદ્રઢ બનશે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.

**વૃષભ : બ. વ. ઉ.**

ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

**મિથુન : ક. છ. ઘ.**

આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો.

**કર્ક : ડ. હ.**

મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**સિંહ : મ. ટ.**

તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. મિત્રો અને સંબંધીઓ પર તમારા અભિપ્રાય થોપશો.

**તુલા : ર. ત.**

તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**વૃશ્ચિક : ન. ય.**

તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**મકર : ખ. જ.**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે.

## ઑર્થોપેડિક વોર્ડના હેડના નનૈયા બાદ આસિસ્ટન્ટ પ્રોફેસર ફરિયાદી બન્યા

# મેડિકલ કોલેજમાં રેગિંગની ઘટનામાં 1 સપ્તાહ બાદ 7 તબીબો સામે ગુનો નોંધાયો

(એજન્સી) ભાવનગર | તા.22

ભાવનગર માટે કલંકિત એવી મેડિકલ કોલેજમાં રેગિંગના બનાવની ઘટનામાં લાંબી મથામણના અંતે એક અઠવાડિયા બાદ ૧૩ જૂનિયર તબીબો સાથે રેગિંગ કરનારા ૭ સિનિયર તબીબો સામે નિલમબાગ પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. સર ટી.હોસ્પિટલના ઓર્થોપેડિક વોર્ડના વડાને ડીને ફરિયાદ નોંધવા આદેશ આપ્યો છતાં આદેશને ગણકારી ફરિયાદી બનવા નનૈયો ભણ્યા બાદ લાંબી મથામણના અંતે આસિસ્ટન્ટ પ્રોફેસરને ફરિયાદી બનાવવામાં આવ્યા છે.




ભાવનગરની મેડિકલ કોલેજમાં ૧૩ જૂનિયર તબીબ સાથે ૭ સિનિયર તબીબ દ્વારા કરવામાં આવેલા રેગિંગ મામલે ગત ગુરૂવાર અને શુક્રવારે મેડિકલ કોલેજ ખાતે મળેલી એન્ટિ-રેગિંગ કમિટિની કુલ બે બેઠકોમાં વિદ્યાર્થિઓ અને ફેકલ્ટી સહિત કુલ ૩૮ લોકો પાસેથી નિવેદન અને પુરાવા લેવામાં આવ્યા હતા. જેમાં રેગિંગ કરનારા ૭ સિનિયર તબીબોને ૬ માસથી બે વર્ષ સુધી સસ્પેન્ડ કરવાની તથા કોલેજની કાર્વયાહીથી અળગા રહેવા અને સર ટી.હોસ્પિટલમાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આ મામલે મેડિકલ કોલેજના ડીન દ્વારા સર ટી.હોસ્પિટલના ઓર્થોપેડિક વોર્ડના વડાને પોલીસ ફરિયાદ નોંધાવા આદેશ કરવામાં આવ્યો હતો. પરંતુ ડીનના આદેશને ગણકારીને ઓર્થોપેડિક વોર્ડના વડાએ ફરિયાદી બનવા નનૈયો ભણતા લાંબી મથામણ બાદ અંતે મેડિકલ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર ફરિયાદી બન્યા છે. એન્ટી-રેગિંગ કમિટિની બેઠકના ૨૪ કલાક કરતા વધારે સમય બાદ અને રેગિંગ અંગે મેડિકલ કોલેજને મળેલી ફરિયાદના એક સપ્તાહ બાદ મેડિકલ કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ડૉ.અજયભાઈ જસમતભાઈ સેંતાએ નિલમબાગ પોલીસ મથકમાં જૂનિયર સાથે તાલિબાની અત્યાચાર કરનારા વિર ઉર્ફે વિરેન્દ્રસિંહ જાડેજા, જયંત દેવાણી, પ્રવિણ વર્મા, ધર્મેન્દ્ર દયાળ, વિશાલ ડાભી, અમન વર્મા અને દિવ્ય મોદી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે બીએનએસની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૧), ૨૯૬ અને ૫૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.મેડિકલ કોલેજનો સિનિયર તબીબોને છાવરવાનો પ્રયાસ રેગિંગની ઘટનામાં સિનિયરો દ્વારા જૂનિયરોને સ્નાયુંનો દુઃખાવો આવી જાય ત્યાં સુધીની શારીરિક માનસિક હેરાનગતિ કરી દારૂ મંગાવી તથા રૂપિયા પડાવ્યા સહિતના આક્ષેપો કરવામાં આવ્યા હતા અને પોલીસ તે મુજબ ખંડણી સહિતની કલમો મુજબ ફરિયાદ નોંધવા તૈયાર પણ હતી.

## નેત્રમના સીસીટીવીની મદદથી ચોર પકડાયા

# એલઆઈસીની અગાસીમાંથી કોપર પાઈપની ચોરી કરનાર 2 શખ્સ ઝબ્બે

(એજન્સી) ભાવનગર | તા.22

ભાવનગર શહેરના ગંગાજળિયા તળાવ વિસ્તારમાં આવેલ એલ.આઈ.સી કચેરીની અગાશીમાં રાખેલ એસીના આઉટડોરમાંથી આશરે ૧૧૦ ફૂટ કોપર પાઈપ કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી નાસી છૂટયો હતો. આ બનાવ સંદર્ભે પોલીસે બે શખ્સને ઝડપી લીધા હતા. ભાવનગર શહેરના ગંગાજળીયા તળાવ વિસ્તારમાં આવેલ



એલઆઈસી ઓફિસમાં એકાદ માસ પૂર્વે અગાશીમાં એસીના આઉટડોર સાથે લાગેલી કોપર પાઈપની ચોરી થવા પામી હતી ત્યારબાદ ફરી એક વખત એલઆઈસી ઓફિસમાં ચોરી થઈ હતી. જેમાં ગત રોજ શનિ-રવિમાં ઓફિસ બંધ હતી તે અરસા દરમિયાન કોઈ અજાણ્યા શખસોએ ઓફિસના એસીના આઉટડોર અગાશીમાં હોય જે ખુલ્લી અગાશીમાં પ્રવેશ કરી આઉટડોર માંથી કોપર પાઈપ ૧૧૦ ફુટ રૂ.૩૮,૫૦૦નો કાપી ચોરી કરી લઈ ગયા હતા. આ બનાવ સંદર્ભે ગંગાજળિયા પોલીસે વિશાલ ઉર્ફે અજય મહેશભાઈ મકવાણા (રહે. ગધેડીયા ફિલ્ડ, ફુટપાથ ઉપર ભાવનગર), રવિ કિશોરભાઈ સોલંકી (રહે.ચાવડીગેટ, પાવર હાઉસની બાજુમાં, ઝુપડપટ્ટી) ને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર જિલ્લામાં આવતીકાલથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ

વિશાલ જે હરવરા જામનગર

જામનગર જિલ્લામાં આવતીકાલથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થશે. રાજ્ય સરકારના શિક્ષણલક્ષી અભિયાન અંતર્ગત યોજાતા આ મહોત્સવનો મુખ્ય હેતુ દરેક બાળકને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો તેમજ બાળકીઓના શિક્ષણને વધુ પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત બાળવાટિકા તથા પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓને શાળામાં દાખલ કરવા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે. આવતીકાલ તા.૨૩ જુનથી તા.૨૫ જુન દરમિયાન ત્રણ દિવસ સુધી રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયાની અધ્યક્ષતામાં જામનગર જિલ્લાની વિવિધ શાળાઓમાં સવારે ૮:૦૦ વાગ્યાથી શાળા પ્રવેશોત્સવ અંતર્ગત કાર્યક્રમોની ઉજવણી થશે. તા.૨૩જુનના રોજ સવારે ૮:૦૦ કલાકે જામનગર તાલુકાના હડમતીયા ક્લસ્ટરના પસાયા તાલુકા શાળા, બેરાજા પ્રાથમિક શાળા, સપડા પ્રાથમિક શાળા તથા સપડા હાઈસ્કૂલ ખાતે કાર્યક્રમો યોજાશે. આ દરમિયાન નવા પ્રવેશપાત્ર બાળકોનું શાળામાં સ્વાગત કરવામાં આવશે.તા.૨૪ જુનના રોજ નારણપર ક્લસ્ટર હેઠળ નારણપર તાલુકા શાળા, ગણેશનગર પ્રા.શાળા, આણદાબાવા વેદાંત સંસ્કૃત પાઠશાળા, દડિયા પ્રાથમિક શાળા, એચ.એમ.નંદા માધ્યમિક શાળા, નાધુના પ્રાથમિક શાળા, નવા નાધુના પ્રાથમિક શાળા, નવસર્જન ઉતરબુનિયાદી વિધાલય નાધુના ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્વ અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવશે. આ ઉપરાંત તા.૨૫ જુનના રોજ લાખાબાવળ ક્લસ્ટરમાં લાખાબાવળ ક્લસ્ટર હેઠળ કુમાર શાળા, લાખાબાવળ કન્યા શાળા, લાખાબાવળ વાડી શાળા, ચાંપાબેરાજા પ્રાથમિક શાળા, સરમત પ્રાથમિક શાળા, સરમત વાડી શાળા, રાવલસર વાડી તાલુકા શાળા, રાવલસર પ્રાથમિક શાળા, નવસર્જન ઉત્તરબુનિયાદી વિધાલય ખાતે આરોગ્યમંત્રીની અધ્યક્ષતામાં કાર્યક્રમો યોજવામાં આવશે.

# જામનગરના જામજોધપુર પંથકમાં દારૂના નશામાં ધૂત બનીને ઘેર આવેલા પિતાને પુત્રએ જ પોલીસને સોંપ્યો

(એજન્સી) જામજોધપુર | તા.22

જામજોધપુર તાલુકાના વેણુના પુલ ગામે એક અનોખી ઘટના સામે આવી છે, જેમાં દારૂના નશામાં ધૂત થઈ ઘરે આવી હોબાળો મચાવનાર પિતાને તેના જ પુત્રે પોલીસને જાણ કરી પકડાવી દીધો હતો. બાદમાં પોલીસે દારૂબંધી કાયદા હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી હતી.પ્રાપ્ત વિગતો મુજબ વેણુના પુલ ગામે રહેતા સંજયભાઈ સુભાષભાઈ પરમારે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમના પિતા સુભાષભાઈ મનુભાઈ પરમાર દારૂ પીધેલી હાલતમાં ઘરે આવી તેમની સાથે ઝઘડો કરવા લાગ્યા હતા તેમજ બકવાસ કરી કાગારોળ મચાવતા હતા. જેના કારણે સંજયભાઈએ 112 ઈમરજન્સી સેવા પર ફોન કરી પોલીસને જાણ કરી હતી. જાણ થતાં 112ની પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી અને પિતા-પુત્ર બંનેને પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. પોલીસ દ્વારા બે પંચોની હાજરીમાં સુભાષભાઈ પરમારની તપાસ કરવામાં આવતા તેમની જીભ થોથરાતી હોવાનું, આંખો નશાથી લાલ દેખાતી હોવાનું તેમજ શરીરનું સમતોલન જાળવી શકતા ન હોવાથી લથડિયા ખાતા હોવાનું નોંધાયું હતું.પોલીસે જાહેરમાં કેફી પીણું પીધેલી હાલતમાં નીકળવા અંગે પાસ-પરમિટ અથવા કોઈ કાયદેસર આધાર રજૂ કરવા જણાવતાં તેઓ કોઈ પરમિટ રજૂ કરી શક્યા નહોતા. જેથી પોલીસે સુભાષભાઈ મનુભાઈ પરમાર સામે ગુજરાત પ્રોહિબિશન અધિનિયમની કલમ 66(1)(બી) અને 82(1) હેઠળ ગુનો નોંધી તેમની અટકાયત કરી હતી.

# જાફરાબાદ એસટી બસ સ્ટેશન સફાઈ કર્મચારી દ્વારા શૌચાલય માં તાળા મારી દેવામાં આવ્યા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ એસટી બસ સ્ટેશન માં રાત્રીના સમયે શૌચાલય માં સફાઈ કર્મચારી દ્વારા તાળા મારી દેવામાં આવતા મુસાફર જનતા હેરાનપરેશાન થઈ રહી છે. ખાસકરીને મહિલાઓ દિવ્યાંગ લોકો તથા બિમાર દર્દીઓ યુરીનલ માટે આમતેમ ભટકી રહ્યા છે. અગાઉ એસટી બસ સ્ટેશન માં રાત્રીના સમયે કર્મચારી દ્વારા લાઈટો બંધ રાખી દેવામાં આવતા એસટી બસ સ્ટેશન માં અંધારપટ છવાયો હતો આ સાફાઈ કર્મચારી પોતાની મનસ્વી રીતે મનફાવે ત્યારે લાઈટ બંધ કરી દેવી તેમજ રાત્રીના સમયે શૌચાલય માં તાળા પર મારી દેવામાં આવે છે. રાત્રીના સમયે ત્રણ બસ આ એસટી બસ સ્ટેશન આવતી હોય તે બસના મુસાફરો યુરીનલ માટે જતા હોય પરંતુ શૌચાલય માં તાળા હોવાથી યુરિનલ માટે આમતેમ ભટકી રહ્યા છે. પુરુષો ગમેત્યા યુરિનલ જતા હોય છે.



પરંતુ મહિલાઓ ક્યાં જાય આ શૌચાલય માં અલીગઢી તાળા મારી દેવામાં આવતા મુસાફર જનતા માં એસટી તંત્ર સામે ઉગ્ર આક્રોશ જોવા મળ્યો છે. મળતી માહિતી મુજબ એવું જાણવા મળ્યું છે કે આ સફાઈ કર્મચારી રાત્રીના સમયે શૌચાલય તાળા મારી દેવાનો અર્થ એ છે કે સવારે આ શૌચાલય ની સાફસફાઈ કરવી ન પડે તે માટે તાળા મારી દેવામાં આવી રહ્યા છે. એસટી બસ સ્ટેશન ના મુસાફરો માંથી અમોને જાણ મળ્યું છે કે અગાઉ ના સફાઈ કામદાર હતા તેઓ નિયમિત રીતે પોતાની ફરજ બજાવતા હતા અને રાત્રીના સમયે કોઈ મુસાફર આવે તેઓને યોગ્ય માર્ગદર્શન આપતા હતા તેમજ પોતાનો સમય પુરો થઈ જવા છતા પણ પોતાની ફરજ નિષ્ઠા પૂર્વક નિભાવતા હતા નવા સફાઈ કર્મચારી પોતાનો સમય પુરો થઈ જાય એટલે ઘરભેગા થઈ જાય છે. અને જતા જતા શૌચાલય માં તાળા પણ મારતા જતા હોય યુરિનલ માટે મુસાફર જનતા આમતેમ ભટકી રહી છે. એસટી તંત્ર દ્વારા આ સફાઈ કર્મચારી ઉપર પગલા લેશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે..?? આ નવા નિમેલા સફાઈ કર્મચારી અગાઉ બસ સ્ટેશન માં રાત્રીના સુમારે લાઈટો બંધ કરી દેવામાં આવી હતી એસટી બસ સ્ટેશન માં નિયમિત સફાઈ પણ કરવામાં આવતી નથી શું આ બાબતે એસટી તંત્ર ધ્યાન ઉપર લેશે કે આંખ આડા કાન કરવામાં આવશે..?? શું આ સફાઈ કર્મચારી દ્વારા રાત્રીના સમયે શૌચાલય માં તાળા મારી દેવામાં આવતા હોય તો અને પોતાને સફાઈ કરવી ન પડે તે માટે તાળા મારી દેવામાં આવતા હોય તો શું આ બાબતે એસટી તંત્ર કડક પગલાં ભરવામાં આવશે કે નહીં તેવું મુસાફર જનતા માંથી બુલંદ અવાજ ઉઠી રહ્યો છે.

# જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની મોટી કાર્યવાહી: ₹16.17 લાખના દારૂ અને ક્રેટા કાર સાથે એકની ધરપકડ

જૂનાગઢ | જૂનાગઢ જિલ્લાના લીસ્ટેડ બુટલેગર દ્વારા રાજસ્થાન રાજયમાંથી મંગાવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડના પ્લાસ્ટીકના ચપટા નંગ-૨૬૮૮ કિ. રૂ.૬,૦૪,૮૦૦/- તથા ક્રેટા કાર તથા અન્ય મુદામાલ મળી કુલ કિ. રૂા.૧૬,૧૭,૮૦૦/- ના મુદામાલ સાથે રાજસ્થાન રાજયના ઈસમને પકડી પાડી ઈંગ્લીશ દારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતીક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢ .જૂનાગઢ જિલ્લામાં ગેરકાયદેસર રીતે ચાલતી દેશી/ વિદેશી દારૂ તથા જુગારની બદીને નેસ્તનાબુદ કરવા અને ગે.કા. પ્રવૃતિને સંપુર્ણપણે ડામી દેવા ઉપરી અધિકારીશ્રીઓ તરફથી કડક સુચના થયેલ હોય. જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના વિક્રમભાઈ પરમાર તથા દિપકભાઈ ચૌહાણને સંયુક્ત માં ખાનગી બાતમીદારો મારફતે ચોક્કસ બાતમી હકિકત મળેલ કે, એક સફેદ કલરની ક્રેટા કાર રજી નં. જીજે-૨૭-ઈડી-૮૬૦૧નો ચાલક બહારના રાજયમાંથી ગે.કા. ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરીને જયેશ કનુભાઇ મુળીયાસીયા રહે. ધંધુસર તથા સમીર રમેશભાઈ સાહીયા રહે. મેંદરડા વાળાને જૂનાગઢ, ગાંધીગ્રામ, સુરજ સિનેપ્લેક્સની પાછળના ભાગે થઈ આપવા જવાનો છે. તેવી ચોકકસ હકીકત મળતા ઉપરોક્ત હકિકત વર્ણનવાળી જગ્યાએ વોચમાં રહેતા હકિકત વર્ણનવાળી કાર આવતા રોકાવી ચેક કરતા પુંઠાની પેટીઓ સાથે મળી આવતા. જે પુંઠાની પેટી ખોલી જોતા ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડના પ્લાસ્ટીકના ચપટા (નાની બોટલ) મળી આવતા તમામ મુદામાલ કબ્જે કરી મજકુર ઈસમની ધોરણસર અટક કરી પ્રોહીબીશન ધારા હેઠળ સી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૩૦૦૪૨૬૦૩૧૭ /૨૦૨૬ પ્રોહી ક.૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિતાની ક.૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦ મુજબ ગુન્હો રજી. કરવામાં આવેલ. પકડવાના બાકી આરોપીઓના નામ, સરનામા- (૧) સંજયકુમાર સઓ અર્જુનરામ હેમારામ બિશ્નોય, ઉ.વ.૨૧ રહે. ઠાકોકી રાણી, ગુડામાલાની જી.બાડમેર રાજસ્થાન હાજર નહી મળી આવેલ (૨) ચુનીરામ ઉર્ફે વીરદારામ રહે. બાયતુ, બાડમેર, રાજસ્થાન (૩) છોટા પીરારામ રહે. સાંચોર, રાજસ્થાન (૪) પ્રકાશ નામનો માણસ (૫) જયેશ કનુભાઈ મુળીયાસીયા રહે. ધંધુસર તા.વંથલી જી. જૂનાગઢ (૬) સમીર રમેશભાઈ સાહીયા રહે. મ ેંદ ર ડ ા

કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલઃ-
(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની પ્લા.ના ચપટા નંગ-૨૬૮૮ કિ. રૂ.૬,૦૪,૮૦૦/-
(૨) મોબાઈલ ફોન-૧ કિ.રૂા.૧૦,૦૦૦/-
(૩) રોકડા રૂા.૩,૦૦૦/-
(૪) ક્રેટા કાર કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/-
કુલ કિ.રૂ.૧૬,૧૭,૮૦૦/-

સારી કામગીરી કરનારા પોલીસ અધિકારી/કર્મચારીઃ- આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ. કૃણાલ એમ. પટેલ તથા પો. સબ ઈન્સ. શ્રી ડી.પી.ભાટી તથા એ.એસ.આઈ. સામતભાઈ બારીયા તથા પો.કોન્સ. વિક્રમભાઈ પરમાર, દિપકભાઈ ચૌહાણ, અજયસિંહ ચુડાસમા, રાજુભાઈ કટારા વિગેરે પોલીસ સ્ટાફએ સાથે રહી આ કામગીરી કરેલ છે.

# જૂનાગઢમાં પીએમ સ્વાનિધિ યોજનાની અભૂતપૂર્વ સફળતા સાથે ૧૬,૩૨૪ લાભાર્થીઓને રૂ. ૨૯.૫ કરોડનું ચૂકવણું તેમજ ૬,૩૦૪ ફેરીયાઓ થયા ડિઝિટલી એક્ટિવ

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢના વિસ્તારમાં વસતા અને ફેરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા તમામ શેરી ફેરીયાઓ (સ્ટ્રીટ વેન્ડર્સ) માટે ભારત સરકાર ની 'પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ' (PM SVANidhi) યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. તાજેતર માં આ યોજના અંતર્ગત લોનની રકમમાં મહત્વપૂર્ણ વધારો કરીને પીએમ સ્વાનિધિ યોજના ૨.૦ અમલમાં મૂકવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય નાના વેપારીઓને આર્થિક રીતે વધુ સક્ષમ બનાવવાનો છે, જૂનાગઢ શહેરમાં આજ દિન સુધીમાં કુલ ૧૬,૩૨૪ લાભાર્થીઓને સરકારશ્રી દ્વારા ૨૯.૫ કરોડનું ચૂકવણું કરવામાં આવેલ છે. વધુમાં, ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન આપતી આ યોજનામાં ૬,૩૦૪ શેરી ફેરીયાઓ ડિઝિટલી એક્ટિવ (Digitally Active) સ્ટ્રીટ વેન્ડર તરીકે સક્રિય થઈ ચૂક્યા છે, જેઓ પોતાના રોજિંદા વેપારમાં ડિજિટલ પેમેન્ટનો સફળતાપૂર્વક ઉપયોગ કરી રહ્યા છે. અગાઉ આ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં રૂ. ૧૦,૦૦૦/-, દ્વિતીય તબક્કામાં રૂ. ૨૦,૦૦૦/- અને તૃતીય તબક્કામાં રૂ. ૫૦,૦૦૦/- ની લોન સહાય આપવામાં આવતી હતી. જેમાં સુધારો કરીને હવે નવું માળખું જાહેર કરવામાં આવ્યું છે. સુધારેલા માળખા મુજબ હવે ફેરીયાઓને પ્રથમ લોન તરીકે રૂ. ૧૫,૦૦૦/- (અગાઉ રૂ. ૧૦,૦૦૦/-), દ્વિતીય લોન તરીકે રૂ. ૨૫,૦૦૦/- (અગાઉ રૂ. ૨૦,૦૦૦/-) અને તૃતીય લોન તરીકે રૂ. ૫૦,૦૦૦/- ની બેંક લોન સહાય સીધી મળવાપાત્ર થશે. યોજનાની મુખ્ય વિશેષતાઓ અને લાભોઃકોલેટરલ-ફ્રી લોનઃ(૧). કોઈ પણ ગેરંટી કે જમીનગીરી વિના વ્યવસાય શરૂ કરવા માટે વર્કિંગ કેપિટલ લોન. (૨) ૭% વ્યાજ સબસીડીઃ લોનની નિયમિત રીપેમેન્ટ (ભરપાઈ) કરવા પર ૭% વાર્ષિક વ્યાજ સબસીડી, જે દર ત્રણ મહિને લાભાર્થીના ખાતામાં સીધી જમા (DBT) થાય છે.(૩)ડિજિટલ કેશબેક પ્રોત્સાહનઃ UPI થી ટ્રાન્ઝેક્શન કરવા પર વાર્ષિક મહત્તમ રૂ. ૧,૬૦૦/- સુધીનું કેશબેક પ્રોત્સાહન.(૪)RuPay ક્રેડિટ કાર્ડની સુવિધાઃ બીજા તબક્કાની લોન સફળતાપૂર્વક ચૂકવનાર ફેરીયાઓને રૂ. ૩૦,૦૦૦/- ની મર્યાદા સાથેનું ખાસ ક્રેડિટ કાર્ડ, જેમાં ૨૦ થી ૫૦ દિવસ સુધીનો વ્યાજમુક્ત સમયગાળો અને રિવોલ્વિંગ ક્રેડિટ મળશે.(૫) સ્વનિધિ સે સમૃદ્ધિઃ યોજના અંતર્ગત લાભાર્થી અને તેમના પરિવારના સભ્યોને કેન્દ્ર સરકારની અન્ય ૮ કલ્યાણકારી યોજનાઓ સાથે સીધા સાંકળવામાં આવશે.સંપર્ક સ્થળઃ રૂમ નં. ૨૧૮, બીજો માળ, યુસીડી (UCD) શાખા, મહાનગર પાલિકા કચેરી, જૂનાગઢ. ઓનલાઈન અરજી કરવા માટેનું પોર્ટલઃ https://pmsvanidhi.mohua.gov.in જૂનાગઢ શહેરના તમામ લાયકાત ધરાવતા શેરી ફેરીયાઓને (જેમ કે શાકભાજી, ફળ, ખાણીપીણી, ચાની લારીવાળા, પાથરણાવાળા, વગેરે) આ યોજનાનો મહત્તમ અને વહેલી તકે લાભ લેવા જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા હાર્દિક અપીલ કરવામાં આવે છે.

## જાફરાબાદ ખાતે

# શ્રી મહાકાળી માતાજીની મૂર્તિ પ્રતિષ્ઠા અને શોભાયાત્રામાં માઈભક્તો ભક્તિના રંગે રંગાયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ના સામાકાંઠા બાલકૃષ્ણ સોસાયટી આવેલ નવનિર્મિત મહાકાળી માતાજીના મંદિરમાં શ્રી મહાકાળી માતાજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવણી ની શરૂઆત આજરોજ તા/૨૨/૦૬/૨૦૨૬ ના રોજ મહાકાળી માતાજી મૂર્તિ શાસ્ત્રોક્ત વિધિ પૂજા અર્ચના સાથે કામનાથ મહાદેવ મંદિરથી ભવ્ય શોભાયાત્રા નવા બ્રિજ થી



મુખ્ય માર્ગો પર માતાજીની ભવ્ય શોભાયાત્રા યાત્રા નીકળી હતી આ શોભાયાત્રા માં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું ડીજે ના તાલે અબીલ ગુલાલની છોળો સાથે હાથમાં માતાજીની ધજા પતાકા અને રાસગરબાની રમઝટ સાથે માઈભક્તો માતાજીના જયકારા સાથે ભક્તિના રંગે રંગાયા હતા આ શોભાયાત્રામાં હજારોની સંખ્યામાં ભક્તજનો આસ્થા સાથે ઉમટ્યા હતા મહાકાળી માતાજીની શોભાયાત્રા માં રાજુલા, જાફરાબાદ, ખાંભા ના પૂર્વ ધારાસભ્ય અને મીરીટાઈમ બોર્ડ કર્મચારી મહામંડળ ના અધ્યક્ષ શ્રી અંબરીશભાઈ ડેર ઉપસ્થિત રહ્યા હતા તેઓની સાથે કોળી સમાજના અગ્રણી પ્રવિણભાઈ બારૈયા સાથે કાર્યકર્તાઓ પણ જોડાયા હતા નવનિર્મિત મહાકાળી માતાજીના મંદિરનો ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં પ્રથમ દિવસે મુખ્ય આચાર્ય પ.પૂ શ્રી પ્રકાશદાદા, તેમજ પ.પૂ. શ્રી વિષ્ણુ દાદા ના વૈદિક મંત્રોચ્ચાર થી બાલકૃષ્ણ સોસાયટી માં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતુ આ ત્રિદિવસીય તા/૨૨/૦૬/૨૦૨૬ થી તા/૨૪/૦૬/૨૦૨૬ થી ભવ્ય આયોજન આ દિવ્ય પ્રસંગોનો અલભ્ય લાભ લેવા માઈભક્તો જનોને મહાકાળી માતાજીના મંદિરના સભ્યો દ્વારા આહ્વાન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રામાં જુદા જુદા મહિલા મંડળો રાધે ગોવિંદ મહિલા મંડળ, તેમજ રામાપીર મહિલા મંડળ તેમજ વિવિધ મહિલા મંડળો ઉપસ્થિત રહ્યા હતા અને મોટી સંખ્યામાં માનવમહેરામણ ઉમટ્યો હતો આ ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવણી ની શરૂઆત સાથે હજારો ની સંખ્યા ભક્તજનો દ્વારા મહા પ્રસાદ લીધો હતો.

## 85 ટન સાદી માટી રૂ.૪.૨૫નું ખનન કરી વહન કર્યું હતુ, ડમ્પર ખાલી કરી નાસી છૂટયા


# ખનિજનું વહન કરતા 3 ડમ્પર ચાલક અને મલિક વિરૃધ્ધ ફરિયાદ

(એજન્સી) ભાવનગર | તા.22

રાણપુરના બુબાવાવ ગામમાંથી ખનિજ માફિયા માટીનું ખનન કરી ગામ બસ સ્ટેન્ડ પાસે તેમજ રસ્તા પર ડમ્પરમાં ભરેલ માટી ખનીજ ખાલી કરી નાસી છૂટયા હતા. બોટાદ ભુસ્તર વિભાગમાં માઈન્સના અધિકારીઓની ટીમે રોયલ્ટી ભર્યા વગરની સાદી માટીનું વહન કરનાર ત્રણ ડમ્પર ચાલક અને માલિક વિરૃધ્ધ ફરિયાદ નોંધાવી છે.

બોટાદના ગઢડા રોડ પર આવેલ લક્ષ્મીનારાયણ સોસાયટી ખાતે રહેતા અને બોટાદ ભુસ્તર વિભાગમાં માઈન્સ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ચિમનભાઈ અતુલભાઈ લંગાલિયા સહિતનો સ્ટાફને બાતમી મળેલ કે, બુબાવાવ ગામમાં બસ સ્ટેન્ડ પાસે ૦૩ ડમ્પર માટી ખનીજ ભરેલ છે. જેમાં કોઈપણ પ્રકારનો રોયલ્ટી પાસ કે આધાર પુરાવા નથી. જેથી ટીમ બુબાવાવ ગામમાં પહોચે તે પહેલા જ ત્રણેય ડમ્પરના ડ્રાઈવર દ્વારા બુબાવાવ ગામ બસ સ્ટેન્ડ પાસે તેમજ રસ્તા પર ડમ્પરમાં ભરેલ માટી ખનીજ બળજબરીપુર્વક ખાલી કરી અને સ્થળ પરથી ભાગી ગયા હતા. તેમજ રસ્તા પર પીપળાના ઝાડને નુકસાન પણ પહોંચાડયું હતી. આમ, ડમ્પરના ડ્રાઈવરો દ્વારા પાસ પરમીટ વગર ખનીજ વહન કરી તેમજ સરકરી સંપત્તીને નુકસાન પહોંચાડયું હતું. તેમજ ત્રણ ડમ્પર ચાલક અને માલિકે ૮૫ ટન સાદી માટી રૂ.૪,૨૫,૦૦૦નું ખનન કરી વાહન કર્યું હતુ. આ બનાવ સંદર્ભે માઈન્સ સુપરવાઈઝર ચિમનભાઈ અતુલભાઈ લંગાળિયાએ ત્રણ ડમ્પર ચાલક અને મલિક વિરૃધ્ધ ગુજરાત મીનરલ્સ (પ્રી વેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ-૨૦૧૭ની કલમ ૩,૧૨ તેમજ એમ. એમ.ડી. આ ૨ એક્ટ ૧૯૫૭ની કલમ ૪(૧), ૪(૧)(એ) તથા ૨૧ મુજબ તેમજ બી.એન.એસ કલમ-૩૦૩(૨), ૫૪ની વિવિધ જોગવાઈઓ મુજબ રાણપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### બુબાવાવ ગામના સરપંચે ખાનન કરતા ડમ્પરનો વીડિયો બનાવ્યો હતો



બુબાવાવ ગામના સરપંચ દ્વારા અધિકારીઓને ફોનમા ઉતારેલ વીડિયો બતાવવામાં આવ્યો હતો જે વીડિયોમા નંબર વગરનું આદિત્ય એન્ટરપ્રાઈઝ લખેલ ટાટા કંપનીનું ડમ્પર ૩૫૩૦ ટી. (સફેદ કલર) તથા નંબર વગરનું પીળા કલરનું આદિત્ય એન્ટરપ્રાઈઝ લખેલ અશોક લેલન કંપનીનું ડમ્પર તથા નંબર વગરનું પીળા કલરનું આદિત્ય એન્ટરપ્રાઈઝ લખેલ એક અન્ય ડમ્પર જણાતું હતું.

# મહિલાના નામે ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી બદનામ કરનાર શખ્સ આણંદથી ઝડપાયો

સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશનની ટીમે એક પ્રશંસનીય કામગીરી કરીને સોશિયલ મીડિયા પર મહિલાને બદનામ કરવાના ગુનાનો પર્દાફાશ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, એક અજાણ્યા શખ્સે ફરિયાદી મહિલાના ફોટાનો ઉપયોગ કરી તેનું ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવ્યું હતુ.આ ફેક પ્રોફાઈલ પર મહિલાના ફોટા સાથે અશ્લીલ અને ગંદી ગાળો લખેલી સ્ટોરીઓ પોસ્ટ કરીને તેને સમાજમાં બદનામ




કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો.આ અંગે ભોગ બનનાર મહિલાએ આહવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમના ગુનાઓને શોધી કાઢવા માટે વિશેષ સૂચના આપવામાં આવી હતી. જેના આધારે આહવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે. બારીયા અને તેમની ટીમે ટેકનિકલ સોર્સ તેમજ ટેકનિકલ એનાલિસિસની મદદથી તપાસ શરૂ કરી હતી.આઈટી એક્સપર્ટ મિતેશભાઈ ગવળી અને સ્ટાફના માણસોની ઊંડાણપૂર્વકની વર્કઆઉટને કારણે આ ફેક આઈડી ઓપરેટ કરનાર આરોપીનું લોકેશન આણંદ જિલ્લામાં ટ્રેસ થયું હતુ.પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના અગાસ ગામેથી ૨૭ વર્ષીય આરોપી યોગેશકુમાર પુનમભાઈ જાદવને દબોચી લીધો હતો અને તેની પાસેથી ગુનામાં વપરાયેલો ૩૦૦૦ની કિંમતનો ઓપો કંપનીનો મોબાઈલ ફોન પણ કબ્જે કર્યો છે.પોલીસે પકડાયેલા આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૫૨ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ-૨૦૦૦ ની કલમ ૬૬(સી) અને ૬૭ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે..

### 'સુપર-રિચ પરિવારોમાં મુંબઈ અને દિલ્હી-NCR ટોપ પર

# ભારતમાં બિલિયોનેરમાં સતત વધારો, 2030 સુધી અતિ ધનિકોની સંખ્યા 26,000 સુધી પહોંચશે!

(એજન્સી) નવી દિલ્હી | તા.22

ભારત અત્યારે આર્થિક વિકાસના એક સુવર્ણ યુગમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં અબજોપતિઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોવા મળી રહ્યો છે. 'ધ ઈકોનોમિક ટાઈમ્સ' અને '1લેટીસ' (1Lattice, વ્યવસાયિક સંશોધન અને સલાહકાર સંસ્થા) ના 'ધ ઈન્ડિયન ફેમિલી ઓફિસ રિપોર્ટ 2026' અનુસાર, ભારતમાં $30 મિલિયન (આશરે રૂ. 280 કરોડ) થી વધુ સંપત્તિ ધરાવતા પરિવારોની સંખ્યામાં મોટો ઉછાળો આવવાનો છે. વર્ષ 2025 માં આવા પરિવારોની સંખ્યા 16,000 હતી, જે વર્ષ 2030 સુધીમાં વધીને લગભગ 26,000 થવાની ધારણા છે. અલ્ટ્રા-હાઈ-નેટ-વર્થ લોકોની યાદીમાં નવા સભ્યો ઉમેરવાની બાબતમાં ભારત અત્યારે વૈશ્વિક સ્તરે માત્ર અમેરિકા અને ચીનથી જ પાછળ એટલે કે




વિશ્વમાં ત્રીજા ક્રમે છે.આ આર્થિક પરિવર્તનની સાથે ભારતમાં આગામી દાયકામાં એક પેઢીથી બીજી પેઢીમાં સંપત્તિની ફેરબદલી (વેલ્થ ટ્રાન્સફર) નો મોટો પ્રવાહ જોવા મળશે, જે લગભગ $1.3 થી $1.5 ટ્રિલિયન સુધી વધી શકે છે. આ વિશાળ સંપત્તિના આયોજનબદ્ધ સંચાલન માટે ભારતમાં 'ફેમિલી ઓફિસ' નું કલ્ચર ખૂબ ઝડપથી વિકસી રહ્યું છે. હાલમાં ભારતનું ફેમિલી ઓફિસ ઈકોસિસ્ટમ 300 થી વધુ સંસ્થાઓ સુધી વિસ્તર્યું છે, જે $30 બિલિયન (આશરે રૂ. 2.5 લાખ કરોડ) થી વધુની સંપત્તિનું મેનેજમેન્ટ કરે છે.આ ઓફિસો અમીર પરિવારો માટે રિસ્ક મેનેજમેન્ટ, ટેક્સ પ્લાનિંગ, ગવર્નન્સ અને વૈશ્વિક સ્તરે ક્રોસ-બોર્ડર રોકાણોને સરળ બનાવવાનું કામ કરે છે. 'સુપર-રિચ પરિવારો અને ફેમિલી ઓફિસો'ની યાદીમાં મુંબઈ અને દિલ્હી-NCR ટોપ પર છે. જો કે, બેંગલુરુ, હૈદરાબાદ, પુણે અને અમદાવાદ જેવા ટિયર-2 શહેરોમાં પણ હવે ફેમિલી ઓફિસો ઝડપથી વધી રહી છે.સમયની સાથે આ પરિવારોના રોકાણના અભિગમમાં પણ મોટો બદલાવ આવ્યો છે. અગાઉની પેઢીઓ જ્યાં પરંપરાગત રીતે સક્રિય રહીને પોતાના મુખ્ય વ્યવસાયો ચલાવતી હતી, તેનાથી વિપરીત આજની નવી પેઢી સંપત્તિના સક્રિય સંચાલન અને રોકાણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. કેટલાક મોટા પરિવારોએ તો પોતાના ઓપરેટિંગ બિઝનેસનું મુદ્રીકરણ (મોનેટાઈઝેશન) કરીને તેનું સંચાલન પ્રોફેશનલ્સને સોંપી દીધું છે અને તેઓ પોતે મૂડીનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવા પર વધુ ધ્યાન આપી રહ્યા છે.સૌથી રસપ્રદ વાત એ છે કે, હવે 50% થી વધુ ભારતીય ફેમિલી ઓફિસો પોતાના રોકાણના નિર્ણયોમાં મિલેનિયલ્સ અથવા જેન ઝી (Gen Z) ના સભ્યોને સામેલ કરી રહી છે. આ આગામી પેઢીના લગભગ 30% ભારતીય રોકાણકારો પરંપરાગત વ્યવસાયોના બદલે સ્ટાર્ટઅપ્સમાં, ખાસ કરીને હેલ્થ ટેક, ફિનટેક અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા આધુનિક અને ફ્યુચરિસ્ટિક ક્ષેત્રોમાં રોકાણ કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

## ટર્ટલમિંટ આઈપીઓઃ લિસ્ટિંગના લાભો માટે સબસ્ક્રાઈબ કરો – દેવેન ચોક્સી

મુંબઈ: દેવેન ચોક્સીના રિસર્ચ રિપોર્ટમાં કહ્યું છે કે ટર્ટલમિંટ ફિનટેક સોલ્યુશન્સ લિમિટેડ (ટર્ટલમિંટ)ના આઈપીઓને સબસ્ક્રાઈબ કરો. એસએમઆઈએફએસ, વેન્ચુરા સિક્યોરિટીઝ અને સુશીળ ફાઈનાન્સ જેવાં બીજા મોટા બ્રોકરેજે પણ ટર્ટલમિંટના આઈપીઓને સબસ્ક્રાઈબ કરવાની સલાહ આપી છે. દેવેન ચોક્સીના રિપોર્ટમાં કહ્યું છે કે ટર્ટલમિંટ પ્રાઈમિંગ ભારત છેઃ ભારતના ઈન્શ્યોરન્સ માર્કેટ માટે જરૂરી લાસ્ટ-માઈલ ડિસ્ટ્રિબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની રચના કરી રહ્યું છે. ટર્ટલમિંટ રૂ. 144-152ના પ્રાઈઝ બેન્ડ સાથે રૂ. 4,275-4,476 કરોડની માર્કેટ કેપ ઉપર લિસ્ટ થવા માટે સજ્જ છે. કંપની રિપોર્ટ કરાયેલા તમામ પ્રોફિટ એન્ડ લોસ સ્તરે ખોટ કરી રહી છે, જેથી પ્રાઈઝ/રેવિન્યૂ જ ઓપરેટિવ મેટ્રિક છે. દેવેન ચોક્સી આઈપીઓ નોટમાં કહ્યું છે કે રૂ. 152ના કેપ પ્રાઈઝ ઉપર ઓફરની કિંમત નાણાકીય વર્ષ 2025 પ્રોફોર્મા રેવન્યુના 6.4x છે, જે અમારા નાણાકીય વર્ષ 2028E બેઝ કેસ રેવન્યુ રૂ. 1,166 કરોડ ઉપર 3.8x સુધી ઓછું થઈ જાય છે. તેના એકમાત્ર લિસ્ટેડ ભારતીય પિઅર પીબી ફિનટેક લિમિટેડ નાણાકીય વર્ષ 2025ના ટ્રેલિંગ પ્રાઈઝ/રેવન્યુના 15.3x ઉપર ટ્રેડ કરી રહી છે અને તેનું માર્કેટ કેપ રૂ. 76,076 કરોડ છે, તે પ્રોફિટેબલ છે, 7x મોટી છે તેમજ તેનું પ્રોડક્ટ મિક્સ સારું છે. દેવેન ચોક્સીના રિપોર્ટમાં કહ્યું છે કે ટર્ટલમિંટનું 6.4x ઉપર હોવું પીબી ફિનટેકની ટ્રેલિંગ રેવન્યુ ઉપર 58 ટકા ડિસ્કાઉન્ટ દર્શાવે છે, જે રોકાણકારોને ઓફર કરાતો એન્ટ્રી પોઈન્ટ છે. દેવેન ચોક્સીના રિપોર્ટમાં કહ્યું છે કે પીબી ફિનટેકને ડિસ્કાઉન્ટ અને ભારતના પીઓએસપી-સંચાલિત ઈન્શ્યોરન્સ ડિસ્ટ્રિબ્યુશન બિલ્ડ-આઉટ માટે કોઈ બીજી લિસ્ટેડ કંપની ન હોવી તે લિસ્ટિંગના સમયે શોર્ટ-ટર્મ ડિમાન્ડને સપોર્ટ કરે છે. દેવેન ચોક્સી આઈપીઓ રિપોર્ટમાં ઉમેર્યું છે કે અમારા નાણાકીય વર્ષ 2028E અંદાજ મૂજબઃ આવક રૂ. 1,166 કરોડ, પીએટી રૂ. 115 કરોડ, ઈપીએસ રૂ. 3.91, સ્ટોક 3.8x ફોરવર્ડ પ્રાઈઝ/રેવન્યુ અને 38.9x ફોરવર્ડ/પીઈ રૂ. 152 ઉપર ટ્રેડ કરી રહ્યો છે.દેવેન ચોક્સીના રિપોર્ટમાં કહ્યું છે કે, લાંબાગાળાના કેસમાં નાણાકીય વર્ષ 2028E નફાકારકતા ધારણાઓ યોગ્ય બને તે પહેલાં પાર્ટનર સંપાદન ખર્ચ ગુણોત્તરમાં સતત બે ક્વાર્ટરમાં ઘટાડો તેમજ ક્રોસ-સેલ આવક વર્તમાન સંકલિત આવકના 1-2 ટકા કરતા વધુ હોવી જરૂરી છે.

## News Brief

### નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિકમાં સિમેન્ટની માંગ ઢીલી રહેશે

નવી દિલ્હી: નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં સિમેન્ટ ઉદ્યોગ માટે સ્થિતિ સાનુકૂળ જણાઈ રહી નથી. નુવામા ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝના એક તાજા અહેવાલ મુજબ, આવાસ નિર્માણની પ્રવૃત્તિઓમાં જોવા મળેલી મંદી અને વિવિધ પ્રાદેશિક વલણોને કારણે સિમેન્ટની માંગ નરમ રહેવાની શક્યતા છે. જોકે કાચા તેલના ઘટતા ભાવોએ આ ઉદ્યોગને થોડી રાહત આપી છે, પરંતુ એકંદરે પરિસ્થિતિ પડકારજનક દેખાઈ રહી છે.અહેવાલ દર્શાવે છે કે એપ્રિલ ૨૦૨૬માં સરકારી મૂડી ખર્ચમાં સુધારાના સંકેતો જોવા મળ્યા હતા, પરંતુ વ્યાપક રોકાણ પ્રવૃત્તિઓ અસમાન રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ત્રિમાસિક ગાળામાં કેન્દ્ર, રાજ્યો અને જાહેર ક્ષેત્રના સાહસોના સંયુક્ત મૂડી ખર્ચમાં વાર્ષિક ધોરણે ૧૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જોકે, આખા નાણાકીય વર્ષમાં તેમાં ૪ ટકાનો વધારો થયો હતો. એપ્રિલ ૨૦૨૬માં મૂડી ખર્ચમાં ૨૭ ટકાનો વધારો થવા છતાં, વાસ્તવિક જમીની સ્થિતિ હજુ પણ સુધારાની રાહ જોઈ રહી છે.રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં વેચાણના આંકડા ચિંતાજનક છે. આ અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૬માં નવા પ્રોજેક્ટ્સ લોન્ચિંગના પ્રમાણમાં વાર્ષિક ૪ ટકાનો ઘટાડો થયો છે, જે દર્શાવે છે કે આવાસ ક્ષેત્રમાં કામકાજ ધીમું પડી રહ્યું છે. સમગ્ર ભારતમાં આવાસ લોન્ચિંગના પ્રમાણમાં ચોથા ત્રિમાસિક ગાળામાં ૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જે અગાઉના વર્ષોમાં પણ સતત નકારાત્મક રહ્યો છે. પ્રાદેશિક દ્રષ્ટિકોણથી જોતા, પશ્ચિમ ભારતમાં સિમેન્ટની માંગ મજબૂત છે અને દક્ષિણ ભારતમાં પણ ધીમે ધીમે રિકવરી જોવા મળી રહી છે. પરંતુ પૂર્વ, મધ્ય અને ઉત્તર ભારતના વિસ્તારોમાં હજુ પણ નબળાઈ યથાવત છે.

## પોલિસીબજારે સમગ્ર ભારતમાં પહોંચ વધારવા માટે ટુ-વ્હીલર વીમા ખરીદીના અનુભવમાં 8 પ્રાદેશિક ભાષાઓ રજૂ કરી

(એજન્સી) નવી દિલ્હી | તા.22

ભારતની સૌથી મોટી વીમા પોર્ટલ કંપની, પોલિસીબજારે ટુ-વ્હીલર (દ્વિચક્રી વાહન) માટે વીમો ખરીદવાના અનુભવને ૮ પ્રાદેશિક ભાષાઓમાં રજૂ કર્યો છે. આ પગલાથી ગ્રામીણ ભારતની સાથે-સાથે ટિયર-II, અને ટિયર-III શહેરોના લોકો માટે વીમો ખરીદવાની પ્રક્રિયા વધુ સરળ બનશે.અંગ્રેજી અને હિન્દી ઉપરાંત, ટુ-વ્હીલર વીમો ખરીદવાનો આ બહુભાષી અનુભવ હાલમાં પંજાબી, મલયાલમ, તેલુગુ, કન્નડ, ઓડિયા, મરાઠી, ગુજરાતી અને બંગાળી ભાષામાં ઉપલબ્ધ છે.આ નવીનતા સાથે, વપરાશકર્તાઓ હવે લેન્ડિંગ પેજની મુલાકાત લેવાથી લઈને પ્રોડક્ટ્સ વિશે જાણવા, પ્લાન્સની તુલના કરવા અને અંતે ખરીદી પૂર્ણ કરવા સુધીની સમગ્ર પ્રક્રિયાનો આનંદ તેમની પસંદગીની ભાષામાં માણી શકે છે. આ સુવિધા શરૂ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એવા સામાન્ય લોકોને વીમો ખરીદવા માટે સક્ષમ બનાવવાનો છે, જેઓ અંગ્રેજી કરતાં પોતાની સ્થાનિક ભાષામાં વ્યવહાર કરવાનું વધુ પસંદ કરે છે.પોલિસીબજારના ટુ-વ્હીલર વીમાના વડા માનસ કપૂરે આ અંગે જણાવ્યું હતું કે, 'વીમાની દુનિયામાં, વિશ્વાસ જ સર્વોપરી છે, અને વિશ્વાસ ત્યારે જ કેળવાય છે જ્યારે ગ્રાહકની પસંદગીની ભાષામાં અસરકારક સંદેશાવ્યવહાર થાય. ટાયર-II, ટાયર-III અને ગ્રામીણ ભારતમાંથી વધુ ને વધુ ગ્રાહકો ઓનલાઈન આવી રહ્યા છે, અને તેથી પ્રાદેશિક ભાષાઓમાં નાણાકીય ઉત્પાદનોને સરળ બનાવવાથી તેમના ખરીદીના અનુભવમાં પરિચિતતા અને સુવિધા આવે છે."ગ્રામીણ અને ટાયર-II બજારોમાં ડિજિટલ માધ્યમોનો ઉપયોગ વધવા છતાં, નાણાકીય નિર્ણયો લેવામાં ભાષા હંમેશાં એક મોટો અવરોધ બની રહે છે. પસંદગીની ભાષામાં ઉપલબ્ધ પોલિસી શરતો, કવરેજ અને તુલનાત્મક માહિતી ઉપલબ્ધ કરાવીને, પોલિસીબજાર ગ્રાહકોમાં વિશ્વાસ અને આત્મવિશ્વાસનું સ્તર વધારવા માંગે છે.પોલિસીબજારના જણાવ્યા અનુસાર, આ પ્રાદેશિક ભાષાના ઉકેલને સારો પ્રતિસાદ મળી રહ્યો છે, કારણ કે આશરે 3 થી 4% જેટલા યુનિક વિઝિટર્સ (નવા ગ્રાહકો) ટુ-વ્હીલર વીમા પૉલિસી ખરીદવા માટે આ સુવિધાનો ઉપયોગ કરી રહ્યા છે.આ સુવિધાની શરૂઆત એ પોલિસીબજારની વીમા પ્રક્રિયાને લોકભોગ્ય બનાવવા અને ભૌગોલિક સ્થિતિ કે ભાષાના ભેદભાવ વિના પોતાના તમામ વપરાશકર્તાઓને એક સીમલેસ ડિજિટલ અનુભવ પ્રદાન કરવાના વ્યાપક મિશનનો એક ભાગ છે.

### હોંગકોંગ અને જીનિવા પછી ડી બીયર્સ અને સોથબીસ વચ્ચે આંતરરાષ્ટ્રીય સહયોગની સીરિઝનું સમાપન થયું

સોથેબીસ અને ડી બીયર્સે હોંગકોંગ અને જીનિવામાં શાનદાર પ્રદર્શન અને ઉત્તમ પરિણામો મળ્યાં પછી ન્યૂયૉર્કમાં પોતાના 2026ની આંતરરાષ્ટ્રીય હરાજી સહયોગનું સમાપન કર્યું છે. અંતિમ વેચાણમાં ઉત્તમ કુદરતી ડાયમન્ડનું એક ખાસ કલેક્શન રજૂ થયું, જે દુર્લભતા, કારીગરી અને મૂળ સ્થાનની દ્રષ્ટિએ વિશેષ પુરવાર થયેલા આ વર્ષની ઝલક રજૂ કરે છે. ન્યૂયૉર્કમાં થયેલી આ હરાજી એક લાંબી સફરનું સમાપન છે, જેમાં દરેક તબક્કામાં ઉત્સાહ વધ્યો હતો, કારણ કે કલેક્ટર્સે આ ખાસ કુદરતી ડાયમન્ડમાં ઘણો રસ દાખવ્યો હતો. ન્યૂયૉર્કમાં ડાયમન્ડ આધુનિક ઓળખ, રચનાત્મકતા અને વ્યક્તિગત કિસ્સાઓ સાથે સંબંધિત છે. ગ્રાહકોને નાશપતિ આકારવાળી D-કલરની ડાયમન્ડ રિંગ અને સાથે સાથે 11.33 કેરેટનો શાનદાર, જૂના જમાનાની કટિંગ ધરાવતો D-કલર, ટાઈપ IIa ડાયમન્ડ ખરીદવાની તક મળશે.

## સૌંદર્ય અને વિજ્ઞાનનો અદભુત સંગમ: ગુજરાતમાં પ્રથમવાર POTENZA™ દ્વારા ચામડીની કાયાપલટ

(એજન્સી) અમદાવાદ | તા.22

આજના આધુનિક યુગમાં સ્ત્રી અને પુરુષની ત્વચાની સંભાળ (Skin Care) માત્ર બાહ્ય સુંદરતા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ તે આત્મવિશ્વાસ અને સ્વસ્થ જીવનશૈલીનું પ્રતીક બની ગઈ છે. પ્રદૂષણ, માનસિક તણાવ અને બદલાતી જીવનશૈલીના કારણે મહિલાઓમાં ખીલ ના ખાડા,ડાઘ, પિગ્મેન્ટેશન અને નાની ઉંમરે કરચલીઓ પડવી જેવી સમસ્યાઓ સામાન્ય બની ગઈ છે. આ પરિસ્થિતિમાં, પરંપરાગત ક્રીમ કે ઉપરછલ્લી ટ્રીટમેન્ટના બદલે મેડિકલ સાયન્સની અદ્યતન ટેક્નોલોજી મહિલાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.તાજેતરમાં, અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલાં 'Skin N Smile Klinic' દ્વારા ગુજરાતમાં સૌપ્રથમવાર વિશ્વસ્તરીય



POTENZA સારવાર શરૂ કરવામાં આવી છે, જે સ્ત્રી સૌંદર્યને નિખારવાની સાથે સાથે ચામડી ની આધુનિક સારવાર માં એક મોટો બદલાવ લાવશે.આ પદ્ધતિ સ્ત્રી અને પુરુષ બન્ને માટે લાભ કરાવી શકશે.ગુજરાતમાં પ્રથમવાર: ડર્મેટોલોજિસ્ટ ડૉ. શાદાબ ડોઈનું નેતૃત્વ : અમદાવાદ અને સમગ્ર ગુજરાતમાં આ વિશ્વસ્તરીય સારવાર લાવવાનું શ્રેય Skin N Smile Klinic (પાલડી) ના જાણીતા ડર્મેટોલોજિસ્ટ ડૉ. શાદાબ ડોઈ (MD Dermatology) ને જાય છે. POTENZA જેવી આધુનિક ટેક્નોલોજી અને કુશળ ડોક્ટરના સમન્વયથી હવે ત્વચાને લાંબા સમય સુધી સ્વસ્થ, અને તેજસ્વી રાખી શકાશે. ત્વચા સારવાર ક્ષેત્રે એક નવો અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે.આ પદ્ધતિ મહિલા અને પુરુષ બન્ને માટે લાભદાયક છે.ખીલ ના ખાડા હોવા થી સ્ત્રી અને પુરુષ બન્ને નું આત્મવિશ્વાસ ઓછો થઈ જાય છે.શું છે POTENZA ટેક્નોલોજી? : POTENZA એ એક અત્યંત આધુનિક Microneedling Radiofrequency (MNRF) પ્લેટફોર્મ છે. ડર્મેટોલોજી (ચામડીના વિજ્ઞાન) ક્ષેત્રે આ સારવાર ખૂબ જ અસરકારક માનવામાં આવે છે. આ ટેક્નોલોજીમાં અતિસૂક્ષ્મ સોય દ્વારા ત્વચાની અંદરના સ્તર સુધી રેડિયોફ્રિક્વન્સી ઊર્જા પહોંચાડવામાં આવે છે. આ પ્રક્રિયા ત્વચાની અંદર સુષુપ્ત રહેલા કોલેજન અને ઈલાસ્ટિન નામના પ્રોટીનનું ઉત્પાદન કુદરતી રીતે વધારે છે.

## જીટી ટાયરનું નવું સંસ્કરણ બીએમડબલ્યુ માટે થયું લોન્ચ

સિંગાપોર: જીટી ટાયર કંપનીએ પોતાની નવીનતમ સિદ્ધિ તરીકે 'જીટી સિનર્જી એચ૩' (GitiSynergy H3) ટાયર લોન્ચ કર્યું છે, જેને બીએમડબલ્યુના ઓલ-ઈલેક્ટ્રિક મોડેલો બીએમડબલ્યુ આઈ એક્સ૧ (iX1) અને બીએમડબલ્યુ આઈ એક્સ૨ (iX2) માટે ઓરિજિનલ ઈક્વિપમેન્ટ (OE) નોમિનેશન મળ્યું છે. આ ખાસ ડિઝાઈન કરેલ ટાયર ૨૪૫/૪૦ આર૨૦ ૯૯વાય એક્સએલ સાઈઝમાં ઉપલબ્ધ હશે, જે પરફોર્મન્સ અને ટકાઉપણુંના તમામ માપદંડોને પૂર્ણ કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. આ નવું ટાયર રોલિંગ રેઝિસ્ટન્સમાં ઘણો ઓછો અવરોધ, શાંત સવારી અને લાંબા આયુષ્ય માટે જાણીતું છે. યુરોપિયન યુનિયનના રોલિંગ રેઝિસ્ટન્સ રેટિંગમાં આ ટાયરને સર્વોચ્ચ 'એ' ગ્રેડ મળ્યો છે. આ ટાયરની બાજુ પર સ્ટારનું નિશાન છે, જે દર્શાવે છે કે તેને બીએમડબલ્યુ ગ્રુપ દ્વારા મંજૂરી મળી છે. જીટી ટાયર અગાઉ પણ બીએમડબલ્યુ ૧ સીરીઝ અને મિની મોડેલો માટે ટાયર સપ્લાય કરી ચૂક્યું છે, જે તેની વૈશ્વિક ગુણવત્તાનો પુરાવો છે.જીટી ટાયરના યુરોપિયન ઓઈ કી એકાઉન્ટ મેનેજર નિકોલસ ક્લુસને જણાવ્યું હતું કે, "બીએમડબલ્યુ ગ્રુપની માંગ એવી હતી કે ટાયરનો રોલિંગ રેઝિસ્ટન્સ ઓછો હોય અને તેની હેન્ડલિંગ ક્ષમતા સાથે કોઈ બાંધછોડ ન કરવામાં આવે. જીટી સિનર્જી એચ૩ એ આ તમામ જરૂરિયાતો પૂર્ણ કરવા ઉપરાંત પર્યાવરણીય સ્થિરતાના પાસાઓમાં પણ પ્રભાવશાળી દેખાવ કર્યો છે." આ ટાયર કંપની માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સમાન છે, કારણ કે આજના સમયમાં વાહન ઉત્પાદકો માટે પર્યાવરણ અને પરફોર્મન્સ બંને એટલા જ મહત્વના બની ગયા છે.આ નવા ટાયરની ડિઝાઈન અને એન્જિનિયરિંગ જર્મનીના હેનોવર સ્થિત જીટી ટાયરના યુરોપિયન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં કરવામાં આવ્યું છે. તેનું પરીક્ષણ યુકેની મીરા (MIRA) સુવિધા તેમજ જર્મની અને સ્પેનના મુખ્ય સ્થળોએ કરવામાં આવ્યું છે. આ સમગ્ર પ્રોજેક્ટ માટે કંપનીની વૈશ્વિક કક્ષાની સંકલિત આર એન્ડ ડી સિસ્ટમ 'એડવાન્ઝટેક' (AdvanZtech) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ ભાગીદારી દ્વારા જીટી ટાયર પોતાની સ્થિતિ ઈલેક્ટ્રિક વાહનોના માર્કેટમાં વધુ મજબૂત બનાવી રહ્યું છે. કંપનીનું માનવું છે કે આવનારા સમયમાં ઈલેક્ટ્રિક વાહનો માટે આવા વિશિષ્ટ ટાયરની માંગમાં ભારે વધારો થશે, અને જીટી ટાયર આ બદલાતી ટેક્નોલોજી સાથે આગળ વધવા માટે પ્રતિબદ્ધ છે.

### વર્લ્ડ એમએસએમઈ ડે

## કેવી રીતે 'સનશાઈન ગેલેરી' એમેઝોન સાથે મળીને બની રાષ્ટ્રીય બ્રાન્ડ

મુંબઈ: ઘર કેવી રીતે ચાલે છે તેમાં રોજિંદા વપરાશની ઘરગથ્થુ પ્રોડક્ટ્સ આવશ્યક ભૂમિકા ભજવે છે. તેઓ સુવિધા, કાર્યક્ષમતા અને લાંબા ગાળાના મૂલ્યને પ્રભાવિત કરે છે. આજે, ગ્રાહકો એવી પ્રોડક્ટ્સ પસંદ કરી રહ્યા છે જે ટકાઉ, વ્યવહારુ અને રોજિંદી દિનચર્યાઓને સરળ બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવી હોય, ખાસ કરીને કિચન ટૂલ્સ અને સ્ટેનલેસ-સ્ટીલની આવશ્યક જેવી




વસ્તુઓ. આ બદલાવ વચ્ચે, એમેઝોન ઈન્ડિયા સનશાઈન ગેલેરી જેવા એમએસએમઈ ને દેશભરના ગ્રાહકો સુધી વિશ્વસનીય ઘરગથ્થુ ઉકેલો પહોંચાડવામાં મદદ કરી રહ્યું છે.આ સફર વિશે વાત કરતા, સનશાઈન ગેલેરીના ફાઉન્ડરે જણાવ્યું હતું કે, "કૌટુંબિક વ્યવસાયને વધારવા માટે દરેક તબક્કે અનુકૂલન સાધવું જરૂરી છે. જેમ જેમ અમે વિસ્તાર કર્યો, તેમ અમને મજબૂત સિસ્ટમ્સ બનાવવાનું, બજારની જરૂરિયાતોને સમજવાનું અને અમે ગ્રાહકોને કેવી રીતે સેવા આપીએ છીએ તેમાં સતત સુધારો કરવાનું મહત્વ સમજાયું. એમેઝોને અમને અમારી કામગીરીને સ્કેલ કરવાની અને વધુ વ્યવસ્થિત રીતે વૃદ્ધિ તરફ આગળ વધવાની તક આપી."રાજકોટ સ્થિત આ કૌટુંબિક વ્યવસાયે તેની સફર એક સરળ વિચાર પર બનાવી છે: દરરોજ ઉપયોગમાં લેવાતી પ્રોડક્ટ્સ કાર્યાત્મક, ભરોસાપાત્ર અને લાંબુ આયુષ્ય ધરાવતી હોવી જોઈએ. સ્ટેનલેસ સ્ટીલના જ્યુસર અને સ્લાઈસરથી લઈને લંચ બોક્સ અને કપડાં સૂકવવાના સ્ટેન્ડ સુધી, આ બ્રાન્ડે આધુનિક જીવનશૈલી માટે ડિઝાઈન કરાયેલ હોમ અને કિચનની આવશ્યક ચીજવસ્તુઓની શ્રેણીનો વિસ્તાર કર્યો છે. ભારતમાં સ્ટેનલેસ સ્ટીલ ઘરગથ્થુ પ્રોડક્ટ્સની માંગ આગામી ત્રણ વર્ષમાં વાર્ષિક 7-8% ના દરે વધવાનો અંદાજ છે, જે લાંબા સમય સુધી ચાલતી અને પુનઃઉપયોગી પ્રોડક્ટ્સ માટે વધતી જતી પસંદગી દર્શાવે છે.લાંબા ગાળાની ઉપયોગિતા સાથે રોજિંદી ઘરગથ્થુ જરૂરિયાતોનું સંચાલન સનશાઈન ગેલેરીની શરૂઆત એક સ્પષ્ટ અવલોકન સાથે થઈ હતી કે બજારમાં ઘણી ઘરગથ્થુ પ્રોડક્ટ્સમાં સારી ગુણવત્તાનો અભાવ હતો. કંપનીએ એવા ઉકેલો વિકસાવવા અને મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું જે વિશ્વસનીયતા અને મૂલ્ય પ્રદાન કરવાની સાથે રસોડાના અને ઘરના રોજિંદા કાર્યોને સરળ બનાવી શકે. આ અભિગમે બ્રાન્ડને કાર્યક્ષમતા, સુવિધા અને ગ્રાહકોની બદલાતી અપેક્ષાઓ પર કેન્દ્રિત પ્રોડક્ટ્સ બનાવવામાં મદદ કરી.

## MSME ક્ષેત્ર માટે RBI હંમેશા મજબૂત સમર્થન આપશે

કોચી: રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ના ગવર્નર સંજય મલ્હોત્રાએ રવિવારે ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) ક્ષેત્ર પ્રત્યેની પોતાની કટિબદ્ધતાને પુનરોચ્ચારિત કરી છે. તેમણે એમએસએમઈને ભારતની "એન્ટરપ્રિન્યોરશીપ નર્સરી" ગણાવતા કહ્યું કે કેન્દ્રીય બેંક આ મહત્વપૂર્ણ ક્ષેત્રને મજબૂત સમર્થન આપવાનું ચાલુ રાખશે. કોચી ખાતે મીડિયા સાથેની વાતચીતમાં ગવર્નરે સ્પષ્ટ કર્યું કે ભારતીય અર્થવ્યવસ્થાની મજબૂતીમાં આ ઉદ્યોગોનો ફાળો અમૂલ્ય છે. આરબીઆઈ અત્યારે એક ખાસ સપ્તાહની ઉજવણી કરી રહી છે, જેનો મુખ્ય હેતુ એમએસએમઈ યોજનાઓ અને આ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે લેવાયેલા નિયમનકારી પગલાં વિશે જાગૃતિ ફેલાવવાનો છે. ગવર્નર મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, "એમએસએમઈ કોઈપણ અર્થતંત્ર માટે અત્યંત મહત્વપૂર્ણ છે અને ભારત માટે પણ આ વાત એટલી જ સાચી છે. તે માત્ર આવકનું સાધન નથી, પરંતુ રોજગારી પૂરી પાડવામાં પણ મોટી ભૂમિકા ભજવે છે."સરકારી આંકડા મુજબ, એમએસએમઈ ક્ષેત્ર ભારતની કુલ જીડીપીમાં અંદાજે ૩૧.૧ ટકા જેટલું યોગદાન આપે છે અને કુલ નિકાસમાં ૪૮.૫૮ ટકા હિસ્સો ધરાવે છે. દેશમાં ઉત્પાદન, વેપાર અને સેવાના ક્ષેત્રમાં ૭.૪૭ કરોડથી વધુ સાહસો આ ક્ષેત્ર હેઠળ કાર્યરત છે. વધુમાં, તે ઉત્પાદન ક્ષેત્રના ૩૫.૪ ટકા હિસ્સાને આવરી લે છે અને અંદાજે ૩૨.૮ કરોડ લોકોની આજીવિકાનો આધાર છે. કૃષિ પછી આ દેશનો રોજગારી આપતો બીજો સૌથી મોટો સ્ત્રોત છે.ગવર્નર મલ્હોત્રાએ ભારપૂર્વક જણાવ્યું કે દાયકાઓથી આરબીઆઈ એમએસએમઈના વિકાસને પ્રોત્સાહન આપી રહી છે. ખાસ કરીને આ ઉદ્યોગો સુધી ધિરાણનો પ્રવાહ સરળતાથી પહોંચે તે માટે બેંકે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આ સમગ્ર ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે અત્યારે અનૌપચારિક ઉદ્યોગોને ઔપચારિક અર્થતંત્રમાં જોડવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે.માર્ચ ૨૦૨૬ સુધીના આંકડા મુજબ, ૭.૯ કરોડથી વધુ એમએસએમઈ અને અનૌપચારિક સૂક્ષ્મ સાહસો ઉદ્યમ અને ઉદ્યમ આસિસ્ટ પ્લેટફોર્મ પર નોંધાયા છે. આ ઔપચારિકીકરણની મુહિમ સાથે જીઈએમ, ટીઆરઈડીએસ અને સમાધાન જેવા ડિજિટલ પ્લેટફોર્મ્સ નાના વ્યવસાયોને બજારની બહેતર પહોંચ, કાયદાકીય સુરક્ષા અને ચુકવણી સંબંધિત વિવાદોના ઝડપી નિવારણ માટે સક્ષમ બનાવી રહ્યા છે.

## સેટેલાઈટ કંપનીઓ માટે સરકારે નવા કડક સુરક્ષા નિયમો જાહેર કર્યા

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે સેટેલાઈટ સંચાર ક્ષેત્રે કાર્યરત કંપનીઓ માટે સુરક્ષાની કડક મંજૂરીઓ અને શરતી સેવાઓ અંગેના નવા ડ્રાફ્ટ નિયમો રજૂ કર્યા છે. આ નવા નિયમો મુજબ, હવે માત્ર દૂરસંચાર વિભાગ (DoT) પાસેથી લાઈસન્સ મેળવવું સેટેલાઈટ કંપનીઓ માટે પૂરતું નથી. કંપનીઓએ તેમની સેવાઓ શરૂ કરતા પહેલા અને સ્પેક્ટ્રમ ફાળવણી પછી પણ સુરક્ષા મંજૂરી લેવી અનિવાર્ય બનશે.

દૂરસંચાર વિભાગ દ્વારા ૧૭ જૂનના રોજ જાહેર કરવામાં આવેલા 'ટેલિકોમ્યુનિકેશન્સ (સ્પેક્ટ્રમ એસાઈનમેન્ટ બાય એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસ) રૂલ્સ, ૨૦૨૬' ના ડ્રાફ્ટમાં સ્ટારલિંક, યુટેલસેટ વનવેબ અને જીઓ સેટકોમ જેવી દિગ્ગજ કંપનીઓ માટે કડક જોગવાઈઓ કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા હેઠળ, સેટેલાઈટ કંપનીઓએ જાહેર જનતા માટે સેટેલાઈટ ફોન અને બ્રોડબેન્ડ સેવાઓ શરૂ કરતા પહેલા કેન્દ્ર સરકારની સ્પષ્ટ પરવાનગી લેવી પડશે.નવા નિયમો મુજબ, સેટેલાઈટ કંપનીઓને રેડિયો તરંગો (સ્પેક્ટ્રમ) હરાજી વગર વહીવટી પ્રક્રિયા દ્વારા ફાળવવામાં આવશે. આ ફાળવણી સામે કંપનીઓએ વાર્ષિક નિશ્ચિત ફી ચૂકવવી પડશે, જે ૩૦,૦૦૦ રૂપિયાથી લઈને ૫૦ લાખ રૂપિયા સુધીની હોઈ શકે છે. આ ફી સેવાનો પ્રકાર અને ટર્મિનલ દીઠ આધારિત હશે. આ ઉપરાંત, કંપનીઓએ ૧,૦૦૦ રૂપિયાની નોન-રિફંડેબલ અરજી ફી પણ ચૂકવવી પડશે.ડ્રાફ્ટમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે લેટર ઓફ ઈન્ટેન્ટ મેળવવા માટે પણ સુરક્ષા મંજૂરી જરૂરી છે, જે સરકાર લાઈસન્સ આપતા પહેલા જારી કરે છે. આ તબક્કા પછી પણ ઓપરેટરોએ સત્તાવાર રીતે સેવાઓ શરૂ કરવા માટે અંતિમ સ્પેક્ટ્રમ ફાળવણીની રાહ જોવી પડશે. આ ઉપરાંત, આ નવા નિયમો નેટવર્ક જોડાણ પર પણ પ્રતિબંધ મૂકે છે. સરકારની પરવાનગી વગર સેટેલાઈટ કંપનીઓ તેમના ટેલિકોમ નેટવર્કને સાર્વજનિક ટેલિકોમ નેટવર્ક સાથે જોડી શકશે નહીં. આ નિયમ લેન્ડલાઈન, મોબાઈલ નેટવર્ક અને માનક ઈન્ટરનેટ નેટવર્ક માટે પણ લાગુ પડશે.સેટેલાઈટ કંપનીઓને વહીવટી પદ્ધતિથી સ્પેક્ટ્રમ મળશે, પરંતુ તેના વાસ્તવિક ચાર્જ બજારના ભાવ મુજબ નક્કી કરવામાં આવશે. દૂરસંચાર વિભાગે આ ડ્રાફ્ટ નિયમો પર અંતિમ મંજૂરી આપતા પહેલા હિતધારકો અને રસ ધરાવતી કંપનીઓને તેમના સૂચનો આપવા માટે ૩૦ દિવસનો સમય આપ્યો છે.

## યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમિસન ગ્રીર આ અઠવાડિયે ભારત આવશે

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી દ્વિપક્ષીય વ્યાપાર વાટાઘાટોમાં નવી ગતિ જોવા મળી રહી છે. યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR) જેમિસન ગ્રીર આ અઠવાડિયે ભારતની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ તેમજ અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠકો કરશે. આ બેઠકોનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના વ્યાપારિક સંબંધોને વધુ મજબૂત બનાવવાનો અને અગાઉ નક્કી કરાયેલા વ્યાપાર કરારોને આખરી ઓપ આપવાનો છે.આ વ્યાપાર વાટાઘાટોની શરૂઆત ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી. તાજેતરમાં જ ફ્રાન્સના એવિયન ખાતે યોજાયેલી જી-૭ સમિટ દરમિયાન વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે થયેલી મુલાકાતમાં આ સમજૂતીને વહેલી તકે પૂર્ણ કરવા માટે ખાસ સૂચના આપવામાં આવી હતી. આ મુલાકાત બાદ જેમિસન ગ્રીરની આ ભારત મુલાકાત ખૂબ જ મહત્વની માનવામાં આવી રહી છે.ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ગયા અઠવાડિયે જી-૭ સમિટ પછી યોજાયેલી પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચેનો વ્યાપાર કરાર હવે તેના અંતિમ તબક્કામાં છે. મિસરીએ કહ્યું હતું કે, "અમેરિકા સાથે આપણે વ્યાપારિક કરારના નિષ્કર્ષ પર નોંધપાત્ર પ્રગતિ કરી છે. બંને દેશો આ સમજૂતીને પૂર્ણ કરવા માટે અત્યંત ઉત્સુક છે." ગ્રીરની આ મુલાકાતનો મુખ્ય હેતુ આ પ્રક્રિયાને પૂર્ણતા તરફ લઈ જવાનો છે.અમેરિકી ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમિસન ગ્રીર ભારત બાદ ઉઝબેકિસ્તાનના તાશ્કંદનો પણ પ્રવાસ કરશે, જ્યાં તેઓ ત્યાંના રાષ્ટ્રપતિ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરી દ્વિપક્ષીય વ્યાપારિક સંબંધો પર ચર્ચા કરશે. યુએસટીઆરના નિવેદન મુજબ, ગ્રીર આ આંતરરાષ્ટ્રીય મુલાકાતોમાં અમેરિકા સાથે વાજબી, સંતુલિત અને પરસ્પર લાભદાયી વ્યાપાર સંબંધો સ્થાપિત કરવા પર ભાર મૂકશે.આ વ્યાપાર સમજૂતીથી બંને દેશો વચ્ચેના વેપારમાં અવરોધો ઘટશે અને આર્થિક સંબંધો વધુ ગાઢ બનશે. વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ બંનેએ આ કરારને વહેલી તકે પૂર્ણ કરવા માટે આપેલા નિર્દેશો દર્શાવે છે કે બંને દેશોના નેતૃત્વમાં આ કરારને લઈને ભારે ઉત્સુકતા અને ગંભીરતા છે.

## એક્સિસ મેક્સ લાઈફે FY26માં ક્લેમ સેટલમેન્ટમાં પોતાની સતત શ્રેષ્ઠ કામગીરી જાળવી રાખી

નવી દિલ્હી : એક્સિસ મેક્સ લાઈફ ઈન્સ્યુરન્સ લિ. જે પહેલા મેક્સ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લિ. ('એક્સિસ મેક્સ લાઈફ'/'કંપની') તરીકે જાણિતી હતી, તેને નાણાકીય વર્ષ 2025-26માં કૂલ રૂ. 1,641 કરોડની કિંમતના વ્યક્તિગત મૃત્યુના ક્લેમ સેટલ કર્યા છે, આના લીધે તેમને સૌથી વધુ એટલે કે, 99.08 ટકાનો વ્યક્તિગત મૃત્યુના ક્લેમ ચૂકવણીનો રેશિયો પ્રાપ્ત કર્યો છે. નાણાકીય વર્ષ 2021-22માં 99.34% ટકાથી તેમાં સતત વધારો થયો છે, અને 99.8 ટકાના રેશિયો સાથે કંપનીએ નવો સિમાચિન્હ બનાવ્યો છે, જે -ઈન્ડિયા કે ભરોસે કા નંબર પરનો વિશ્વાસ બતાવે છે. તેની શરૂઆતથી જ એક્સિસ મેક્સ લાઈફ એ 2,43,524 મૃત્યુના ક્લેમની પોલિસી પર કૂલ રૂ. 11,772.21 કરોડની ચૂકવણી કરી છે.

એક્સિસ મેક્સ લાઈફ- વ્યક્તિગત મૃત્યુ ક્લેમની ચૂકવણીનો રેશિયો (%)
(છેલ્લા 5 વર્ષમાં સતત સુધારો થયો છે)

| નાણાકીય વર્ષ 2021–22 | નાણાકીય વર્ષ 2022–23 | નાણાકીય વર્ષ 2023–24 | નાણાકીય વર્ષ 2024–25 | નાણાકીય વર્ષ 2025–26 |
|---|---|---|---|---|
| 99.34%[1] | 99.51%[2] | 99.65%[3] | 99.7%[4] | 99.8%[5] |

સુમિત મદન, મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ, એક્સિસ મેક્સ લાઈફ કહે છે, "એક્સિસ મેક્સ લાઈફ ખાતે, અમે દાવાઓની પ્રક્રિયા ઝડપથી કરવા માટે પ્રીડિક્ટિવ એનાલિટિક્સ અને ડિજિટલ ફોરેન્સિકનું સંયોજન કરીને ક્લેમની પ્રક્રિયાને ઝડપી કરીએ છીએ, જે નાણાકીય વર્ષ- 2026 સુધીમાં અમારા અત્યાર સુધીના સૌથી વધુ વ્યક્તિગત મૃત્યુના ક્લેમની ચૂકવણીનો ગુણોત્તર 99.8 સુધી લઈ જાય છે. આ બેન્ચમાર્ક એ આંકડાઓથી ઘણો આગળ વધી ગયો છે; જે અમારા ગ્રાહકો દ્વારા અમારામાં રોકાણ કરાયેલા વિશ્વાસનો એક શક્તિશાળી પુરાવો છે અને યાદ અપાવે છે કે, દરેક ક્લેમ પાછળ એક પરિવાર રહેલો છે, જેને સુરક્ષિત રાખવામાં અમને ગર્વ છે." ઝડપી ક્લેમની પ્રક્રિયાને આગળ વધારવા માટે એક્સિસ મેક્સ લાઈફ ડિજિટલ ફોરેન્સિક ટૂલ્સ દ્વારા પ્રીડિક્ટિવ એનાલિટિક્સ અને ફ્રોડ કન્ટ્રોલ્સને વધારીને તેની અંડરરાઈટિંગની ક્ષમતાને મજબૂત બનાવી છે. આનાથી હંસા રિસર્ચના લાઈફ ઈન્સ્યોરન્સ સીયુઈએસ 2026ના અભ્યાસ અનુસાર, કંપની એ ભારતીય જીવન વીમા કંપનીઓમાં નંબર 1 ક્રમ મેળવવામાં સક્ષમ બની છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ સુદ-09

# રાજ્યસભામાં કોંગ્રેસની હારથી મહાગઠબંધનમાં તણાવ

રાજ્યસભા ચૂંટણી પછી ઝારખંડમાં શાસક ગઠબંધન મુશ્કેલીમાં છે. કોંગ્રેસના ઉમેદવાર પ્રણવ ઝાની હાર પછી પ્રભારી કે રાજુએ આરજેડી અને ભાકપા - માલે ધારાસભ્યો પર દગો આપવાનો આરોપ મૂક્યો છે. એમણે મુખ્યમંત્રી હેમંત સોરેનને આ બાબતે તપાસ કરવા પણ કહ્યું છે. બીજી તરફ આરજેડીએ કે રાજુને જ ગદ્દાર કહ્યા છે. હવે જેએમએમએ સમીક્ષા કરવાની વાત કરી છે. હાર પછી ઝામુમોએ કહ્યું છે કે, એમના તમામ ધારાસભ્યો એક સાથે રહ્યા હતા અને ગઠબંધનની રણનીતિ પ્રમાણે મતદાન કર્યું હતું. પક્ષના કેન્દ્રીય મહામંત્રી વિનોદ પાંડયએ કહ્યું હતું કે જેએમએમના તમામ ૩૪ ધારાસભ્યોએ મતદાન કર્યું હતું અને ગઠબંધનના બંને ઉમેદવારો માટે જ મત આપ્યા હતા. એમના કહેવા પ્રમાણે તેઓ પોતે પક્ષના એજન્ટ તરીકે મતદાન પ્રક્રિયા દરમિયાન મતદાન કેન્દ્રમાં હાજર રહ્યા હતા. રામ મંદિરમાં ભેટ અને ચઢાવાની ચોરી થઈ હોવાની ચર્ચા ચાલી રહી છે. આ ચર્ચા વચ્ચે મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નુપેન્દ્ર મિશ્રાએ કહ્યું હતું કે, ધ્યાન રાખવામાં ચૂક થઈ ગઈ છે. એમના કહેવા પ્રમાણે સુરક્ષા માટે મંદિર પરિસરમાં સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. એમણે જોકે શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયને ક્લીન ચીટ આપી છે. મિશ્રાના કહેવા પ્રમાણે એમની સૂચના હતી કે મંદિરમાં આવતી ભેટ કે ચઢાવાની ગણતરી કઈ રીતે થશે અને એના માટે પૂરતી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જુદા જુદા લોકોની જવાબદારી પણ નક્કી છે. બીજી તરફ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અલગ વાત કરી રહ્યા છે. યોગીનું કહેવું છે કે મંદિરમાંથી મોટા પાયે ચોરી થઈ હોવાના પુરાવા રજુ કરવા જોઈએ. પુરાવા વગર અયોધ્યાને બદનામ કરનારા તત્વો કોણ છે એવો સવાલ પણ એમણે પૂછ્યો હતો. આંતરરાષ્ટ્રીય સરહદને વધુ સુરક્ષીત કરવા માટે બંગાળની નવી ભાજપ સરકારે યોજના બનાવી છે. રાજ્ય મંત્રીમંડળએ સીલીગુડી ખાતે ભારત - તીબેટ સરહદી પોલીસ (આઈટીબીપી)ને ૧૦૦ એકર તેમજ નદીયા અને દક્ષિણ દિનાજપુર જિલ્લામાં બીએસએફને ૯ એકર સરકારી જમીન આપી છે. કેબિનેટની બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. આ જમીનનો ઉપયોગ નવી સરહદી ચોકીઓ બનાવવા માટે તેમજ સરહદે વાડબંધી કરવા માટે કરવામાં આવશે. ત્યાર પછી ઘૂસણખોરી અને દાણચોરી જેવી પ્રવૃત્તિ પર બ્રેક લાગશે એમ મનાય છે. આગામી ૪૫ દિવસોની અંદર આંતરરાષ્ટ્રીય સરહદે જ્યાં તારબંધી નથી એવા ક્ષેત્રોમાં કાટાળી તાર લગાડવા માટે ૬૦૦ એકર જમીન સુરક્ષા દળોને આપવામાં આવશે. કેરલમની યુડીએફ સરકાર દ્વારા બજેટ રજુ થયાના એક દિવસ પછી કોંગ્રેસ નેતા શશી થરૂરએ વિપક્ષ સીપીઆઈ (એમ)ના નેતૃત્વવાળી એલડીએફ પર શાબ્દીક હુમલા કર્યા હતા. એમનો આરોપ છે કે એલડીએફએ એક સુંદર બજેટના જવાબમાં ફક્ત જૂની અને ઘસાઈ ગયેલા વિચારોની વાતો કરી. સોશ્યલ મીડિયા એક્સ પર થરૂર લખ્યુ હતું કે બજેટ પર સામ્યવાદીઓની પ્રતિક્રિયા યોગ્ય નહોતી. વિરોધ પક્ષના નેતા વીનારાય વિજયનની ટીપ્પણીઓ બાબતે પણ એમણે નુકતેચીની કરી હતી. સામ્યવાદી મોડલને કારણે રાજ્ય દેવામાં ડુબી ગયું હતું. અગાઉની સરકાર રાજ્ય પર ૫.૦૭ લાખ કરોડ રૂપિયાનું દેવુ છોડીને ગઈ છે. પગાર અને બોનસ આપવા માટે આગલી સરકારે પૈસા ઉધાર લીધા હતા. કેન્દ્ર સરકારના પ્રવક્તાઓ દેશના વિકાસની વાત કરતી વખતે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું ઉદાહરણ ખાસ આપે છે. વંદે ભારત ટ્રેનોનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરતા રહે છે. હવે ધીમે ધીમે આ સુપર આધુનિક ટ્રેનની કડવી વાસ્તવિકતા બહાર આવી રહી છે. ઉત્તર પ્રદેશના વારાણસીથી ઝારખંડના રાંચી જઈ રહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન બિહારના રોહતાસ જિલ્લામાં ખરાબ થઈ રહી હતી. નવાઈની વાત એ છે કે ડીડીયુ - ગયા રેલવે ટ્રેક પર શિવસાગર રેલવે સ્ટેશન પહેલા પાંચ કલાક સુધી ટ્રેન અટકી ગઈ હતી. એરકન્ડીશન્ડ બંધ હોવાને કારણે ટ્રેનમાં બેઠેલા પ્રવાસીઓ હેરાન થઈ ગયા હતા. એમના માટે ખાવા - પીવાની વ્યવસ્થા પણ નહોતી. ટ્રેનમાં ટેક્નિકલ સમસ્યા કઈ છે એ પણ કોઈને ખબર નહોતી. ત્યાર પછી નવુ એન્જિન લગાડીને ટ્રેનને આગળ રવાના કરવામાં આવી હતી.

## ચાણસ્મા યુજીવીસીએલ કચેરીમાં 1998 ની સ્થાપિત હનુમાનજી મંદિર દર વર્ષે ઉજવાતો 28 મો વાર્ષિક હવન તથા ઉજવણી નો કાર્યક્રમ



નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા કચેરીના સ્ટાફ દ્વારા સંચાલન અને નિભાવ થતા હનુમાનજી મંદિરનો દર વર્ષે દરેક સ્ટાફ ની શ્રદ્ધા અને વીજ સલામતી સચવાઈ રહે તે આશયથી વિદ્યુત જ્યોત હનુમાનજીની ચાણસ્મા ઓફિસ પરિસરમાં સ્થાપના કરેલ છે જેની દર વર્ષે ઉજવણી જેઠ સુદ-7 ના દિવસે હવન કરી ઉજવણી કરીએ છીએ. સ્થાપના કર્યાથી તે આજ દિન સુધીના દરેક કર્મચારીને આમંત્રિત કરી કરીએ છીએ અને દરેક સ્ટાફ સાનુકૂળતા પ્રમાણે હાજરી પણ આપે છે. આજરોજ હવનમાં ચાણસ્મા વીજ કચેરીના લાઈન મેન એવા શ્રી યોગેશભાઈ ખોડીદાસ પટેલ યજમાન પદ સ્વીકારેલ તેથી તેમના પરિવારને હવનના લાભ મળેલ છે..ચાણસ્મા ગામના રહીશો પણ સદર ઉજવણી નો લાભ લે છે.

## પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, ચાણસ્માની વાર્ષિક સાધારણ સભા મળી

નિતીન ઠાકર ચાણસ્મા

આજરોજ તારીખ 21/06/2026 ને રવિવારના રોજ સવારે 8:30 કલાકે રૂપપુર હરસિદ્ધિ માતાના મંદિરના સાનિધ્યમાં ચાણસ્મા બેચરાજી તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, ચાણસ્માની વાર્ષિક સાધારણ સભા મળી.

જેમાં સાધારણ સભાના અધ્યક્ષ તરીકે શ્રી દિનેશભાઈ મોતીલાલ પટેલ માજી ઉપ પ્રમુખ ચા. બે. મંડળીના નામની દરખાસ્ત શ્રી પ્રવિણસિંહ પરમાર ચા. બે. મંડળી કારોબારી સભ્ય દ્વારા મુકવામાં આવી તેને શ્રી દિલીપ ભાઈ પટેલ માજી પ્રમુખ ચા. બે. મંડળી દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો.

મંડળીના મંત્રી શ્રી દેવચંદભાઈ પટેલ દ્વારા ગત સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લેવામાં આવી જેને સાધારણ સભામાં સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

ત્યારબાદ એજન્ડા મુજબ




કાર્યવાહી શરૂ કરવામાં આવી જેમાં 15 લાખની જગ્યાએ 18 લાખની લોન આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

તેમજ અગાઉ ચાલતી અકસ્માત પોલિસી 5 લાખની જગ્યાએ 7 લાખની કરવાની હાલના ચાલુ પ્રમુખ શ્રી બેચરભાઈ પટેલ દ્વારા જાહેરાત કરવામાં આવી જે ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

સાથે સાથે 18 લાખની ધિરાણ મર્યાદા વધારી 25 લાખ સુધી કરવા સાધારણ સભામાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો. સને 2024-25ના ધોરણ 10 અને 12 ના તેજસ્વી તારલાઓનું સન્માન તેમજ તા. 31/10/2025 અને તા. 31/05/2026 ના રોજ વય નિવૃત્ત થયેલ શિક્ષકો ને સાલ ઓઢાડી મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું.

શ્રી પ્રવિણસિંહ પરમાર કારોબારી સભ્ય દ્વારા વય નિવૃત્તોના સન્માનની સાથે સાથે ચાલુ નોકરીએ અવસાન પામેલા સભાસદના વારસદાર બોલાવી તેઓનું પણ સન્માન કરવામાં આવે અને સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ શિક્ષકોનું પણ સન્માન કરવામાં આવે એવો વિચાર રજૂ કરવામાં આવ્યો એને સર્વાનુમતે વધાવી લેવામાં આવ્યો.

સભાના અંતમાં સાધારણ સભાના અધ્યક્ષ શ્રી દિનેશભાઈ પટેલ દ્વારા મંડળીના કાર્યો અને મંડળી દિન પ્રતિદિન પ્રગતિ કરે એવા આશિર્વાદ સાથે પોતાનું વક્તવ્ય આપ્યું.

અંતમાં મંડળીના મંત્રી શ્રી દેવચંદભાઈ પટેલ દ્વારા મંડળીની નાણાંકીય લેવડ દેવડ માટે બેંકનું બારકોડ ટૂંક સમયમાં જાહેરમાં મૂકવાની જાહેરાત કરવામાં આવી સાથે સાથે હાજર તમામ સભાસદો અને વ્યવસ્થાપક સમિતિના સભ્યોનો આભાર માની સભાને પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી.

## દરિયાના મોજાં અને પ્રકૃતિના રમણીય સાનિધ્ય વચ્ચે પોરબંદરમાં વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ની ઉપસ્થિતિમાં ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

પોરબંદરના વિશાળ અને મનોહર દરિયા કિનારે વહેલી સવારના શીતળ પવન, મોજાંના મધુર નાદ અને પ્રકૃતિના અલૌકિક સાનિધ્ય વચ્ચે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ખાસ કરીને આ વર્ષનો ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાનો અવસર એક અનોખો સંયોગ સર્જ્યો છે.દરિયા અને પ્રકૃતિના અદભૂત સંગમ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિ રહ્યાં હતા આ આયોજનમાં મોટી સંખ્યામાં નાગરિકો, યોગપ્રેમીઓ, વિદ્યાર્થીઓ તથા વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ યોગને સ્વસ્થ અને સંતુલિત જીવનશૈલીનો આધાર બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોરબંદરની યોગપ્રેમીઓ તેમજ દેશવાસીઓને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વને યોગની મહાન પરંપરા સાથે જોડવાનો અવસર દેશના યશસ્વી વડાપ્રધાન હશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ અને પ્રયત્નોથી પ્રાપ્ત થયો છે. તેમના પ્રયાસોના પરિણામે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા (UN) દ્વારા ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે માન્યતા આપવામાં આવી, જે સમગ્ર દેશ માટે ગૌરવની બાબત છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ‘પેઢીઓ બદલાતી રહેશે, પરંતુ ભારતની પ્રાચીન યોગ પરંપરાને વૈશ્વિક ઓળખ અપાવવા માટે દેશ હંમેશા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને યાદ કરતો રહેશે.’ તેમણે ઉમેર્યું હતું કે યોગ એ ભારતની અમૂલ્ય સાંસ્કૃતિક ધરોહર છે, જે શરીર, મન અને આત્માના સર્વાંગી વિકાસ માટે અત્યંત જરૂરી છે. યોગ માત્ર વ્યાયામ નહીં, પરંતુ સ્વસ્થ, સંતુલિત અને સકારાત્મક જીવન જીવવાની જીવનપદ્ધતિ છે.અંતમાં મંત્રીશ્રીએ સૌને અપીલ કરી હતી કે યોગને માત્ર એક દિવસની ઉજવણી પૂરતો મર્યાદિત ન રાખતા તેને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવો જોઈએ. નિયમિત યોગાભ્યાસ દ્વારા વ્યક્તિ પોતાની આંતરિક ચેતનાને જાગૃત કરી સ્વસ્થ સમાજ અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપી શકે છે. કાર્યક્રમના મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીના વિશ્વ યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમોનું લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું.

## સોમનાથ ચોપાટી ગ્રાઉન્ડ ખાતે ૧૨'માં આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

સોમનાથ ટ્રસ્ટના માનનીય અધ્યક્ષ અને દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર વિશ્વ 21 જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવી રહ્યું છે. પર્યટન વિભાગ દ્વારા આઈકોનિક પ્લેસ તરીકે ઘોષિત પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં ચોપાટી ગ્રાઉન્ડ ખાતે પ્રતિ વર્ષ વિશ્વ યોગ દિવસ પર હજારો યોગ અભ્યાસુ યોગાસનો કરે છે.શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર ના સહયોગમાં રહીને વિશ્વ યોગ દિવસ પર વધુને વધુ લોકો યોગ સાથે જોડાઈ તે પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવે છે.ત્યારે આજરોજ જ્યારે ૧૨’ માં આંતર રાષ્ટ્રીય યોગ દિવસ પર હજારોની સંખ્યામાં યોગ અભ્યાસુઓએ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોગ અભ્યાસ પૂર્ણ કર્યો ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિશેષ વ્યવસ્થા અનુસાર પ્રત્યેક યોગ અભ્યાસુને ઠંડું લીંબુ શરબત પીવડાવવામાં આવ્યું હતું. તેમજ યોગ અભ્યાસ કરવા આવેલ શાળાના બાળકો માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગ્લુકોઝ યુક્ત બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## હિંમતનગર હાઈવે પર બસ અકસ્માત, 7 ઘાયલ

(એજન્સી) હિંમતનગર । તા. 22

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે 48 પર કાટવાડ નજીક રવિવારે રાત્રે એક ખાનગી લક્ઝરી બસ અકસ્માતનો ભોગ બની હતી. સુરતથી જોધપુર જઈ રહેલી આ બસના અકસ્માતમાં ચાલક સહિત કુલ સાત મુસાફરોને ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ બસનો ચાલક કેબિનમાં ફસાઈ ગયો હતો, તેનો પગ ક્લચ નીચે દબાઈ ગયો હતો. હિંમતનગર ફાયર વિભાગને જાણ કરાતા, ફાયર ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. મશીન વડે બસના પતરા કાપીને 25 મિનિટની જહેમત બાદ ચાલકને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો હતો. હિંમતનગર ફાયર વિભાગના ફાયર ઓફિસર મયંક પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આ ઘટના રવિવારે રાત્રે પોણા બે વાગ્યા આસપાસ બની હતી. અજાણ્યા વાહન સાથે અથડાવાને કારણે આ અકસ્માત થયો હતો.

## રતનપુર પાસે ટ્રેક્ટર પાછળ બાઈક ઘૂસ્યું

### જાનમાં જઈ રહેલા બાઈકચાલક મહેશભાઈને ખેડબ્રહ્મા હોસ્પિટલ ખસેડાયા

(એજન્સી) ખેડબ્રહ્મા । તા. 22

ખેરોજ પોલીસ સ્ટેશન હદમાં આવેલા રતનપુર ગામ પાસે એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જાનમાં જઈ રહેલા બાઈક ચાલક મહેશભાઈ લિમ્બોલાનું બાઈક આગળ જઈ રહેલા ટ્રેક્ટરમાં ઘૂસી જતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, વિજયનગર તાલુકાના ઝેર ગામના રહેવાસી મહેશભાઈ લિમ્બોલા



ખેડવા ગામથી પોલાપણ ગામે જઈ રહેલી જાનમાં સામેલ હતા.

રતનપુર ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે લોખંડની એંગલ ભરેલું એક ટ્રેક્ટર આગળ જઈ રહ્યું હતું. પાછળથી આવી રહેલા મહેશભાઈએ બાઈક પરથી કાબુ ગુમાવતા તેમનું બાઈક ટ્રેક્ટરના પાછળના ભાગમાં ઘૂસી ગયું હતું, જેના કારણે આ અકસ્માત સર્જાયો હતો.

અકસ્માત બાદ ઘાયલ મહેશભાઈને 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. ફરજ પરના ડોક્ટરોએ તેમને તાત્કાલિક સારવાર પૂરી પાડી હતી.

નોંધનીય છે કે, રવિવારે બપોર સુધીમાં હાઈવે અને અન્ય વિસ્તારોમાં કુલ ચાર જેટલા અકસ્માતો નોંધાયા હતા, જેમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું.

### તસ્કરો તાળાં તોડી ચોરી ફરાર

## દાહોદ શહેરની સોસાયટીમાં જ્વેલર્સના બંધ મકાનમાંથી ₹14.17 લાખની ચોરી

(એજન્સી) દાહોદ । તા. 22

દાહોદ શહેરની સહયોગનગર સોસાયટીમાં રહેતા અને વિનોદ જ્વેલર્સ નામે સોના-ચાંદીની બે દુકાનો ધરાવતા વેપારી સંકેતકુમાર વિનોદભાઈ પંચાલના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો તિજોરીમાંથી રોકડ અને ચાંદી મળી કુલ 14,17,302 ની મતા ચોરી જતાં શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે.

તસ્કરો ઘરના તાળાં તોડી સાડા છ કિલો ચાંદી અને 5.50 લાખની રોકડ ચોરી રફૂચક્કર થઈ જતાં સ્થાનિક વેપારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ગત તા.19 જૂનના રોજ બપોરે વેપારી સંકેતકુમાર પત્ની અને દીકરી સાથે પોતાના મૂળ વતન ગરબાડાના ગાંગરડી ગામે ગયા હતા. આ દરમિયાન બંધ મકાનને તસ્કરોએ મકાનને નિશાન બનાવ્યુ હતું. બીજા દિવસે સવારે વેપારીના પિતા દીકરીઓને સ્કૂલે મૂકીને સહયોગનગરના મકાને પહોંચ્યા હતા. ત્યાં ઘરનો મુખ્ય નકુચો તૂટેલો અને અંદરનો તમામ સામાન વેરવિખેર હાલતમાં મળ્યો હતો.

તસ્કરોએ બેડરૂમની તિજોરીના ડ્રોઅર તોડી થેલીમાંથી 8,67,302 ની કિંમતના 6.560 કિલોગ્રામ ચાંદીના 8 પેટી ટુકડા અને ત્યાં જ રાખેલા ત્રણ લેડીઝ પર્સમાંથી કુલ 5,50,000 ની રોકડ રકમ સરકાવી લીધી હતી. આ મોટી ચોરી અંગે ભોગ બનનાર વેપારીએ દાહોદ એ ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા ચોરો સામે નામજોગ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધીને તસ્કરોને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

## "પોરબંદર 1983 જળ હોનારત':હજુ પણ લોકો ભૂલી શક્યા નથી

(એજન્સી) પોરબંદર । તા. 22

43 વર્ષ પૂર્વે તા. 22/6/1983 ના રોજ પોરબંદરમાં જળહોનારતને લીધે પોરબંદર પાણીમાં ગરકાવ થયું હતું. આ દિવસે રાતના સમયે અચાનક એકીસાથે 25 ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. એ દિવસની પૂર્વ સંધ્યાએ પોરબંદરના નાગરિકો એકઠા થયા હતા અને 43 વર્ષ પૂર્વેની આ હોનારતની યાદ ભારે હૃદય સાથે તાજા કરી હતી.

જગદીશભાઈ જોશી, સુરેશભાઈ કક્કડ, તુલસીદાસ કેશવજી સહિતના નાગરિકોએ જણાવ્યું હતુંકે, એ સમયે અડધી રાત્રે લોકો નિંદ્રાધીન હતા તેવા સમયે પોરબંદર શહેરમાં પાણી ભરાવા લાગ્યું હતું અને પૂરના પાણી વધવા લાગતા લોકો માલસામાન લઈ ઘરની અગાસીઓ ઉપર ચડી ગયા હતા. આ સમયે એક તરફ ક્રિકેટનો વર્લ્ડકપ હતો જેમા ભારતની ટીમ રમતી હતી. ઉપરવાસમાંથી પાણી આવતા મોકરના રણમાં પાણી ઘુસી ગયા હતા અને આ પાણી રાણાવાવ, પીપળીયા, વનાણા, રાંધાવાવ, રતનપર, છાયાં પોરબંદરમાં ઘુસ્યા હતા. પોરબંદરના મોટાભાગના વિસ્તારોમાં 8 થી 10 ફૂટ જેટલા પાણી ભરાઈ ગયા હતા. આ પૂરના લીધે અનેક પશુઓના મોત થયા હતા, અનેક લોકોની ઘરની ઘરવખરી પાણીમાં તણાઈ હતી. કેટલાક વિસ્તારમાં હોડીઓ તરાવવી પડી હતી.

## વેટરિનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી, જુનાગઢ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-2026ની ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

વેટરિનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમ દ્વારા તા. 21 જૂન, 2026ના રોજ ‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ‘ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષની યોગ દિવસની થીમ ‘સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ (Yoga for Healthy Ageing)‘ને કેન્દ્રમાં રાખીને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત NSS કાર્યક્રમ અધિકારી ડૉ.એસ.વી.માવદીયાના પ્રારંભિક ઉદ્દબોધનથી કરવામાં આવી હતી. તેમણે યોગના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લાભો અંગે માર્ગદર્શન આપ્યું હતું તેમજ નિયમિત યોગાભ્યાસ દ્વારા સ્વસ્થ અને સક્રિય જીવન જીવવા માટે સૌને પ્રેરિત કર્યા હતા. ત્યારબાદ યોગ પ્રશિક્ષક પ્રોફેસર ડૉ.કે.એ.સાદરિયા તથા NSS સ્વયંસેવકો ધ્રુવિતા બારૈયા અને અપેક્ષા દ્વારા વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક યોગાભ્યાસમાં ભાગ લીધો હતો અને યોગના મહત્વને આત્મસાત્ કર્યું હતું. કાર્યક્રમના અંતે કોલેજના પ્રિન્સિપાલ ડૉ.એમ.ડી. ઓડેદરા એ આભારવિધિ રજૂ કરી હતી. તેમણે કાર્યક્રમના સફળ આયોજન બદલ NSS એકમ, યોગ પ્રશિક્ષકો, સ્વયંસેવકો તથા ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

### ડુંગરા ગામે કૌટુંબિક અદાવત...

## 2 બેનોને પત્ની તરીકે રાખી પતિ અપહરણ કેસમાં હાલ ફરાર હોઇ સાસરિયાંનો ત્રાસ

(એજન્સી) દાહોદ । તા. 22

ફતેપુરા તાલુકાના c અને ચૂંટણીની વેરઝેરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં રમેશભાઈ પારગી નામના પુરુષ સાથે લગ્નગ્રંથિથી જોડાઇ ઘરમાં પત્ની તરીકે રહેતી બે સગી બહેનો વિનતાબેન અને ધોળીબેનને સાસરિયાંઓએ ટાર્ગેટ બનાવી છે. પતિની ગેરહાજરીનો લાભ ઉઠાવી કાકા સસરા સહિત ચાર શખ્સોએ આ બંને સગી બહેનો પર અત્યાચાર ગુજારી, ખેતરમાંથી કાઢી મૂકી રાત્રે ઘર પર પથ્થરમારો કર્યો હોવાની સનસનાટીભરી ઘટનાથી ચકચાર મચી ગઈ છે. આ વિવાદની પાછળ ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીની હાર-જીતનું જૂનું મનદુઃખ જવાબદાર છે. આ દરમિયાન કાકા સસરા લાલસીંગભાઈ વેલજીભાઈ પારગીની દીકરીના અપહરણના કેસમાં મદદગારી કરવા બદલ આ બંને બહેનોના એકમાત્ર પતિ રમેશભાઈ પારગી સામે પોલીસ ફરિયાદ થતા ફરાર છે. બે સગી બહેનોને ઘરમાં અસહાય જોઈને સાસરિયાંઓએ મોકો ઝડપી 4 જૂનના રોજ કાકા સસરા લાલસીંગભાઈ, કાકી સાસુ સુમિત્રાબેન અને તેમના પુત્ર જીતેન્દ્રભાઈએ ખેતરમાં ઘૂસી આ બંને બહેનોને બેફામ ગાળો આપી ત્યાંથી હાંકી કાઢી બીજા દિવસે રાત્રે બાબુભાઈ પારગી સહિતના શખ્સોએ બંને બહેનોના ઘર પર ભારે પથ્થરમારો કર્યો હતો. તસ્કરો અને સાસરિયાંના ત્રાસથી ફફડી ગયેલી બંને બહેનોને ગામમાંથી કાઢી મૂકવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી તેમનો ખેતરમાં જવાનો રસ્તો પણ બંધ કરી દેવાયો હતો. અંતે ન્યાયની આશાએ બંને પત્નીઓએ ફતેપુરા પોલીસ મથકે ચાર લોકો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### “ઇંધણ બચાવો, પર્યાવરણ બચાવો”

## વિશ્વ યોગ દિવસ નિમિત્તે મનપાના મેયરની અનોખી પહેલ : યોગ સ્થળ ઉપર સાયકલ લઈને પહોંચ્યા

(એજન્સી) પોરબંદર । તા. 22

આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે પોરબંદર મહાનગરપાલિકાના મેયર સાગરભાઈ મોદી એ અનોખી પહેલ કરતાં પોતાના નિવાસસ્થાનથી સાયકલ દ્વારા યોગ કાર્યક્રમના સ્થળ ચોપાટી સુધીની સવારી કરી હતી.

આ પ્રસંગે મેયરે જણાવ્યું હતું કે યોગ માત્ર શરીર અને મનને સ્વસ્થ રાખવાનો માર્ગ નથી, પરંતુ સ્વસ્થ અને પર્યાવરણમૈત્રી જીવનશૈલી અપનાવવાનો પણ સંદેશ આપે છે. તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઈંધણનો ઓછો ઉપયોગ કરવા અને પર્યાવરણ સંરક્ષણ માટે કરેલી અપીલને સમર્થન આપતાં જણાવ્યું કે નાગરિકો શક્ય હોય ત્યાં સુધી સાયકલનો ઉપયોગ કરે તો ઈંધણની બચત સાથે પ્રદૂષણમાં પણ ઘટાડો થઈ શકે છે.

ચોપાટી ખાતે યોજાયેલા વિશ્વ યોગ દિવસના કાર્યક્રમમાં પહોંચ્યા બાદ મેયરે યોગાભ્યાસમાં ભાગ લીધો અને નાગરિકોને નિયમિત યોગ કરવા તેમજ સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અનુરોધ કર્યો હતો. આ સાયકલ સવારી દ્વારા “ફિટ ઈન્ડિયા, ગ્રીન ઈન્ડિયા”નો સંદેશ સમાજ સુધી પહોંચ્યો હતો અને પર્યાવરણ જાળવણી તથા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### શ્રમજીવી પરિવારનો આબાદ બચાવ

## બાકરોલ પાસે ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ, પ્લાસ્ટિક અને કેમિકલને કારણે વકરી

(એજન્સી) અંકલેશ્વર । તા. 22

અંકલેશ્વરના બાકરોલ ઓવર બ્રિજ નજીક આવેલા એક સ્ક્રેપના ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક અને કેમિકલ વેસ્ટના જથ્થો હોવાના કારણે આગ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આકાશમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા કિલોમીટર દૂરથી જોઈ શકતા હતા. આ ગોડાઉનમાં પ્લાસ્ટિક સહિતના ભંગાર સાથે કેમિકલ વેસ્ટ નો મોટો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો હતો. કેમિકલને કારણે આગ એટલી ઝડપથી ફેલાઈ કે તેની બાજુમાં આવેલા શ્રમજીવી પરિવારના ઝૂંપડાઓ પણ પોતાની ઝપેટમાં લઈ લીધી હતી. આ અકસ્માતમાં શ્રમજીવી ની તમામ ઘરવખરી અને સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જેના કારણે પરિવારો ખુલ્લા આકાશ નીચે આવી ગયા છે. ઘટનાની જાણ થતાં જ પાનોલી ફાયર વિભાગની બે ફાયર ફાઈટરની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. ફાયરના જવાનોએ સતત પાણીનો મારો ચલાવી ને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગની તીવ્રતા ખૂબ જ વધારે હોવા છતાં, સમયસર શ્રમજીવીઓ ઝૂંપડી માંથી બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી. જોકે, ગોડાઉનમાં આટલો કેમિકલ વેસ્ટ ક્યાંથી આવ્યો અને આગ લાગવાનું ચોક્કસ કારણ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

## એશિયન પેઈન્ટ ચોકડી પાસે ડ્રાઇવરનું અજાણ્યા વાહનની ટક્કરે મોત નીપજ્યું

અંકલેશ્વર : જીઆઈડીસી અંકલેશ્વરની એશિયન પેઈન્ટ ચોકડી નજીક હાઈવે ક્રોસ કરી રહેલા પીકઅપના ચાલકને અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં ચાલકને શરીરે ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તર પ્રદેશના રસુલપુરના સરિયા બજારના વતની 34 વર્ષીય સુધીરકુમાર લલનસિંગ જય દુર્ગા રોડલાઇન્સમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા. તેઓ અંકલેશ્વર જીઆઈડીસીની જૈન પેકેજિંગ કંપનીમાંથી પીકઅપ વાહનમાં લાકડાના પાયલેટ ભરીને હાલોલ જવા માટે નીકળ્યા હતા.

## અંકલેશ્વર GIDCમાં વિશ્વ સંગીત દિવસની ઉજવણી

અંકલેશ્વર : અંકલેશ્વર GIDCમાં વિશ્વ સંગીત દિવસ નિમિત્તે ’ગાના મ્યુઝિક લવર્સ ગ્રુપ’ દ્વારા ’સ્વર સન્માન સંધ્યા’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયો હતો. વિશ્વ સંગીત દિવસ અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આ સંધ્યા ડાયમંડ ચિલ્ડ્રન થિયેટર ખાતે યોજાઈ હતી. જેમાં સંગીતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધોળાવીરા ખાતે વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી "યોગા ફોર હેલ્ધી એજીંગ" થીમ સાથે રાષ્ટ્રીય કાર્યક્રમ યોજાયો



મહેશ એલ.સોની નખત્રાણા

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ, રાજકોટ મંડળ અને ખુદાઈ શાખા-V, વડોદરાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરા ખાતે 21મી જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026 ની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી કરવામાં આવી. IDY2026 અંતર્ગત 'યોગા ફોર હેલ્ધી એજીંગ' થીમ પર સવારે 6 વાગ્યાથી યોજાયેલા આ કાર્યક્રમમાં આયુષ મંત્રાલય અને સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી મોટી સંખ્યામાં યોગપ્રેમીઓ, મહિલાઓ અને અધિકારીઓ જોડાયા હતા. 5000 વર્ષ જૂની સિંધુ સંસ્કૃતિની ભૂમિ પર યોગના આસન અને પ્રાણાયામ કરી 'પ્રાચીન વારસા સાથે સ્વસ્થ જીવનશૈલી'નો સંદેશ આપવામાં આવ્યો.કાર્યક્રમમાં યોગા ટ્રેનર મીતાબેન સોની, લતાબેન વોરા ભુજ દ્વારા વિવિધ આસનોનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું. ASIની ટીમે સમગ્ર આયોજન સફળ બનાવ્યું હતું.

# ન્યુ એરા પ્રોફેસર એકેડેમી કેશોદ દ્વારા બારમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી



નરેન્દ્ર દવે જૂનાગઢ : ન્યુ એરા પ્રોફેસર એકેડેમી, કેશોદ દ્વારા બારમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કેશોદ નગર પાલિકા સંચાલિત દિન દયાળ ઉદ્યાન બગીચામાં કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ નગરપાલિકા પ્રમુખ પ્રતીક્ષાબેન દેવળીયા, લેઉવા પટેલસમાજના પ્રમુખશ્રી પ્રવીણભાઈ ભાલારા, ડો. સ્નેહલતા તથા શાળાના સંચાલક પ્રો. પ્રવીણ ગજેરા સહિતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.આ પ્રસંગે શાળાના બાળકો અને તેમના વાલીઓએ ઉત્સાહભેર સામૂહિક યોગાભ્યાસ કર્યો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ વિવિધ યોગાસનો રજૂ કરીને યોગના મહત્વ અને સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ છવાયેલું રહ્યું હતું. કાર્યક્રમનું સંચાલન આનંદ બથિયા અને ચિંતન પનારા દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# ભુજ ખાતે અખિલ કચ્છ જિલ્લા જત મલેક સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

## કલરાવાંઢ પ્રાથમિક શાળાના તારલાઓ રહ્યા સન્માન સમારોહના કેન્દ્રસ્થાને

જગદીશ પી. દવે |દેશલપર (ગુંતલી)

અખિલ કચ્છ જિલ્લા જત મલેક સમાજ દ્વારા ભુજ ખાતે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના પ્રોત્સાહન અને શિક્ષણના વ્યાપને વધુ વેગ આપવા માટે ભવ્ય શૈક્ષણિક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમગ્ર કચ્છ જિલ્લાના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કલરાવાંઢ પ્રાથમિક શાળાના ધોરણ 7 અને 8ના વિદ્યાર્થીઓ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સન્માન મેળવ્યું હતું. આ સિદ્ધિથી શાળા તેમજ સમગ્ર જત મલેક સમાજનું ગૌરવ વધ્યું છે.




સન્માનિત વિદ્યાર્થીઓમાં જત હુરબાઈ ઉમર, જત અનવર કાસમ, જત મુમલ કાસમ, જત સુખીયાણી જાકબ અને જત નજીરા સાયનાનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ રહેલી શાળાના આચાર્ય શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિની નિષ્ઠા, માર્ગદર્શન અને મહેનતને બિરદાવતા સમાજના આગેવાનો દ્વારા તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સમાજના પ્રમુખ શ્રી ઈશાકભાઈ જત તેમજ અગ્રણીઓ હાજી સલીમ જત, ઈમરાનભાઈ જત, મામદ રહીમ જત, ઈબ્રાહિમ જત અને હનીફ સાલેમામદ જતનું કલરાવાંઢના હાજી કાસમ જત દ્વારા મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

# રઘુવંશી સોશિયલ ગ્રુપ નખત્રાણાની ત્રણ નવી ટીમોના હોદ્દેદારો નિમાયા

મહેશ એલ. સોની નખત્રાણા

શ્રી નખત્રાણા તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપની ત્રણ અલગ અલગ ટીમોના નવનિયુક્ત હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. સમાજના સર્વાંગી વિકાસ અને યુવાનોને સંગઠિત કરવાના ઉદ્દેશથી આ નિમણૂકો કરવામાં આવી છે. રઘુવંશી સોશિયલ ગ્રુપ યુવા ટીમના પ્રમુખ તરીકે રવિ કલ્પેશભાઈ સચદે તથા મહામંત્રી પદે શિવ નીતિનભાઈ રાજદે અને ચેતન મનોજભાઈ બારૂની વરણી થઈ છે. મુખ્ય કારોબારીના



પ્રમુખ તરીકે શીવા (ભાવિન) જગદીશભાઈ પલણ તથા મહામંત્રી પદે ધર્મેશ અરવિંદભાઈ કતીરા અને રાજદીપ બાલકૃષ્ણ મજેઠીયાની નિમણૂક કરવામાં આવી છે. સાથે સંગઠન ટીમના પ્રમુખ તરીકે વિગ્નેશ પંકજભાઈ દૈયા તથા મહામંત્રી પદે મિલેશ વસંતભાઈ પલણ અને અશ્વિન ટોકરશીભાઈ આંઈયાની વરણી થઈ છે. નવનિયુક્ત પ્રમુખોએ જણાવ્યું કે આગામી સમયમાં શિક્ષણ, આરોગ્ય, સંસ્કૃતિ અને સેવાકીય ક્ષેત્રે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. યુવા શક્તિને સાથે રાખી સમાજને નવી દિશા આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. નવનિયુક્ત હોદ્દેદારોને સમાજના વડીલો, અગ્રણીઓ અને યુવા કાર્યકરોએ શુભેચ્છા પાઠવી છે. સમગ્ર રઘુવંશી સમાજમાં નવી ટીમોની વરણીને લઈ હર્ષની લાગણી ફેલાઈ છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગીર સોમનાથ ખાતે કિસાન સન્માન સમારોહનું જીવંત પ્રસારણ યોજાયુ હતું

નરેન્દ્ર દવે જૂનાગઢ : સોમનાથ તા.૨૨. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૩ મો હપ્તો આજરોજ પશ્ચિમ બંગાળ ખાતે આયોજિત કાર્યક્રમમાં માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા રિલિજ કરવામાં આવ્યો હતો. જેનું જીવંત પ્રસારણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંબુજાનગર ખાતે જીલ્લા ખેતીવાડી વિભાગ, ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે કિસાન સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં અધ્યક્ષ તરીકે કોડીનાર નગરપાલિકાના ઉપ-પ્રમુખ શ્રી શિવાભાઈ સોલંકી હાજર રહ્યા હતા તથા નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ), શ્રી પુષ્પકાન્ત સ્વર્ણકર, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, શ્રી વિમલભાઈ પટેલ, બાગાયત અધિકારીશ્રી, બરખાબેન બારડ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત વરિષ્ઠ વૈજ્ઞાનિક & વડા, કેવીકે- શ્રી જીતેન્દ્રસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી પુષ્પકાન્ત સ્વર્ણકર સાહેબે ખેડૂતોને પ્રાકૃતિક વિષય ઉપર માહિતી આપી હતી. શ્રી વિમલભાઈ પટેલ સરકારશ્રીની ખેતીવાડી વિભાગની યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા. શ્રી રમેશભાઈ રાઠોડ, વિષય નિષ્ણાત (પાક સરક્ષણ) એ સંકલિત રોગજીવાત વિશે માહિતી આપી હતી તથા શ્રી મનીષભાઈ બલદાણિયા, વિષય નિષ્ણાત (પાક વિજ્ઞાન) એ અલ નિનોની અસર વિશે ઉપસ્થિત ખેડૂતોને માહિતી આપી હતી.માનનીય પ્રધાનમંત્રીના ઉદબોધનનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સર્વેએ નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૨૯ જેટલા ખેડૂત ભાઈઓ- બહેનોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કેવિકે, ખેતીવાડી વિભાગ અને આત્મા પ્રોજેક્ટ ગીર સોમનાથની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી રમેશભાઈ રાઠોડ, વિષય નિષ્ણાત (પાક સરક્ષણ) અને પ્રધાનમંત્રીનું જીવંત પ્રસારણ (લાઈવ વેબ કાસ્ટિંગ) શ્રી અજયભાઈ ધાનાણી (પ્રોગ્રામ આસિસ્ટન્ટ) દ્વારા કરવામાં આવ્યું હતું.

# નર્મદા જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનની નિમણુંક

રાજપીપલા : આજરોજ નર્મદા જિલ્લા પંચાયત આમ આદમી પાર્ટીના પ્રમુખ અંજનાબેન અનિરુદ્ધભાઈ વસાવાની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ સમિતિઓના અધ્યક્ષોની પણ નિમણૂક કરવામાં આવી હતી. જે મુજબ કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે અસ્મિતાબેન આઝાદસિંહ ઠાકોર, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ તરીકે શકુંતલાબેન દેવેન્દ્રભાઈ વસાવા, શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે ગોવિંદભાઈ ઈશ્વરભાઈ ભીલ, જાહેર આરોગ્ય સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. દયારામભાઈ ભોરૂભાઈ વસાવા, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષ તરીકે પંકજકુમાર મહેન્દ્રભાઈ વસાવા, અપીલ સમિતિના અધ્યક્ષ તરીકે અંજનાબેન અનિરુદ્ધભાઈ વસાવા, ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ તરીકે રમિલાબેન નરોતમભાઈ વસાવા તેમજ મહિલા અને બાળ વિકાસ તથા યુવા પ્રવૃત્તિઓ સમિતિના અધ્યક્ષ તરીકે શકુંતલાબેન શાંતિભાઈ તડવીની નિમણૂક કરવામાં આવી હતી.વિવિધ સમિતિઓની નિમણુંક બાદ આદિવાસી સમાજ ની સંસ્કૃતિ મુજબ પૂજા વિધિ કરવામાં આવી.આ તકે મિડીયા સાથે વાત કરતા આમ આદમી પાર્ટી ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, આજે નર્મદા જિલ્લા પંચાયત ખાતે જિલ્લા સેવા સદનમાં યોજાયેલી સામાન્ય સભામાં કુલ આઠ સમિતિઓના અધ્યક્ષોની વરણી કરવામાં આવી છે. જેમાં કારોબારી, શિક્ષણ, જાહેર બાંધકામ સહિત વિવિધ સમિતિઓના અધ્યક્ષોની નિમણૂક કરવામાં આવી છે. આ પ્રસંગે તેમણે આમ આદમી પાર્ટીના રાજ્ય અને જિલ્લા સ્તરના નેતૃત્વનો આભાર વ્યક્ત કરતાં ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

# ગરુડેશ્વર ની ભુમલિયા. પાણી પુરવઠા યોજના ક્યારે પૂર્ણ થશે . ??, ધારાસભ્ય ડો . દર્શના દેશમુખે કલેકટર સમક્ષ પ્રશ્ન ઉઠાવ્યો

રાજપીપલા : નર્મદા જિલ્લા ના ગરુડેશ્વર તાલુકાની ભુમલિયા પાણી પુરવઠા યોજના ક્યારે પુરી થશે ? તે પ્રશ્ન અત્રે જિલ્લા કલેકટર ના અધ્યક્ષ સ્થાને મળેલ સંકલન સમિતિ માં રાજપીપલા ના ધારાસભ્ય ડો . દર્શના દેશમુખે રજુ કર્યો હતો .મુજબ અત્રે કલેકટર ગંગાસિંહ ના અધ્યક્ષ સ્થાને મળેલી નર્મદા જિલ્લા સંકલન સમિતી ની મિટિંગ માં જિલ્લા ભાજપ. પ્રમુખ ના રાજીનામાં મામલે ધરણા પર બેસી ગુજરાતભર માં પ્રસિદ્ધ થયેલા ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે ભુમલિયા પાણી પુરવઠા યોજના નો મુદ્દો ઉઠાવ્યો હતો . ધારાસભ્ય એ રજુઆત કસરત જણવ્યું હતું કે આ પાણી પુરવઠા યોજના થી કેટલા ગામો ને પાણી મળશે ?કેટલા ગામો માં નળ સુધી પાણી પહોંચે છે ? કેટલા ગામો માં પાઈપલાઈન નું કામ હજુ બાકી છે ? તે કેટલા સમય માં પૂર્ણ થશે તેમ પૂછતાં પાણી પુરવઠા યોજના ના અધિકારીઓ માં સોપો પડી જવા પામ્યો હતો . આ ઉપરાંત ડો . દર્શના દેશમુખે તિલકવાડા તાલુકા માં નર્મદા કેનાલ ની કેટલી સાફસૂફી થઈ છે એની માહિતી તસવીરો સાથે માંગી હતી . તો સોઈકુંવા - નામલપુર સબસ્ટેશન વીજપ્રવાહ ની બે લાઈન જેટકો ક્યારે શરુ કરશે ? તેની પણ માહિતી અધિકારીઓ પાસે માંગતા ધારાસભ્ય ની આ જાગૃતતા થી અધિકારીઓ ગૂંચવાઈ ગયા હોવાનું જાણવા મળે છે.

# શ્રી નાગવીરી પ્રાથમિક શાળામાં ભવ્ય 'પ્રવેશ ઉત્સવ' ઉજવાશે

મહેશ એલ. સોની નખત્રાણા

"વિદ્યા દદાતિ વિનયમ્" ના સૂત્રને સાર્થક કરતી શ્રી નાગવીરી પ્રાથમિક શાળા, નખત્રાણા ખાતે તા. 23 જૂન 2026, મંગળવારના રોજ સવારે 10:00 કલાકે નવા શૈક્ષણિક સત્રનો શુભારંભ ભવ્ય 'પ્રવેશ ઉત્સવ' કાર્યક્રમથી કરવામાં આવશે. આચાર્ય ચાણક્યના શબ્દો "શિક્ષણ એ સૌથી શ્રેષ્ઠ મિત્ર છે, શિક્ષિત વ્યક્તિ સર્વત્ર પૂજ્ય બને છે" ને ચરિતાર્થ કરતો આ કાર્યક્રમ બાલવાટિકા થી ધોરણ 8 સુધીના વિદ્યાર્થીઓ માટે યોજાશે, જેમાં નવા પ્રવેશપાત્ર બાળકોને કુમકુમ તિલક કરી શાળા પરિવારમાં આવકારવામાં આવશે. આ શુભ અવસરે શાળાના આચાર્યા




છાયાબેન મોદીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન થયું છે, જેમાં શિક્ષકો વિરેન ભાઈ પરમાર અને હરિરાજ પટેલ વિશેષ જહેમત ઉઠાવી રહ્યા છે. આ પ્રસંગે નખત્રાણા ગ્રામ પંચાયતના સરપંચ મરિયમબેન લુહાર, નખત્રાણા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતિ ભાવનાબેન પટેલ SMC અધ્યક્ષ હિના બેન સંજોટ સહિત ગામના અગ્રણીઓ, શિક્ષણ પ્રેમી નાગરિકો અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળકોને આશીર્વાદ આપશે. કાર્યક્રમનો શુભારંભ સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્યથી થશે, ત્યારબાદ નવા બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવશે અને શિક્ષણના મહત્વ પર પ્રેરક ઉદ્બોધન યોજાશે. બાલવાટિકા થી ધોરણ 8 સુધીની પ્રવેશ પ્રક્રિયા સ્થળ પર જ ઉપલબ્ધ રહેશે. શાળા પરિવારે શિક્ષણના આ પવિત્ર કાર્યનો પ્રારંભ મંગલમય વાતાવરણમાં થાય તે માટે સૌ વાલીઓને સહપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

# રાયધણપર ખાતે થયેલા સામૂહિક હુમલાના વિરોધમાં નખત્રાણા ખાતે સમસ્ત હિન્દુ સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું

મહેશ એલ.સોની નખત્રાણા

કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના રાયધણપર ગામે તા. 29/05/2026 ના રોજ રાત્રિ દરમિયાન નાના વરનોરા ગામના અસામાજિક તત્વો દ્વારા પૂર્વયોજિત મોટી સંખ્યાના ટોળા દ્વારા હથિયારો સાથે કરવામાં આવેલા સામૂહિક હુમલાના વિરોધમાં આજ રોજ નખત્રાણા મામલતદાર કચેરી ખાતે સમસ્ત હિન્દુ સમાજ, નખત્રાણા તાલુકા દ્વારા મામલતદારશ્રીને આવેદનપત્ર આપી કડક પગલાં ભરી તાત્કાલિક સજા કરવાની માંગ કરવામાં આવી હતી. આ ઘટનામાં ગામના યુવાનો પર હુમલો, વાહન ચઢાવવાનો પ્રયાસ અને વીજલાઈન ખોરવીને ગામની શાંતિ ડહોળવાનું કાવતરું રચવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં આરોપીઓ સામે પાસા હેઠળ કાર્યવાહી, જૂના ગુનાઓમાં કડક પગલાં, ગેરકાયદેસર દબાણો દૂર કરવા, વીજચોરી અટકાવવા તથા કાયમી પોલીસ ચોકી





સ્થાપવાની માંગ કરવામાં આવી છે. સમાજે નોંધ લીધી કે આ ઘટના બાદ પશ્ચિમ કચ્છ એસ.પી. શ્રી વિકાસ સુંડા સાહેબ સહિત પોલીસ તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી છે, છતાં ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે કાયમી ઉકેલ જરૂરી છે. આ આવેદનપત્રની નકલ મુખ્યમંત્રીશ્રી, ગૃહમંત્રીશ્રી અને પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) સુધી રવાના કરવામાં આવી છે. આજના આ કાર્યક્રમમાં નખત્રાણા તાલુકાના આગેવાનો શ્રી લક્ષ્મણસિંહ સોઢા, વસંતભાઈ વાઘેલા, ચંદનસિંહ રાઠોડ, ડાયાલાલભાઈ સેંઘાણી નીતિનભાઈ ઠક્કર, મનનભાઈ લુહાર, છગનભાઈ ધનાણી, હરેશભાઈ કોલી, મનીષભાઈ મહેશ્વરી, શૈલેષભાઈ જોશી, શૈલેષભાઈ બ્રહ્મક્ષત્રી રવજીભાઈ કરસન પટેલ, મંગળભાઈ વાળંદ, લખનભાઈ દેસાઈ, હમીરભાઈ, કારા આહીર, દાનાભાઈ આહીર, જેસંગભાઈ આહીર સહિતના અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને મામલતદારશ્રીને આવેદનપત્ર સુપરત કર્યું હતું. સમસ્ત હિન્દુ સમાજે કચ્છમાં કાયમી શાંતિ અને ભયમુક્ત વાતાવરણ માટે સરકાર તાત્કાલિક નિર્ણાયક પગલાં લે તેવી આગ્રહપૂર્વક વિનંતી કરી છે, એવું વિશ્વ હિન્દુ પરિષદ માતાનામઢ જિલ્લા પ્રચાર પ્રસારક હિરેનભાઈ ભાનુશાલી જણાવ્યું હતું.

# સિવિલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે GMERS General Civil Hospital, જૂનાગઢ ખાતે આયોજિત યોગ કાર્યક્રમ ઉત્સાહભેર અને સફળતાપૂર્વક સંપન્ન થયો. કાર્યક્રમમાં માનનીય મેડિકલ સુપ્રિટેન્ડેન્ટશ્રી ડૉ.કૃતાર્થ બ્રહ્મભટ્ટ, આસિસ્ટન્ટ મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. ભાવિનભાઈ, ઈન્ચાર્જ નર્સિંગ અધિક્ષક હેમલતાબેન પટેલ, મનીષ હડીયા, તમામ ANS, Nursing Incharge, Nursing Staff, વહીવટી અધિકારીશ્રી



મનસુખભાઈ, વહીવટી સ્ટાફ, સર્વન્ટ સુપરવાઈઝર ધવલભાઈ તથા તેમની ટીમ, નર્સિંગ સ્ટુડન્ટ્સ સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યોગ માત્ર એક વ્યાયામ નથી, પરંતુ શરીર, મન અને આત્મા વચ્ચેનું સંતુલન સ્થાપિત કરતું જીવનદર્શન છે. આરોગ્યસેવા સાથે જોડાયેલા નર્સિંગ સ્ટાફ અને આરોગ્ય કર્મચારીઓ જ્યારે યોગને પોતાના જીવનનો ભાગ બનાવે છે, ત્યારે તેઓ માત્ર પોતાનું જ નહીં પરંતુ દર્દીઓના જીવનમાં પણ સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. યોગ દ્વારા પ્રાપ્ત થતી માનસિક શાંતિ, એકાગ્રતા અને સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ દર્દીઓ સુધી પહોંચે છે, જે તેમને સ્વસ્થ અને સુખમય જીવન જીવવા પ્રેરિત કરે છે. આરોગ્ય ક્ષેત્રના કર્મચારીઓ સમાજમાં યોગના સંદેશના સાચા દૂત બની શકે છે. આ સુંદર આયોજનને સફળ બનાવનાર તમામ અધિકારીઓ, નર્સિંગ પરિવાર, સ્ટાફ અને વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર. "યોગ એ સ્વસ્થ શરીર, શાંત મન અને સુખી જીવનની ચાવી છે." એક દિવસનો યોગ નહીં, જીવનભરનો સંકલ્પ - સ્વસ્થ ભારત, સશક્ત ભારત.

# ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં નુતન ભવનમાં યુનિ. કક્ષાના યોગ દિનની ઉજવણીમાં સહભાગી થતાં કૂલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણ

નરેન્દ્ર દવે જૂનાગઢ : વિશ્વ યોગ દિવસ નિમિત્તે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં નુતન ભવનનાં પ્રાંગણમાં યુનિ.નાં રમત ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજિત યુનિ.કક્ષાના યોગદિનની ઉજવણી કૂલપતિ પ્રો. (ડો.) પ્રતાપસિંહજી ચૈહાણનાં અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. યોગ નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ મહાનુભાવો અને યુનિ.નાં અધીકારી/કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ વિવિધ યોગ, પ્રાણાયામ, ધ્યાન વડે સામૂહિક યોગાભ્યાસ કરી સ્વસ્થ જીવનશૈલી માટે યોગ અપનાવવાનો સંદેશ આપ્યો હતો. ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભેચ્છા પાઠવતા કૂલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યું કે, યોગ એ ભારતની પ્રાચીન સંસ્કૃતિની વિશ્વને મળેલી અમૂલ્ય ભેટ છે. સમગ્ર માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાનશ્રીએ સમગ્ર વિશ્વને યોગથી જોડ્યું છે. ભાષા કે સરહદોના ભેદ ભૂલીને સ્વાસ્થ્ય, શાંતિ અને એકતાના પ્રતીકરૂપે યોગ દિનની ઉજવણી થઈ રહી છે. આપણી યુનિ.નો વિદ્યાર્થી યોગમાં વિશ્વકક્ષાની સ્પર્ધામાં અવ્વલ યોગની ખ્યાતિમાં એક છોગુ ઉમેર્યુ છે. પ્રો. પ્રતપસીંહજીએ વધુમાં ઉમેર્યુ હતુ કે યોગ શરીર, મન અને ચેતનાને એકસૂત્રમાં બાંધે છે. યોગ જીવન જીવવાની કળા અને વિજ્ઞાન છે. સ્વસ્થ અને નિરોગી જીવન માટે નિયમિત યોગ આવશ્યક છે, યુનિ.નાં કુલસચિવ ડો.આર.જી.પરમારે ઔપચારીક વાતમાં કહ્યુ હતુ કે અનિયમિત દિનચર્યા, અવિચારી ખાનપાન અને માનસિક તણાવ-સ્ટ્રેસ ભેટમાં મળ્યા છે, ત્યારે યોગ એ દવાનું કામ કરે છે. વગર દવાએ શરીર અને મન-મસ્તિષ્કને સ્વસ્થ રાખતા યોગને સૌએ જીવનશૈલીનો ભાગ બનાવવો જોઈએ. વિશ્વ યોગ દિવસ નિમિત્તે રાષ્ટ્રીય કક્ષાએ કોલકાતામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ રાજ્ય કક્ષાએ ગાંધીનગર જિલ્લાના માણસામાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમનું સૌએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. વડાપ્રધાનશ્રી દેશવાસીઓને યોગ દ્વારા સ્વાસ્થ્ય-તંદુરસ્તીનો પ્રેરણા સંદેશ આપ્યો હતો. ૪૫ મિનિટના કોમન યોગ પ્રોટોકોલમાં પ્રો. જયસિંહ ઝાલા,પ્રો.સુહાસ વ્યાસ, પ્રો. નવલ કપુરીયા, પ્રો.ફિરોઝ શેખ, ડો. નિશીથ ધારૈયા, ડો.દિલસુખ સુખડીયા, ડો.મયંક સોની, ડો.કિર્તીબા વાઘેલા, ડો. રાજશ રવિયા, ડો.રમેશ ચૌહાણ, ડો. જીતેન્દ્ર ભાલોડીયા, ડો.ઓમ જોષી, ડો.રૂપલ ડાંગર, ડો.પરાગ દેવાણી, ડો. ઋષિરાજ ઉપાધ્યાય, ડો.વિનીત વર્મા, ડો.જસ્મિન ભાલોડીયા, ડો. વિરમ મોઢવાડીયા, ચંદ્રકાન્ત પરમાર, અશ્વિન પટેલ, સહિત વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, કર્મયોગીઓ, મોટી સંખ્યામાં યોગપ્રેમી ગ્રામિણ નાગરિકો યોગાભ્યાસમાં જોડાયા હતા.

# રાજકીય પાર્ટીઓની વ્યથા.

ડાકિયા ડાક લાયા.. ડાકિયા ડાક લાયા..

ભારતીય સિનેમા જગતની સુપર હિટ ફિલ્મ "શોલે" એના તાકતવર કિરદાર ના લીધે દર્શકોની ફેવરિટ આજે પણ છે. નવલકથા કે ફિલ્મ પાત્રો શક્તિશાળી હોય તો જ લોકોને પસંદ પડે છે.આજ સુધી શોલે ફિલ્મ નો રેકોર્ડ અન્ય ફિલ્મો તોડી શકી નથી.ડોન ફિલ્મ ની જેમ ઘણી ફિલ્મોની રીમિક્સ બની પણ શોલે ની રીમિક્સ બનાવવા ની તાકાત એક દિગ્દર્શકો માં ન મળે,કેમ? ફિલ્મ માં જય અને વીરુ જેવી તાકતવર જોડી અને ગબ્બર સિંહ જેવો "કિતને આદમી હૈ" વિલન મળવો મુશ્કેલ છે.આ ફિલ્મ ના ડાયલોગ થી લઈને ગીત સંગીત આજે પણ પસંદગી ના મામલે નંબર વન છે. થિયેટરો માં ચાલતી ફિલ્મો અને જાહેર જીદંગીના માં ભજવતા નાટક વચ્ચે અનોખો સમન્વય જોવા મળે છે. ઘણાખરા અંશે રાજકારણ અને ફિલ્મ ના પાત્રો વચ્ચે સામાન્યતા જોઈ શકાય છે. રાજકારણ ના વિષય ને ગળથૂથી બનાવી આત્મ સાત કરી ચૂકેલ વર્તમાન સમય ના રાજકારણ ના જય વીરુ મતલબ વડાપ્રધાન મોદીજી અને અમિત શાહજીની શાતિર વ્યૂહ રચના ને લીધેજ બીજેપી નો ડંકો બુલંદ છે. બીજેપી ની સફળતા માં વડાપ્રધાન મોદીજી આગામી દિવસો માં નહેરુજી પાછળ છોડી દેશે. બીજેપી ની સફળતા પાછળ અમિત શાહ અને વડાપ્રધાન મોદીજી ની કુનેહ તો છે જ પણ શોલે ફિલ્મ ના ગબ્બર ની જેમ બીજેપી ની ફિલ્મ ને સફળ



- રુપાલી દવે



બનાવવવા રાહુલ ગાંધીની ભૂમિકા ને નકારી શકાય નહી.

વરસો થી ભારતીય રાજકારણ માં ઊંડા મૂળિયા નાખી ને એનેક પાર્ટીઓ ના ટેકા સાથે એકધારું શાસન કરી રહેલ કૉંગ્રેસ પાર્ટી ને સ્વપ્નેય ખ્યાલ નહતો કે અચાનક એણે રોપેલ વટ વૃક્ષ ના મૂળિયા નબળા થઈ જશે.વટ વૃક્ષ જમીન દોસ્ત થઈને વેરવિખેર થઈ જતા "અસ્તિત્વ વિહિન" પાર્ટી ભૂલ ઉપર ભૂલ કરી ને ટુ થર્ડ મેજોરિટી માંથી માત્ર વીસ પચ્ચીસ સીટ માં કોંગ્રેસ પાર્ટી સમેટાઈ ગઈ છે. રાજકારણ ના ખેલ એ ચૂંટણી ના ગણિત થી સફળ થતા હોવાથી અનુભવી લોકો જ સમજી શકે છે

ભારતના રાજકારણ માં "પરિવાર વાદ" એ જ મોટાભાગ ની પાર્ટીની દશા બગાડી નાખી છે.પરિવાર વાદ એ એક પ્રકારે "ઉધઈ (જે લાકડા ને પૂરેપૂરું ખોખલું બનાવી નાખે છે)" એવું સાબિત થાય છે. સમસ્યા એ નથી કે કોંગ્રેસ સહિત ક્ષેત્રીય પાર્ટીઓ પાસે અનુભવી નેતાઓ ની ખોટ છે આ બધી પાર્ટીઓ માં "ચમચા" બનવું પડતું હોય છે એટલે અનુભવી નેતાઓ ખુદ કોર્નર થઈ જતા હોય છે. કોંગ્રેસ પાસે અનુભવી નેતાઓની ફોજ છે પણ રાહુલ ગાંધી ની હા માં કરે એવા કે. સી,વેણુ ગોપાલ, સામ પિત્રોડા,ખડગે વગેરે જેવા નેતાઓનું જ કોંગ્રેસ માં ચાલે છે. કોંગ્રેસ પાર્ટી ને રાહુલ ગાંધી ની જગ્યા એ અનુભવી નેતા ની જરૂર છે પણ ગાંધી પરિવાર ને ભગવાન માનતી કોંગ્રેસ પાર્ટી રાહુલ ગાંધીની જગ્યા એની બહેન પ્રિયંકા ને પણ રાખશે નહી.

અંધ ધૃતરાષ્ટ્ર દિશાહીન હતો એટલે એના સમગ્ર વંશ નો સર્વનાશ થયો હતો. ત્રણ બુઝુર્ગ પાત્રો એ મહાભારત ના યુદ્ધ નું નિર્માણ થવા દીધું ધાર્યું હોત તો મહાભારત ના યુદ્ધ નો સર્વનાશ રોકી શકત પણ ત્રણેય ફરજ,મોહ અને વફાદારીથી બંધાયેલા હતા એટલે સાચી સલાહ આપી નહી. ભીષ્મ પિતામહ હસ્તિનાપુર ની ગાદી ને સમર્પિત રહ્યા નજર સમક્ષ પાંડવો સાથે લાખ અન્યાય થતા જોયા પણ સલાહ આપવા ના બદલે ચુપ રહ્યા. રાજા ધૃતરાષ્ટ્ર ના સલાહકાર મંત્રી વિદુરજી એ અંધ રાજાની આંખ પર પુત્ર મોહ ની પટ્ટી કાઢવા પ્રયત્નો તો ખૂબ કર્યા હતા પણ નિષ્ફળ રહ્યા. હસ્તિનાપુર માં અધર્મ વધતા ધર્મી વિદુરજી એમના પત્ની સુલભા સાથે તીર્થ યાત્રા કરવા નીકળી ગયા હતા. મહાભારત ગ્રંથ માં ના ત્રણ વૃદ્ધો અંધ ધૃતરાષ્ટ્ર,વિદુરજી અને ભીષ્મ પિતામહ એ "મહાભારત ના યુદ્ધ" માટે પોતપોતાની મજબૂરી દર્શાવી હતી.ધૃતરાષ્ટ્ર નું વાક્ય "નાના ભાઈ પાંડુ ના દીકરા ઓને થતો અન્યાય સમજી શકું છું પણ પુત્ર મોહ ના લીધે આ બાબતે કશુંય કરી શકતો નથી."


કોંગ્રેસ અને અન્ય ક્ષેત્રીય પક્ષો ની સમસ્યા એ છે કે આ બધી પાર્ટીઓના વિદુરજી જેવા સાચા સલાહકાર મંત્રી નથી. રાજકારણ માં મંત્રી સાચું ખોટું એના નેતા ને ડર્યા વગર રોકડું પરખાવી શકતો હોવો જોઈએ. પક્ષ પ્રમુખ ના નિર્ણયો થી પાર્ટીઓ સફળતા નિષ્ફળતા પ્રાપ્ત કરતી હોય છે.પક્ષ પ્રમુખનો નિર્ણય નબળો ને દિશા હિન હશે તો પાર્ટી ને નિષ્ફળતા જ મળશે. વર્તમાન સમયમાં ભારતની એકપણ પાર્ટી, નેતા એ ભ્રષ્ટાચાર ન કર્યો હોય તેવું શક્ય જ નથી. જાહેર જીવન માં સ્વચ્છ છબીમાં ફરે છે એણે પણ ખુદની તિજોરી ભરવા માં પાછું વળી ને જોયું નથી. ભારત માં ધન કમાવવા માટે જ જનતા રાજકારણ માં કેરિયર બનાવવાનું પસંદ કરે છે. જનતાની સેવા થતી હોત તો આઝાદી ના પંચોતેર વર્ષ બાદ ભારત માં ગરીબી ઝીરો હોત. મોટાભાગ ની સરકારી ગરીબ યોજનાઓ ગરીબ સુધી પોંહચતા પહોંચતા પા ભાગ ની થઈ જતી હોય છે.ગરીબ આવાસ યોજના માં જેને ઘર એલોટ થયા છે એ ખરેખર ગરીબ છે કે નહીં એ ચકાસવા નો સમય સરકાર પાસે નથી.મોટાભાગ ની ગરીબ આવાસ યોજના નો લાભ ગરીબની ઝૂંપડી ભાડે રાખીને અને એના ખિસ્સા ગરમ કર્યા બાદ યોજના નો લાભ દલાલો જ લેતા હોય છે.જો આવું ન હોય તો ભારત માં ગેર કાયદેસર ઝુપડ પટ્ટીઓ નું પ્રમાણ ઘટ્યું હોત.

આ પરિસ્થિતિ માં ભારત ની જનતા સ્માર્ટ બની જતા વોટ આપતા પહેલા પોતાના લાભ નું વિચારતી થઈ ગઈ છે.વર્તમાન સમય ની રાજનીતિએ પ્રજા ને ડરાવી ધમકાવી ને અથવા તો ચૂંટણી દરમિયાન આર્થિક નાના મોટા પ્રલોભનો નું નથી. ટેક્નોલોજી ના જમાના માં નાના માં નાના અભણ માણસ પાસે મોબાઈલ છે ને એના મોબાઈલ માં સોશિયલ મીડિયા આવે છે એટલે એ વિશ્વ ને એ પોતાની નજરે માપી તોલી શકે છે.ભલે ગમે તેટલો શાસક માથાભારે હોય એને એક ના એક દિવસે જનતા જમીન દેખાડે જ છે. ક્ષેત્રિય પાર્ટી TMC અને શિવસેના પાર્ટ ટુ ની હાર બાદ એની પાર્ટી ના નેતાઓ એ એક પછી એક એનો સાથ છોડી ને અન્ય પાર્ટી માં જતા રહ્યાં. ઓચિંતી બનેલ ઘટના ને લીધે ક્ષેત્રિય પાર્ટીઓમાં ઘમાસાણ મચી ગઈ. આ બધી પાર્ટીઓના પ્રવક્તાઓ ને મીડિયા માં શું બયાન આપવું એ પણ સમજાતું નહતું. જ્યારે કંઇ ન સૂઝે ત્યારે "ED CBI ના ભયે અમારા નેતાઓ બાગી થઈ ગયા" વેદના ના ઠીકરાં ફોડવાનું ક્ષેત્રીય પક્ષો ના પ્રવકતા ઓને આવડતું હોય છે. હાર બાદ પાંચ વર્ષના શાસન માં ભૂલ શું થઈ? ક્યારેય નેતાઓ આ બાબતે મનોમંથન કરતા નથી.

પાર્ટીઓમાં "પરિવાર વાદ નેસ્તનાબુદ થશે ત્યારે જ સફળતા મેળવી શકશે.

# ડો.સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, જૂનાગઢમાં આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ : આપણે આ બાબતે સમગ્ર વિશ્વમાં ગૌરવ લેવું જોઈએ કે ભારત દેશે તથા સમગ્ર વિશ્વે આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો સ્વીકાર કરી અને હવેથી કાયમ 21 જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વિશ્વભરમાં ઉજવણી કરવામાં આવે છે તેનો યશ આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ફાળે જાય છે. આજનો બારમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ હતો. આ વર્ષે માણસા ખાતે 12માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી મુખ્યમંત્રીશ્રીની હાજરી માં કરવામાં આવી હતી બારમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી એ રીતે વિશેષ છે કે વડાપ્રધાનના સુશાસનના પણ 12 વર્ષ પૂર્ણ થયા છે. આજે વિશ્વના લોકો તનાવપૂર્ણ જીવન જીવી રહ્યા છે. બ્લડપ્રેશર, ડાયાબિટીસ, હૃદય



રોગ જેવા ગંભીર રોગો એમના શરીરમાં પ્રવેશી ચૂક્યા છે, ત્યારે એને ધીરે ધીરે માનવને સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલીમાં વાળી શકાય એ માટે યોગ વિના હવે કોઈને ચાલે એમ નથી. જેનું માર્ગદર્શન વિશ્વને ભારતે પૂરું પાડ્યું છે એનું આપણને ગૌરવ હોવું જોઈએ. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે કોલેજના પ્રોફેસર ડો. હીરાબેન રાજવાણીએ યોગની અગત્યતા સમજાવી યોગના જુદા જુદા આસનો સૌને નમૂનો આપીને કરાવ્યા હતા અને ખાસ ભાર મૂક્યો હતો કે હવે આ યુગમાં આપણે યોગ વિના ચાલે એમ નથી કારણકે આપણે એવી ફાસ્ટ જીવનશૈલી અને એવી ખાણીપીણીના શોખીન કે શિકાર બન્યા છીએ. કોલેજના સનિષ્ઠ અને વિદ્વાન આચાર્યશ્રી ડો.બલરામ ચાવડાએ સૌને આ દિવસની ઉજવણીની શુભેચ્છા પાઠવી હતી અને આ યોગ દિવસની ઉજવણી આપણે કઈ રીતે કરવી જોઈએ, જીવનમાં કઈ રીતે યોગ આપણને ઉપયોગી થઈ શકે એમ છે. આપણી જીવનશૈલી જે બદલાણી છે એને સમી સુતરી કરવા માટે આ ખૂબ જ જરૂરી છે એવો સૌને બોધપાઠ આપ્યો હતો. યોગ દિવસએ માત્ર એક દિવસ પૂરતો જ મર્યાદિત ન બની રહે અને આપણા જીવનની રોજીંદી જીવનશૈલીનો ભાગ બને એ ખૂબ જ જરૂરી છે. આ પ્રકારની સામાજિક, સાંસ્કૃતિક અને લોકહિતકારક પ્રવૃત્તિઓ કરવા માટે સંસ્થાના ટ્રસ્ટીશ્રી જવાહરભાઈ ચાવડા તથા શ્રીમતિ મીતાબેન ચાવડાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.




# પંકજ ત્રિપાઠીના મોટા ભાઈ પર કુહાડી વડે જીવલેણ હુમલો

## ગંભીર હાલતમાં પટના રેફર, જમીન વિવાદમાં લોહિયાળ પરિણામની આશંકા

### પંકજ ત્રિપાઠીની ટીમે વાતની પુષ્ટિ કરી

પંકજ ત્રિપાઠીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમનો ફોન બંધ હતો. જોકે, એક્ટરની ટીમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તેમના મોટા ભાઈ પર હુમલાની પુષ્ટિ કરતા, ટીમે જણાવ્યું હતું કે- 'માહિતી સાચી છે. પંકજ સરનો ફોન હાલમાં બંધ છે.

તેમની પત્નીએ ઉલ્લેખ કર્યો છે કે આ ઘટના ગામમાં બની હતી; એક સ્થાનિક રહેવાસીએ હુમલો કર્યો હતો, અને તેમના મોટા ભાઈ હાલમાં પટનાની હોસ્પિટલમાં દાખલ છે. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે, તેથી અમે હાલમાં વધુ વિગતો આપી શકતા નથી.'

ગોપાલગંજમાં બોલિવૂડ એક્ટર પંકજ ત્રિપાઠીના ભાઈ વિજેન્દ્ર નાથ તિવારી પર કુહાડી વડે હુમલો કરવામાં આવ્યો છે. આ ઘટનામાં તે ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમને વધુ સારી સારવાર માટે પટના PMCH રિફર કરવામાં આવ્યા છે. આ ઘટના બરૌલી પોલીસ સ્ટેશન વિસ્તારના બેલસંડ ગામની છે.

વિજેન્દ્ર નાથ તિવારી રવિવારે મોડી સાંજે પોતાના ઘરના દરવાજે બેઠા હતા. તે દરમિયાન કેટલાક લોકો આવ્યા અને તેમના પર અચાનક હુમલો કર્યો. હુમલામાં તેઓ લોહીલુહાણ થઈને ત્યાં જ પડી ગયા. આસપાસના લોકો અને પરિવારજનો ઘટનાસ્થળે પહોંચતા હુમલાખોરો ફરાર થઈ ગયા.

વિજેન્દ્ર નાથ તિવારીને તાત્કાલિક સદર હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા. પ્રાથમિક સારવાર બાદ ડોકટરોએ તેમની હાલત જોઈને તેમને પટના PMCH રિફર કર્યા.

ડોક્ટર એ.કે. મિશ્રાએ જણાવ્યું કે જખમનું નિશાન પીઠ પર અડધો ઈંચ ઊંડું, ગરદન નીચે ખભા પર એક ઈંચ ઊંડું અને ગરદન પાસે જ ખભા પર અડધો ઈંચ ઊંડું છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને મામલાની તપાસ શરૂ કરી. પોલીસે પીડિત અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનના આધારે ગુનો નોંધી લીધો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ હુમલો અગાઉના જમીન વિવાદ સાથે સંકળાયેલો હોવાનું જણાય છે. સદર SDPO- 2 રાજેશ કુમારે જણાવ્યું કે થોડા દિવસો પહેલા વિજેન્દ્ર નાથ તિવારીએ પોતાના ઘર પાસે માટી પુરાવી હતી, જેના પછી જમીનને લઈને વિવાદ થયો હતો. આ દરમિયાન રવિવારે આરોપીએ પાછળથી વિજેન્દ્ર નાથ પર કુહાડી વડે હુમલો કર્યો. પોલીસે આરોપીને પકડી લીધો છે. આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.



અર્જુન કપૂરની બહેન અંશુલા કપૂરની પ્રી-વેડિંગ શરૂ

# જાહ્નવી-શનાયા સહિત કપૂર પરિવાર સેલિબ્રેશનમાં પહોંચ્યો; રોહન ઠક્કર સાથે થઈ રહ્યા છે લગ્ન

(એજન્સી) મુંબઇ | તા 22

ફિલ્મમેકર બોની કપૂરની દીકરી અને અર્જુન કપૂરની બહેન અંશુલા કપૂરની લગ્નની વિધિઓ શરૂ થઈ ગઈ છે. અંશુલા તેના ફિયાન્સ રોહન ઠક્કર સાથે ટૂંક સમયમાં લગ્નના બંધનમાં બંધાવા જઈ રહી છે. પ્રી-વેડિંગ ફંક્શન્સની શરૂઆત માતાની ચોકીથી થઈ, જેમાં આખા કપૂર પરિવારે ભાગ લીધો.

શનાયા કપૂરે આ પારિવારિક કાર્યક્રમની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે, જેમાં આખો પરિવાર ટ્રેડિશનલ કપડાંમાં જોવા મળી રહ્યો છે. અંશુલા અને રોહને ગયા વર્ષે જુલાઈ 2025માં સગાઈ કરી હતી.

ટ્રેડિશનલ લુકમાં જોવા મળ્યો કપૂર પરિવાર એક્ટર સંજય કપૂરની દીકરી શનાયા કપૂરે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ સેલિબ્રેશનની તસવીરો શેર કરી છે. તસવીરોમાં શનાયા સાથે તેના પિતા સંજય કપૂર, માતા મહીપ કપૂર અને ભાઈ જહાન કપૂર દેખાઈ રહ્યા છે. આ સાથે જ અંશુલાના ભાઈ અર્જુન કપૂર, બહેન જાહ્નવી કપૂર અને ખુશી કપૂર પણ આ કાર્યક્રમમાં સામેલ થયા. બધા ટ્રેડિશનલ આઉટફિટ્સમાં હસતાં હસતાં પોઝ આપી રહ્યા છે. શનાયાએ પોસ્ટ શેર કરતા લખ્યું, 'વી લવ યુ અંશુલા અને રોહન.'

અંશુલા કપૂર અને રોહન ઠક્કરના પ્રી-વેડિંગ સેલિબ્રેશનની શરૂઆત સાંસ્કૃતિક રીતે થઈ. બંનેએ માતાની ચોકીનું આયોજન કર્યું, જ્યાં તેમણે પૂજા-અર્ચના કરી આશીર્વાદ લીધા. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં આ કપલ પ્રાર્થના કરતું જોવા મળી રહ્યું છે. પૂજા સંપન્ન થયા બાદ પરિવારના સભ્યોએ સંગીત અને ડાન્સ સાથે આ કાર્યક્રમની ઉજવણી કરી.

**સેન્ટ્રલ પાર્કમાં રોહને પ્રપોઝ કર્યું હતું** અંશુલા કપૂર અને રોહન ઠક્કરની લવ સ્ટોરી વર્ષ 2022માં એક ડેટિંગ એપ દ્વારા શરૂ થઈ હતી. પોતાની સગાઈની જાણકારી આપતા અંશુલાએ જણાવ્યું હતું કે તેમની પહેલી વાતચીત એક મંગળવારે રાત્રે 1:15 વાગ્યે શરૂ થઈ હતી, જે કલાકો સુધી ચાલી હતી. તેના બરાબર ત્રણ વર્ષ પછી રોહને ન્યૂયોર્કના સેન્ટ્રલ પાર્કમાં કેસલ સામે તે જ સમયે એટલે કે રાત્રે બરાબર 1:15 વાગ્યે અંશુલાને લગ્ન માટે પ્રપોઝ કર્યું હતું.\ અંશુલા કપૂર ફિલ્મમેકર બોની કપૂર અને તેની દિવંગત પ્રથમ પત્ની મોના શૌરી કપૂરની દીકરી છે. તે એક્ટર અર્જુન કપૂરની સગી નાની બહેન છે. બોની કપૂર અને દિવંગત એક્ટ્રેસ શ્રીદેવીની દીકરીઓ જાહ્નવી કપૂર અને ખુશી કપૂર પણ અંશુલાની ખૂબ નજીક છે.

# રણબીરની ફિલ્મ 'લવ એન્ડ વોર'ના સેટ પર અકસ્માત

## કારપેન્ટરનું કરંટ લાગવાથી મોત; અકસ્માત સમયે આલિયા ભટ્ટ સેટ પર હતી

(એજન્સી) મુંબઇ | તા 22

રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિક્કી કૌશલની આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર'ના સેટ પર મોટો અકસ્માત થયો છે. મુંબઈની ફિલ્મ સિટીના રોયલ પંપ સ્ટુડિયોમાં શોર્ટ સર્કિટના કારણે 42 વર્ષીય સુથાર ચંદ્રધારી સિંહ યાદવનું કરંટ લાગવાથી મૃત્યુ થયું. ઘટના સમયે સેટ પર આલિયા ભટ્ટ શૂટિંગ કરી રહી હતી.


ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE) એ ભણસાલી પ્રોડક્શન્સ દ્વારા જાહેર કરાયેલા 40 લાખ રૂપિયાના વળતરને વધારીને 50 લાખ રૂપિયા કરવાની માંગ કરી છે જેથી મૃતકના બાળકોનો અભ્યાસ સુરક્ષિત થઈ શકે. આ ફિલ્મનું નિર્દેશન સંજય લીલા ભણસાલી કરી રહ્યા છે.

FWICE ના જનરલ સેક્રેટરી અશોક દુબેએ આ ઘટના પછી વર્કર્સના કામના કલાકો પર સવાલ ઉઠાવ્યા છે. હિન્દુસ્તાન ટાઈમ્સના રિપોર્ટ મુજબ, ચંદ્રધારી સિંહ યાદવ અકસ્માત પહેલા સતત ત્રણ દિવસથી ખૂબ જ કડક શેડ્યૂલમાં કામ કરી રહ્યા હતા. તે સવારે 7 વાગ્યાથી મોડી રાતે 3 વાગ્યા સુધી ડ્યુટી પર હતા.

ફેડરેશનનું કહેવું છે કે સતત લગભગ 20 કલાક કામ કરવાને કારણે થાક અને સુરક્ષા વ્યવસ્થામાં ખામી આ અકસ્માતનું કારણ હોઈ શકે છે. ફેડરેશને તમામ પ્રોડક્શન હાઉસિસને સેટ પર કડક સેફ્ટી ચેક લાગુ કરવાની માંગ કરી છે.

દુર્ઘટના બાદ ભણસાલી પ્રોડક્શન્સે પીડિત પરિવારને 40 લાખ રૂપિયાની આર્થિક મદદ આપવાની વાત કહી છે. આ અંગે FWICEના પ્રેસિડેન્ટ બીએન તિવારીએ જણાવ્યું કે મૃતકના બાળકો હજુ ખૂબ નાના છે.

પરિવારને તેમના શિક્ષણ માટે વધુ મદદની જરૂર પડશે, તેથી વળતરની રકમને વધારીને 50 લાખ રૂપિયા કરવી જોઈએ. આ સાથે જ ફેડરેશને ભણસાલી પ્રોડક્શaન્સને




**જાન્યુઆરી 2027માં રિલીઝ થશે 'લવ એન્ડ વોર'** સંજય લીલા ભણસાલીની 'લવ એન્ડ વોર' આ સમયે બોલિવૂડની સૌથી ચર્ચિત ફિલ્મોમાંની એક છે. આ ફિલ્મ 21 જાન્યુઆરી 2027ના રોજ સિનેમાઘરોમાં હિન્દી, તમિલ અને તેલુગુ ભાષાઓમાં રિલીઝ થવાની છે.
ફિલ્મમાં રણબીર કપૂર, વિક્કી કૌશલ અને આલિયા ભટ્ટ લીડ રોલમાં છે. આ વર્ષ 2022ની સફળ ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર' પછી રણબીર અને આલિયાની એકસાથે બીજી ફિલ્મ હશે. વિક્કી કૌશલ પણ આ પહેલા રણબીર સાથે 'સંજુ' અને આલિયા સાથે 'રાઝી'માં કામ કરી ચૂક્યા છે.

**ભણસાલી સાથે સ્ટાર્સનું જૂનું કનેક્શન :** આ ફિલ્મ દ્વારા રણબીર કપૂર અને આલિયા ભટ્ટ ફરી એકવાર ડિરેક્ટર સંજય લીલા ભણસાલી સાથે કામ કરી રહ્યા છે. આલિયા ભટ્ટે ભણસાલી સાથે ફિલ્મ 'ગંગુબાઈ કાઠિયાવાડી'માં કામ કર્યું હતું.
જેના માટે તેમને નેશનલ એવોર્ડ મળ્યો હતો. જ્યારે રણબીર કપૂરે પોતાના કરિયરની શરૂઆત વર્ષ 2007માં ભણસાલીની ફિલ્મ 'સાવરિયા'થી કરી હતી. લગભગ બે દાયકા પછી રણબીર ફરીથી ભણસાલીના નિર્દેશનમાં કામ કરી રહ્યા છે.


# જાહ્નવી કપૂરે પહેર્યો બોયફ્રેન્ડના નામનો નાઈટસૂટ

## ટી-શર્ટ પર લખ્યું હતું- જો હું ખોવાઈ જાઉં તો શિખર પહાડિયાને પાછી આપી દેજો

(એજન્સી) મુંબઇ | તા 22


બોલિવૂડ એક્ટ્રેસ જાહ્નવી કપૂર અને શિખર પહાડિયાના રિલેશનની ચર્ચા ફરી એકવાર તેજ બની છે. સોશિયલ મીડિયા પર જાહ્નવી કપૂરનો એક નવો ફોટો સામે આવી છે, જેમાં તે એક અનોખો નાઈટસૂટ પહેરેલી જોવા મળી રહી છે. આ નાઈટસૂટ પર શિખર પહાડિયાના નામનો એક મેસેજ પણ લખેલો છે.

ઈન્સ્ટાગ્રામ પર ઘણા હેન્ડલ્સે જાહ્નવી કપૂરની એક તસવીર શેર કરી. આ ફોટોમાં જાહ્નવીએ પિંક કલરનો નાઈટસૂટ અને ગ્રે જેકેટ પહેર્યું છે. તેના નાઈટસૂટ પર અંગ્રેજીમાં લખેલું છે, 'If Lost, Please Return To Shikhar Pahariya' એટલે કે 'જો હું ખોવાઈ જાઉં, તો કૃપા કરીને શિખર પહાડિયાને પાછી આપી દેજો.' આ પહેલીવાર નથી જ્યારે જાહ્નવીએ શિખર પ્રત્યે પોતાનો લગાવ વ્યક્ત કર્યો હોય. આ પહેલા પણ તે શિખરના નામની ટી-શર્ટ પહેરેલી જોવા મળી હતી. એકવાર તે એક ઈવેન્ટમાં ગળામાં 'શિખર' નામનો નેકલેસ પહેરેલી જોવા મળી હતી. શિખર પહાડિયા પણ અવારનવાર પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર જાહ્નવીની તસવીરો શેર કરતા રહે છે. ગયા વર્ષે જ્યારે જાહ્નવીની ફિલ્મ 'હોમબાઉન્ડ'નું પ્રીમિયર કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં થયું હતું. ત્યારે શિખર પણ રેડ કાર્પેટ પર તેની સાથે હાજર હતો. બંનેને અવારનવાર ઘણા ફેમિલી ફંક્શન અને ઈવેન્ટ્સમાં સાથે જોવામાં આવે છે.



# બોક્સ ઓફિસ પર થશે ટક્કર

## યશની 'Toxic' હવે આ દિવસે થશે રિલીઝ



(એજન્સી) મુંબઇ | તા 22 સાઉથ સિનેમાના સુપરસ્ટાર યશના ફેન્સ માટે એક લાંબા ઈંતેજાર બાદ આખરે ખુશખબર આવી ગઈ છે. અવારનવાર પાછળ ઠેલાતી રહીને ચર્ચામાં રહેલી યશની આગામી મોસ્ટ અવેટેડ ફિલ્મ 'Toxic: A Fairy Tale for Grown-Ups'ની નવી રિલીઝ ડેટની સત્તાવાર જાહેરાત થઈ ચૂકી છે. જોકે, આ નવી તારીખની સાથે જ બોક્સ ઓફિસ પર એક જબરદસ્ત ક્લેશના એંધાણ પણ વર્તાઈ રહ્યા છે, કારણ કે આ જ વીકેન્ડ પર શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'Eetha' પણ સિનેમાઘરોમાં દસ્તક દેવા જઈ રહી છે.

'Toxic' ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી જ તે સતત ચર્ચામાં છે, પરંતુ તેના શૂટિંગ અને અન્ય કારણોસર રિલીઝ ડેટમાં વારંવાર ફેરફાર કરવા પડ્યા હતા. શરૂઆતમાં આ ફિલ્મ માર્ચ મહિનામાં રણવીર સિંહની 'ધુરંધર: ધ રિવન્જ' સામે રિલીઝ થવાની હતી, જે બાદમાં લંબાવીને 4 જૂન કરવામાં આવી હતી. જોકે, આખરે તમામ અટકળોનો અંત લાવતા અભિનેતા યશે ગઈકાલે 21 જૂનના રોજ સોશિયલ મીડિયા પર ફિલ્મનું એક શાનદાર પોસ્ટર શેર કર્યું છે. યશે કેપ્શનમાં લખ્યું, 'Honour Thy Father... ★Toxic વિશ્વભરના સિનેમાઘરોમાં 26-08-2026થી.' આ જાહેરાત સાથે જ સ્પષ્ટ થઈ ગયું છે કે ફિલ્મ ઓગસ્ટ 2026માં ધમાકો કરવા તૈયાર છે.

# બીજાં લગ્નના છ માસ બાદ સામંથા પ્રેગનન્ટ હોવાની અટકળો : ડિસે.માં બાળકને જન્મ આપે તેવી શક્યતા

મુંબઈ: સામંથા રુથ પ્રભુ હાલ પ્રેગનન્ટ હોવાની ચર્ચા છે. એક દાવા મુજબ સામંથા પોતાની પ્રેગનન્સીના પ્રથમ ત્રિમાસીકમાં છે. ફિલ્મ સર્જક રાજ નિદિમોરુ સાથે બીજાં લગ્ન કર્યા બાદ હવે તે માતૃત્વને પંથે છે. તેમનું બાળક ડિસેમ્બર ૨૦૨૬માં જન્મે તેવી સંભાવના છે.

જોકે, રાજ અને સામંથા બંનેમાંથી કોઈએ આ સમાચારની પુષ્ટી ન કરી હોવા છતાં સામંથાની તાજેતરના જાહેર હાજરીઓ અને વાયરલ વીડિયોમાં સામંથાના ચહેરાની ચમક તેમજ સ્પષ્ટ રૂપે દેખાઈ રહેલા બેબી બમ્પની નોંધ તેના ચાહકોએ લીધી છે.

સામંથાએ ૨૦૨૧માં નાગા ચૈતન્યને છુટાછેડા આપ્યા બાદ ગત ડિસેમ્બરમાં ફિલ્મ સર્જક રાજ નિદિમોરુ સાથે બીજાં લગ્ન કર્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે હાલમાં સામંથાની નવી ફિલ્મ તેલુગુ રિલીઝ 'મા ઈન્તી બંગારામ' ૧૮ જૂને થિયેટરોમાં રજૂ થઈ ગઈ છે. ફિલ્મમાં સામંથાની સાથે ગુલશન દેવૈયા અને દિગાન્થ મનચલે પણ છે.

# વિરાટ કોહલીએ ઔજલાના ગીત પર ડાન્સ કર્યો : સ્ટેજ પર બેસીને ગીતો પણ સાંભળ્યા; ક્રિકેટરે 'One8' બ્રાન્ડ લોન્ચ કરી

(એજન્સી) મુંબઇ | તા 22

ક્રિકેટર વિરાટ કોહલીએ પોતાની બ્રાન્ડ 'One8' લોન્ચ કરી. આ માટે રવિવારે રાતે ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન એન્ડ એક્સ્પો સેન્ટરમાં ઈવેન્ટ રાખવામાં આવી હતી. તેમાં પ્રખ્યાત સિંગર કરણ ઔજલા પણ પહોંચ્યો હતો.

કાર્યક્રમમાં કરણ ઔજલાએ ઘણા ગીતો ગાયા. તેણે વિરાટ કોહલી માટે પોતાનું હિટ સોંગ 'વિનિંગ સ્પીચ' પણ સંભળાવ્યું. આ દરમિયાન વિરાટે ગીતની લાઈન 'ઔજલા દે કન્ના વિચ નટ્ટિયાં' પર કરણ ઔજલા સાથે સ્ટેપ કર્યો. ત્યારબાદ તે સ્ટેજ પર બેસીને તેના ગીતો સાંભળતો જોવા મળ્યો. ઈવેન્ટ દરમિયાન વિરાટ કોહલીએ કરણ ઔજલાને કહ્યું- 'હું કરણ ઔજલાનો ખૂબ મોટો ફેન છું. તમે દિલથી ગીતો લખો છો અને આ વાત તમારા ગીતોમાં સ્પષ્ટ દેખાય છે. તમે તમારી વાર્તાને તમારા ગીતો દ્વારા રજૂ કરો છો, જે ખૂબ જ ખાસ છે.

'વિનિંગ સ્પીચ' એ ગીત છે જેની સાથે હું સૌથી વધુ જોડાણ અનુભવું છું. આ ગીત તમારા જીવનની સફરને વર્ણવે છે અને મને તેમાં મારી સફરની પણ ઘણી સમાનતાઓ દેખાય છે. આ ગીત મારા માટે ખૂબ જ ખાસ છે. મેચ રમવા જતા પહેલા પણ મેં તેને ઘણી વાર સાંભળ્યું છે.' ગ્લોબલ પ્રીમિયર ઈવેન્ટમાં ભાગ લેવા માટે વિરાટ કોહલી અને કરણ ઔજલા પ્રાઈવેટ જેટથી દિલ્હી પહોંચ્યા.

એરપોર્ટ પર બંનેની તસવીરો અને વીડિયો સામે આવ્યા. ત્યારબાદ બંને ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન એન્ડ એક્સ્પો સેન્ટર પહોંચ્યા. અહીં વિરાટે પોતાના સ્ટાફ સાથે પોતાની બ્રાન્ડ વિશે વાતચીત કરી. બ્રાન્ડની ઈવેન્ટમાં લગભગ 5 હજાર લોકો સામેલ થયા.

**વિરાટ કોહલીની 'One8' બ્રાન્ડ શું છે?**

'One8' વિરાટ કોહલીનો સ્પોર્ટ્સ અને લાઈફસ્ટાઈલ બ્રાન્ડ છે. તેની શરૂઆત 2017માં થઈ હતી. બ્રાન્ડનું નામ તેની જર્સી નંબર 18 પરથી પ્રેરિત છે, તેથી તેને One8 નામ આપવામાં આવ્યું. શરૂઆતમાં આ બ્રાન્ડ સ્પોર્ટ્સવેર કંપની પૂમા (Puma) સાથે મળીને લોન્ચ કરવામાં આવી હતી.
One8 હેઠળ શૂઝ, ટી-શર્ટ, જેકેટ, ટ્રેક પેન્ટ, સ્પોર્ટ્સવેર અને અન્ય લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સ વેચવામાં આવે છે.



એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## 4x100m રિલેમાં ભારતને સુવર્ણ
# એશિયન રિલે ચેમ્પિયનશિપમાં ભારતીય મહિલા ટીમનો ગોલ્ડ



(એજન્સી) શાઓક્સિંગ (ચીન) । તા. 22

ચીનના શાઓક્સિંગ ખાતે આયોજિત બીજી એશિયન રિલે ચેમ્પિયનશિપના અંતિમ દિવસે ભારતીય ટુકડીએ શાનદાર પ્રદર્શન કરી દેશનું નામ રોશન કર્યું છે. મહિલાઓની 4x100 મીટર રિલે રેસમાં શ્રબાની નંદા, એસ.એસ. સ્નેહા, સુદેશના શિવંકર અને તમન્નાની બનેલી ભારતીય ચોકડીએ સુવર્ણ પદક પર કબજો જમાવ્યો છે. ભારતીય ટીમે આ રેસ 43.85 સેકન્ડના સમયમાં પૂરી કરી હતી, જે આ સિઝનનું ભારતનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.

મહિલાઓની સફળતા ઉપરાંત, ભારતીય એથ્લેટ્સે અન્ય સ્પર્ધાઓમાં પણ પદક મેળવ્યા હતા. મિશ્ર 4x400 મીટર રિલે ટીમમાં તીર્થેશ શેટ્ટી, પૂવમ્મા એમ.આર., ભરત શ્રીધર અને નીરુ પાઠકની ટીમે 3:17.06 સેકન્ડનો સમય નોંધાવીને રજત (સિલ્વર) પદક જીત્યો હતો. આ પહેલાં, મિશ્ર 4x100 મીટર રિલેમાં પ્રણવ ગૌરવ, તમન્ના, અનિમેષ કુજુર અને એસ.એસ. સ્નેહાની ટીમે 41.27 સેકન્ડના સમય સાથે કાંસ્ય (બ્રોન્ઝ) પદક મેળવ્યો હતો.

### વિવિધ વર્ગોમાં ભારતનું સંઘર્ષપૂર્ણ પ્રદર્શન

પુરુષોની 4x400 મીટર રિલે ટીમ (તીર્થેશ શેટ્ટી, અવિનાશ કૃષ્ણ કુમાર, સૂરજ એ. રાજા, ભરત શ્રીધર) 3:05.33 સેકન્ડના સમય સાથે પાંચમા ક્રમે રહી હતી. જ્યારે મહિલાઓની 4x400 મીટર રિલે ટીમ (સલોની નાગર, પૂવમ્મા એમ. આર., અનસા બાબુ, રશદીપ કૌર) 3:34.88 સેકન્ડનો સમય નોંધાવીને ચોથા સ્થાને રહી હતી.

### ભારતીય એથ્લેટિક્સ માટે ગૌરવની ક્ષણ

એશિયન રિલે ચેમ્પિયનશિપમાં ભારતીય મહિલા ટીમના આ સુવર્ણ પદકે સાબિત કરી દીધું છે કે ભારતીય એથ્લેટ્સ હવે વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને એશિયામાં મજબૂત દાવેદારી નોંધાવી રહ્યા છે. મિશ્ર સ્પર્ધાઓમાં જીતેલા પદકો પણ ભારતીય એથ્લેટિક્સની ઊંડાણ અને વિવિધતા દર્શાવે છે. રમતપ્રેમીઓ અને નિષ્ણાતો આ સિદ્ધિઓને આગામી મોટી ટુર્નામેન્ટો માટે એક સકારાત્મક સંકેત તરીકે જોઈ રહ્યા છે.

પ્રો લીગમાં ભારતીય ટીમની વાપસી, એફઆઈએચ નેશન્સ કપમાં ભારતનું વર્ચસ્વ

# ભારતીય મહિલા હોકી ટીમે જીત્યો FIH નેશન્સ કપ

(એજન્સી) ઓકલેન્ડ । તા. 22

ભારતીય મહિલા હોકી ટીમે આંતરરાષ્ટ્રીય હોકી જગતમાં વધુ એક ગૌરવશાળી સિદ્ધિ હાંસલ કરી છે. રવિવારે રમાયેલી એફઆઈએચ (FIH) મહિલા નેશન્સ કપની ફાઈનલ મેચમાં ભારતીય ટીમે યજમાન ન્યૂઝીલેન્ડને ૨-૦થી હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું છે. આ વિજય સાથે ભારતીય ટીમ માટે આગામી પ્રો લીગમાં પ્રવેશવાનો માર્ગ પણ મોકળો થયો છે.

મેચની શરૂઆતથી જ ભારતીય ખેલાડીઓએ આક્રમક રમત દાખવી હતી. મેચની ચોથી જ મિનિટમાં નવનીત કૌરે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને ભારતને ૧-૦ની સરસાઈ અપાવી હતી. ત્યારબાદ, ૧૫મી મિનિટમાં સુનિલિતા ટોપ્પોએ દીપિકાના પાસ પર ગોલ કરીને ભારતની લીડને ૨-૦ સુધી પહોંચાડી દીધી હતી. ભારતીય ટીમનું આ પ્રારંભિક દબાણ ન્યૂઝીલેન્ડના ડિફેન્સ માટે મોટી મુસીબત બની રહ્યું હતું.

### મજબૂત ડિફેન્સ અને રણનીતિ

બે ગોલની સરસાઈ મેળવ્યા બાદ ભારતીય ટીમે



ડિફેન્સમાં શિસ્તબદ્ધ પ્રદર્શન કર્યું હતું. ગોલકીપર સવિતા પૂનિયા અને સમગ્ર ડિફેન્સ લાઈને ન્યૂઝીલેન્ડના તમામ આક્રમણોને નિષ્ફળ બનાવ્યા હતા. ખાસ કરીને ત્રીજા અને ચોથા ક્વાર્ટરમાં યજમાન ટીમે ગોલ કરવા માટે ભરપૂર પ્રયાસો કર્યા હતા, પરંતુ ભારતીય ખેલાડીઓની મક્કમતા સામે તેઓ કોઈ સફળતા મેળવી શક્યા ન હતા. લાલરેમ્સિયામીને તેના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવી હતી.

### ઐતિહાસિક સિદ્ધિ અને પ્રોત્સાહન

આ ભારતનો બીજો નેશન્સ કપ ખિતાબ છે, આ પહેલાં ૨૦૨૨માં ભારતે આ ટુર્નામેન્ટનું પ્રથમ ટાઈટલ જીત્યું હતું. આખી ટુર્નામેન્ટ દરમિયાન ભારત અજેય રહ્યું હતું. ગ્રુપ સ્ટેજમાં અમેરિકા, જાપાન અને ઉરુગ્વે સામે જીત મેળવ્યા બાદ સેમીફાઈનલમાં ચિલીને ૬-૦થી હરાવીને ભારત ફાઈનલમાં પહોંચ્યું હતું. ખેલાડીઓના આ મનોબળને બિરદાવતા હોકી ઈન્ડિયાએ ટીમ માટે રોકડ પુરસ્કારની પણ જાહેરાત કરી છે.

# વિમ્બલ્ડન ૨૦૨૬માં સેરેના વિલિયમ્સની શાનદાર વાપસી, વાઈલ્ડકાર્ડ દ્વારા સેરેનાની એન્ટ્રી

(એજન્સી) લંડન । તા. 22

ટેનિસ જગત માટે અત્યારના સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ૨૩ વખતની ગ્રાન્ડ સ્લેમ વિજેતા અને દિગ્ગજ ખેલાડી સેરેના વિલિયમ્સ આગામી વિમ્બલ્ડન ટુર્નામેન્ટમાં સિંગલ્સ મુકાબલામાં રમતી જોવા મળશે. ઓલ ઈંગ્લેન્ડ લોન ટેનિસ એન્ડ ક્રોકેટ ક્લબ દ્વારા રવિવારે સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે કે સેરેનાને વિમ્બલ્ડન માટે અંતિમ વાઈલ્ડકાર્ડ એન્ટ્રી આપવામાં આવી છે. આ નિર્ણય સાથે જ સેરેના ચાર વર્ષના લાંબા ગાળા બાદ ફરી સિંગલ્સ ટેનિસમાં વાપસી કરવા માટે તૈયાર છે.

### ટેનિસ કોર્ટ પર લાંબા ગાળા બાદ વાપસી

૪૪ વર્ષીય સેરેનાએ છેલ્લે ૨૦૨૨માં વિમ્બલ્ડન રમી હતી, જેમાં તેમને ફ્રાન્સની હાર્મની ટાન સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ યુ.એસ. ઓપનમાં ત્રીજા રાઉન્ડમાં હાર્યા બાદ તેમણે સ્પર્ધાત્મક ટેનિસથી



અંતર જાળવ્યું હતું, જોકે તેમણે ક્યારેય સત્તાવાર રીતે નિવૃત્તિ જાહેર કરી ન હતી, પરંતુ પોતાનો માર્ગ 'ઈવોલ્વિંગ' (વિકસિત થતો) હોવાનું જણાવ્યું હતું. ગત વર્ષે એન્ટી-ડોપિંગ ટેસ્ટિંગ પૂલમાં ફરી જોડાયા બાદથી જ તેમની વાપસીની અટકળો તેજ બની હતી, જે હવે સત્ય સાબિત થઈ છે.

### ડબલ્સ બાદ હવે સિંગલ્સનો પડકાર

સેરેના આ ટુર્નામેન્ટમાં સિંગલ્સ ઉપરાંત તેમની મોટી બહેન વીનસ વિલિયમ્સ સાથે ડબલ્સમાં પણ ભાગ લેશે, જેના માટે તેમને અગાઉથી જ વાઈલ્ડકાર્ડ મળી ચૂક્યું હતું. તાજેતરમાં ક્વીન્સ ક્લબ ચેમ્પિયનશિપ અને બર્લિન ઓપનમાં ડબલ્સ મેચો રમીને સેરેનાએ પોતાની તૈયારીઓનું પ્રદર્શન કર્યું છે. ડબલ્સના અનુભવો બાદ હવે વિમ્બલ્ડનની પ્રતિષ્ઠિત ઘાસની સપાટી પર સિંગલ્સમાં તેમને રમતા જોવા માટે ચાહકો ઉત્સુક છે.

સેરેનાની વાપસી ટેનિસ જગત માટે એક મોટી ઘટના માનવામાં આવે છે. સાત વખતની વિમ્બલ્ડન ચેમ્પિયન સેરેનાના આગમનથી આ વર્ષની ટુર્નામેન્ટમાં રોમાંચ અનેકગણો વધી જશે. તેમની શારીરિક ક્ષમતા અને અનુભવ વિમ્બલ્ડનના કોર્ટ પર કેવો રંગ જમાવે છે તે જોવું હવે ખૂબ જ રસપ્રદ રહેશે. વિમ્બલ્ડન વહીવટીતંત્રનું આ વાઈલ્ડકાર્ડ આપવાનું પગલું ટેનિસના ઈતિહાસમાં એક યાદગાર પ્રકરણ ઉમેરશે તે નક્કી છે. સેરેનાનું આ પુનરાગમન વિશ્વભરના રમતપ્રેમીઓ માટે એક મોટી ખુશખબર છે.

# વૈભવ સૂર્યવંશીની તોફાની બેટિંગથી ભારત વિજેતા

## શ્રીલંકા-એ સામે ભારતનો 66 રને વિજય



(એજન્સી) દામ્બુલા । તા. 22

ભારતીય 'એ' ક્રિકેટ ટીમે દામ્બુલાના રણગિરી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલ મેચમાં શ્રીલંકા-એ ટીમને ૬૬ રને પરાજય આપી ટ્રાય સિરીઝ પર પોતાનો દબદબો સ્થાપિત કર્યો છે. આ ખિતાબી જીતના મુખ્ય સૂત્રધાર ૧૫ વર્ષના યુવા સ્ટાર વૈભવ સૂર્યવંશી રહ્યા હતા, જેમણે પોતાની વિસ્ફોટક બેટિંગથી મેચનું પાસું જ પલટી નાખ્યું હતું.

વૈભવે માત્ર ૨૯ બોલમાં ૩૨૪.૧૪ના સ્ટ્રાઈક રેટ સાથે ૯૪ રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી. જેમાં ૧૦ ચોગ્ગા અને ૮ ગગનચુંબી છગ્ગા સામેલ હતા. તેમના આ અદભૂત પ્રદર્શનને કારણે જ ભારતને ફાઈનલમાં એક મજબૂત સ્કોર સુધી પહોંચવામાં સફળતા મળી હતી. પાવરપ્લે દરમિયાન વૈભવના આક્રમક તેવરે શ્રીલંકન બોલરોના હોશ ઉડાવી દીધા હતા. તેમના આ પ્રદર્શન માટે તેમને 'પ્લેયર ઓફ ધ મેચ' તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. પોતાની આક્રમક બેટિંગને લઈને થઈ રહેલી ટીકાઓનો જવાબ આપતા વૈભવે જણાવ્યું હતું કે, "લોકોને કદાચ ખબર નથી કે મેં અગાઉ પણ ૫૦ ઓવરનું ઘણું ક્રિકેટ રમ્યું છે." પોતાની રણનીતિ વિશે વાત કરતા તેમણે કહ્યું કે તેઓ કોઈ પણ જાતના દબાણ વગર મેદાનમાં ઉતર્યા હતા. કોચ સાથેની ચર્ચા અને નેટ્સમાં કરેલી સખત મહેનતનું પરિણામ આજે ફાઈનલ મેચમાં જોવા મળ્યું હતું. તેમણે મુશ્કેલ પિચો અને પરિસ્થિતિઓમાં રમવાનો ભરપૂર આનંદ લીધો હતો.

આઈપીએલ ૨૦૨૬માં રેકોર્ડતોડ પ્રદર્શન કર્યા બાદ, વૈભવ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકવા માટે તૈયાર છે. આગામી આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય ટીમમાં તેમની પસંદગી થવાની પ્રબળ શક્યતાઓ છે. ક્રિકેટ નિષ્ણાતોનું માનવું છે કે, આયર્લેન્ડ પ્રવાસ દરમિયાન વૈભવ સૂર્યવંશીનું આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ થઈ શકે છે. ભારતનો આ યુવા ખેલાડી હવે ટીમ ઈન્ડિયાના ભવિષ્યના સ્ટાર તરીકે ઉભરી રહ્યો છે અને ચાહકોને આશા છે કે તેઓ આ જ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ મોટી મેચ-

ભારતે કુલ ૬ પદકો સાથે કરી સમાપ્તિ

# વર્લ્ડ બોક્સિંગ કપમાં જ્યોતિનો કમાલ, ભારતને ગોલ્ડ

(એજન્સી) ગુઇયાંગ (ચીન) । તા. 22

ચીનના ગુઈયાંગ ખાતે આયોજિત વર્લ્ડ બોક્સિંગ કપમાં ભારતીય મુક્કાબાજોએ શાનદાર પ્રદર્શન કરી દેશનું ગૌરવ વધાર્યું છે. ભારતની સ્ટાર મુક્કાબાજ જ્યોતિએ ૪૮ કિગ્રા વજન વર્ગમાં સુવર્ણ પદક જીતીને ભારતની ઝોળીમાં એકમાત્ર ગોલ્ડ મેડલ મેળવ્યો છે. જ્યોતિએ ફાઈનલ મુકાબલામાં ઉઝબેકિસ્તાનની વર્તમાન ગોલ્ડ મેડલિસ્ટ ફરઝોના ફોઝિલોવાને ૫-૦ના એકતરફી નિર્ણાયક નિર્ણયથી પરાજય આપીને ચેમ્પિયન બની હતી.



જ્યોતિના ગોલ્ડ મેડલ ઉપરાંત ભારતીય મુક્કાબાજોએ ત્રણ રજત (સિલ્વર) પદક પણ જીત્યા છે. ૫૧ કિગ્રા વજન વર્ગમાં મીનાક્ષી, જેઓ મૂળ ૪૮ કિગ્રાની વર્લ્ડ નંબર-૧ ખેલાડી છે, તેઓએ ઊંચા વજન વર્ગમાં ભાગ લઈને ચીનની વુ યુ સામે ૦-૫થી હારીને સિલ્વર મેડલ મેળવ્યો હતો. આ જ રીતે, પ્રચીએ ૫૭ કિગ્રા વજન વર્ગમાં અને પુરુષોના ૭૦ કિગ્રા વર્ગમાં દીપકે પણ સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. આ ટુર્નામેન્ટમાં ભારતની કુલ પદક સંખ્યા ૬ પર પહોંચી છે. જેમાં ૧ ગોલ્ડ, ૩ સિલ્વર અને અગાઉ નિશ્ચિત થયેલા ૨ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

વિશ્વ ક્રમાંકમાં ટોચના દસમાં સ્થાન પામશે

# બર્લિન ઓપન જીતી લિંડા નોસ્કોવાએ ઈતિહાસ રચ્યો, નોસ્કોવાનું પ્રથમ ગ્રાસ કોર્ટ ટાઈટલ

(એજન્સી) બર્લિન । તા. 22

ચેક રિપબ્લિકની ઉભરતી સ્ટાર ટેનિસ ખેલાડી લિંડા નોસ્કોવાએ રવિવારે રમાયેલી બર્લિન ઓપનની ફાઈનલમાં જેસિકા પેગુલાને હરાવીને પોતાના કેરિયરનું પ્રથમ ગ્રાસ કોર્ટ ટાઈટલ જીતી લીધું છે. આ શાનદાર જીત સાથે, નોસ્કોવા તેના કેરિયરની નવી ઊંચાઈઓ સર કરવા જઈ રહી છે અને તે વિશ્વના ટેનિસ ક્રમાંકમાં પ્રથમ વખત ટોચના દસ ખેલાડીઓમાં સામેલ થશે.



### સંઘર્ષપૂર્ણ ફાઈનલ અને નોસ્કોવાનું પ્રદર્શન

ફાઈનલ મુકાબલો ખૂબ જ રોમાંચક રહ્યો હતો. આઠમી સીડ લિંડા નોસ્કોવાએ પ્રથમ સેટમાં મક્કમ શરૂઆત કરી હતી અને ત્રીજી બ્રેક પોઈન્ટ તકની મદદથી સેટ પોતાના નામે કર્યો હતો. જોકે, ૨૦૨૪ની ચેમ્પિયન જેસિકા પેગુલાએ બીજા સેટમાં જોરદાર વાપસી કરીને મેચને નિર્ણાયક તબક્કે પહોંચાડી દીધી હતી. અંતિમ સેટમાં નોસ્કોવાએ પોતાની માનસિક મજબૂતી અને આક્રમક રમતનો પરિચય આપતા શરૂઆતમાં જ બ્રેક મેળવી લીધો હતો અને અંતે મેચ ૬-૪, ૪-૬, ૬-૩થી જીતીને પોતાનું બીજું ડબલ્યુટીએ (WTA) સિંગલ્સ ટાઈટલ હાંસલ કર્યું હતું.

### પેગુલાનો નિરાશાજનક અંત

અમેરિકન ખેલાડી જેસિકા પેગુલા, જેણે સેમીફાઈનલમાં વિશ્વની નંબર વન ખેલાડી આર્યના સાબાલેન્કાને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો, તે બર્લિન ઓપનમાં બીજી વખત ખિતાબ જીતવાનું સપનું પૂરું કરી શકી નહીં. મેચ બાદ નોસ્કોવાએ પેગુલાના વખાણ કરતા કહ્યું હતું કે, "જેસી, તું એક અતુલ્ય અને દરેક સપાટી પર રમવામાં કુશળ ખેલાડી છે. તારી સામે ફાઈનલ રમવી મારા માટે ખૂબ જ પડકારજનક હતી."

સ્લો ઓવર રેટ બદલ ICCનો દંડ

# વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઈંગ્લેન્ડને મોટો ઝટકો

(એજન્સી)લંડન । તા. 22

ન્યૂઝીલેન્ડ સામે ઓવલ ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં શરમજનક પરાજય બાદ હવે ઈંગ્લેન્ડની ટીમ માટે મુસીબતોનો પહાડ તૂટી પડ્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ સ્લો ઓવર રેટ (ધીમી ઓવર ગતિ) બદલ ઈંગ્લેન્ડની ટીમ પર આકરી કાર્યવાહી કરી છે. આ કાર્યવાહીના કારણે ટીમને માત્ર આર્થિક દંડ જ નથી ભોગવવો પડ્યો, પરંતુ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ના મહત્ત્વના પોઈન્ટ્સ પણ ગુમાવ્યા છે.

ઓવલ ટેસ્ટ દરમિયાન ઈંગ્લેન્ડની ટીમ નિર્ધારિત સમય કરતાં ૧૨ ઓવર પાછળ ચાલી રહી હતી. મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટે આ બેદરકારીને ગંભીર ગણાવી આકરો નિર્ણય લીધો હતો. ICCના નિયમો મુજબ, નિર્ધારિત સમયમાં ઓવર પૂરી ન કરનાર ખેલાડીઓની મેચ ફીમાંથી પ્રતિ ઓવર ૫ ટકાનો કાપ મૂકવામાં આવે છે. આ નિયમ હેઠળ ઈંગ્લેન્ડની ટીમને કુલ મેચ ફીના ૫૦ ટકા દંડ ભરવો પડશે. સૌથી મોટો ફટકો ઈંગ્લેન્ડને WTC પોઈન્ટ ટેબલમાં પડ્યો છે. ICCના નિયમ ૧૬.૧૧.૨ મુજબ, દરેક ઓવરના વિલંબ માટે એક ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ કાપવામાં આવે છે. ૧૨ ઓવર પાછળ હોવાને કારણે ઈંગ્લેન્ડના ખાતામાંથી સીધા ૧૨ પોઈન્ટ્સ કાપી લેવામાં આવ્યા છે. આ દંડ બાદ ઈંગ્લેન્ડ પોઈન્ટ ટેબલમાં સાતમા સ્થાને ધકેલાઈ ગયું છે. ટીમના પોઈન્ટ પર્સન્ટેજમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે, જે ૩૪.૭૨ ટકાથી ઘટીને હવે ૨૬.૩૮ ટકા પર આવી ગયો છે.



લવ // ભારતીય યુવતી સાથે નામ જોડાયું, ફેન્સમાં ઉત્તેજના, સસ્પેન્સ હજુ યથાવત

# ઈંગ્લેન્ડના સ્ટાર ક્રિકેટરની લવ લાઈફ ચર્ચામાં

(એજન્સી) લંડન । તા. 22

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના ઉભરતા ઓલરાઉન્ડર જેકબ બેથલ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે, પરંતુ આ વખતે કારણ ક્રિકેટના મેદાન પરના તેમના શાનદાર પ્રદર્શન માટે નહીં, પરંતુ તેમની અંગત લાઈફ માટે છે. છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર જેકબ બેથલ એક ભારતીય યુવતીને ડેટ કરી રહ્યા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. એક યુવતી સાથેનો તેમનો ફોટો વાયરલ થયા બાદ ઈન્ટરનેટ પર ફેન્સ વચ્ચે ભારે ઉત્તેજના જોવા મળી રહી છે, જોકે આ મામલે સસ્પેન્સ હજુ પણ અકબંધ છે.

### વાયરલ ફોટાએ જગાવી જિજ્ઞાસા

સોશિયલ મીડિયા પર જેકબ બેથલનો એક યુવતી સાથેનો રોમેન્ટિક અંદાજમાં ફોટો વાયરલ થયો છે. તસવીરમાં યુવતીનો ચહેરો સ્પષ્ટ રીતે દેખાતો ન હોવા છતાં, નેટીઝન્સે અનુમાન લગાવવાનું શરૂ કરી દીધું છે. મીડિયા અહેવાલો મુજબ, જેકબ કોઈ ભારતીય મેકઅપ આર્ટિસ્ટ સાથે





રિલેશનશિપમાં હોઈ શકે છે. આ વાયરલ ફોટોએ તેમના ચાહકોમાં કુતૂહલ સર્જ્યું છે કે આખરે આ રહસ્યમયી યુવતી કોણ છે?

### અંકિતા પટેલ સાથે નામની ચર્ચા

યુઝર્સના મતે, આ તસવીરમાં દેખાતી યુવતી મુંબઈની જાણીતી સેલિબ્રિટી મેકઅપ આર્ટિસ્ટ અંકિતા પટેલ છે. અંકિતા શિલ્પા શેટ્ટી, પલક તિવારી અને હિના ખાન જેવી બોલીવુડની મોટી હસ્તીઓ સાથે કામ કરવા માટે જાણીતી છે. ૨૨ વર્ષીય જેકબ બેથલ, જેમણે તાજેતરમાં T20 વર્લ્ડ કપ અને IPLમાં રૉયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) માટે શાનદાર રમત દાખવીને પોતાની આગવી ઓળખ ઊભી કરી છે, તેમની લોકપ્રિયતાને જોતા આ સમાચાર ફેન્સ માટે ખૂબ જ રસપ્રદ બન્યા છે.

### આધ્યા આનંદનું નામ પણ ચર્ચાયું

માત્ર અંકિતા પટેલ જ નહીં, પણ જેકબનું નામ ભારતીય અભિનેત્રી આધ્યા આનંદ સાથે પણ જોડવામાં આવી રહ્યું છે. કેટલાક ફેન્સનો દાવો છે કે IPL દરમિયાન બંને એકબીજાની નજીક આવ્યા હતા અને જેકબ દ્વારા આધ્યાની સોશિયલ મીડિયા પોસ્ટ્સને લાઈક કરવાનું આ બાબત તરફ નિર્દેશ કરે છે. જો કે, જેકબ બેથલ કે અંકિતા પટેલ કે આધ્યા આનંદ તરફથી આ અફવાઓ અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટરો અને ભારતીય કલાકારો વચ્ચેના આવા સંબંધોની ચર્ચાઓ હંમેશા મીડિયામાં આકર્ષણનું કેન્દ્ર રહી છે. જેકબ બેથલ જેવા યુવાન સ્ટાર ખેલાડી માટે આવી અફવાઓ નવી નથી, પરંતુ જે રીતે આ સમાચાર સોશિયલ મીડિયા પર ગરમાયા છે, તે જોતા સ્પષ્ટ થાય છે કે ભારતીય ફેન્સ તેમના પ્રિય ખેલાડીની પર્સનલ લાઈફમાં કેટલી રસ દાખવે છે.

વાયર-ટુ-વાયર જીત સાથે મેળવી ઐતિહાસિક સિદ્ધિ

# વિન્ધમ ક્લાર્કે બીજી વાર જીત્યો યુ.એસ. ઓપન ખિતાબ

(એજન્સી) શિનનેકોક હિલ્સ । તા. 22

અમેરિકન ગોલ્ફર વિન્ધમ ક્લાર્કે રવિવારે રમાયેલી યુ.એસ. ઓપન ટુર્નામેન્ટમાં પોતાની પ્રતિભાનો પરચો આપતા બીજી વખત ખિતાબ જીતી લીધો છે. પવનની લહેરો વચ્ચે રમાયેલી આ ટુર્નામેન્ટમાં વિન્ધમ ક્લાર્કે શરૂઆતથી અંત સુધી પોતાનું પ્રભુત્વ જાળવી રાખીને 'વાયર-ટુ-વાયર' જીત હાંસલ કરી હતી. તેઓ ૨૦૧૪ પછી આ સિદ્ધિ મેળવનાર પ્રથમ ખેલાડી બન્યા છે.

### સંઘર્ષપૂર્ણ જીતની સફર

અંતિમ રાઉન્ડની શરૂઆત સમયે ક્લાર્ક પાસે છ શોટની મજબૂત લીડ હતી, પરંતુ દબાણ હેઠળ રમી રહેલા ક્લાર્કની સરસાઈ ફ્રન્ટ નાઈનમાં ઘટીને માત્ર એક શોટની રહી ગઈ હતી. જોકે, તેમણે મક્કમતા જાળવી રાખી અને ૧૬મા હોલ પર ૨૪ ફૂટના અંતરથી નોંધાવેલી નોંધપાત્ર બર્ડીએ મેચનું પાસું પલટી નાખ્યું હતું. તેમણે ૭૩નો સ્કોર કરીને કુલ ચાર-અંડર ૨૭૬ સાથે સાથી અમેરિકન ખેલાડી સેમ બર્ન્સને એક સ્ટ્રોકના નજીવા અંતરથી હરાવ્યા હતા. આ વિજય સાથે ૩૨ વર્ષીય ક્લાર્કે ટુર્નામેન્ટની ૨૨.૫ મિલિયન ડોલરની ઈનામી રકમમાંથી રેકોર્ડ ૪.૫ મિલિયન ડોલરની જીત મેળવી છે. પિતાના દિવસની ઉજવણી વચ્ચે, તેમના પિતા રેન્ડલની હાજરીએ આ જીતને વધુ ભાવુક બનાવી દીધી હતી. ક્લાર્કે આ જીતને 'રિડેમ્પશન' (મુક્તિ) ગણાવી હતી, કારણ કે ગયા વર્ષે ખૂબ જ નિરાશાજનક પ્રદર્શન બાદ આ વર્ષે તેમણે પ્રતિકૂળતાઓને માત આપી છે. બીજા સ્થાને રહેલા સેમ બર્ન્સે ૬૭નો શાનદાર સ્કોર નોંધાવ્યો હતો, પરંતુ છેલ્લી ક્ષણે ચૂકી ગયેલી બર્ડી તેમને ભારે પડી હતી. વર્લ્ડ નંબર વન સ્કોટી શેફલર અને ટોમ કિમ પણ આ ટુર્નામેન્ટમાં ચર્ચાનું કેન્દ્ર રહ્યા હતા.



AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ
અમદાવાદ એક્સપ્રેસ
TUESDAY • 23-06-2026

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## 4x100m રિલેમાં ભારતને સુવર્ણ

# એશિયન રિલે ચેમ્પિયનશિપમાં ભારતીય મહિલા ટીમનો ગોલ્ડ



(એજન્સી) શાઓક્સિંગ (ચીન) । તા. 22

ચીનના શાઓક્સિંગ ખાતે આયોજિત બીજી એશિયન રિલે ચેમ્પિયનશિપના અંતિમ દિવસે ભારતીય ટુકડીએ શાનદાર પ્રદર્શન કરી દેશનું નામ રોશન કર્યું છે. મહિલાઓની 4x100 મીટર રિલે રેસમાં શ્રબાની નંદા, એસ.એસ. સ્નેહા, સુદેશના શિવંકર અને તમન્નાની બનેલી ભારતીય ચોકડીએ સુવર્ણ પદક પર કબજો જમાવ્યો છે. ભારતીય ટીમે આ રેસ 43.85 સેકન્ડના સમયમાં પૂરી કરી હતી, જે આ સિઝનનું ભારતનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.

મહિલાઓની સફળતા ઉપરાંત, ભારતીય એથ્લેટ્સે અન્ય સ્પર્ધાઓમાં પણ પદક મેળવ્યા હતા. મિશ્ર 4x400 મીટર રિલે ટીમમાં તીર્થેશ શેટ્ટી, પૂવમ્મા એમ.આર., ભરત શ્રીધર અને નીરુ પાઠકની ટીમે 3:17.06 સેકન્ડનો સમય નોંધાવીને રજત (સિલ્વર) પદક જીત્યો હતો. આ પહેલાં, મિશ્ર 4x100 મીટર રિલેમાં પ્રણવ ગૌરવ, તમન્ના, અનિમેષ કુજુર અને એસ.એસ. સ્નેહાની ટીમે 41.27 સેકન્ડના સમય સાથે કાંસ્ય (બ્રોન્ઝ) પદક મેળવ્યો હતો.

### વિવિધ વર્ગોમાં ભારતનું સંઘર્ષપૂર્ણ પ્રદર્શન

પુરુષોની 4x400 મીટર રિલે ટીમ (તીર્થેશ શેટ્ટી, અવિનાશ કૃષ્ણ કુમાર, સૂરજ એ. રાજા, ભરત શ્રીધર) 3:05.33 સેકન્ડના સમય સાથે પાંચમા ક્રમે રહી હતી. જ્યારે મહિલાઓની 4x400 મીટર રિલે ટીમ (સલોની નાગર, પૂવમ્મા એમ. આર., અનસા બાબુ, રશદીપ કૌર) 3:34.88 સેકન્ડનો સમય નોંધાવીને ચોથા સ્થાને રહી હતી.

### ભારતીય એથ્લેટિક્સ માટે ગૌરવની ક્ષણ

એશિયન રિલે ચેમ્પિયનશિપમાં ભારતીય મહિલા ટીમના આ સુવર્ણ પદકે સાબિત કરી દીધું છે કે ભારતીય એથ્લેટ્સ હવે વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને એશિયામાં મજબૂત દાવેદારી નોંધાવી રહ્યા છે. મિશ્ર સ્પર્ધાઓમાં જીતેલા પદકો પણ ભારતીય એથ્લેટિક્સની ઊંડાણ અને વિવિધતા દર્શાવે છે. રમતપ્રેમીઓ અને નિષ્ણાતો આ સિદ્ધિઓને આગામી મોટી ટુર્નામેન્ટો માટે એક સકારાત્મક સંકેત તરીકે જોઈ રહ્યા છે.

પ્રો લીગમાં ભારતીય ટીમની વાપસી, એફઆઈએચ નેશન્સ કપમાં ભારતનું વર્ચસ્વ

# ભારતીય મહિલા હોકી ટીમે જીત્યો FIH નેશન્સ કપ

(એજન્સી) ઓકલેન્ડ । તા. 22

ભારતીય મહિલા હોકી ટીમે આંતરરાષ્ટ્રીય હોકી જગતમાં વધુ એક ગૌરવશાળી સિદ્ધિ હાંસલ કરી છે. રવિવારે રમાયેલી એફઆઈએચ (FIH) મહિલા નેશન્સ કપની ફાઈનલ મેચમાં ભારતીય ટીમે યજમાન ન્યૂઝીલેન્ડને ૨-૦થી હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું છે. આ વિજય સાથે ભારતીય ટીમ માટે આગામી પ્રો લીગમાં પ્રવેશવાનો માર્ગ પણ મોકળો થયો છે.

મેચની શરૂઆતથી જ ભારતીય ખેલાડીઓએ આક્રમક રમત દાખવી હતી. મેચની ચોથી જ મિનિટમાં નવનીત કૌરે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને ભારતને ૧-૦ની સરસાઈ અપાવી હતી. ત્યારબાદ, ૧૫મી મિનિટમાં સુનિલિતા ટોપ્પોએ દીપિકાના પાસ પર ગોલ કરીને ભારતની લીડને ૨-૦ સુધી પહોંચાડી દીધી હતી. ભારતીય ટીમનું આ પ્રારંભિક દબાણ ન્યૂઝીલેન્ડના ડિફેન્સ માટે મોટી મુસીબત બની રહ્યું હતું.

### મજબૂત ડિફેન્સ અને રણનીતિ

બે ગોલની સરસાઈ મેળવ્યા બાદ ભારતીય ટીમે



ડિફેન્સમાં શિસ્તબદ્ધ પ્રદર્શન કર્યું હતું. ગોલકીપર સવિતા પૂનિયા અને સમગ્ર ડિફેન્સ લાઈને ન્યૂઝીલેન્ડના તમામ આક્રમણોને નિષ્ફળ બનાવ્યા હતા. ખાસ કરીને ત્રીજા અને ચોથા ક્વાર્ટરમાં યજમાન ટીમે ગોલ કરવા માટે ભરપૂર પ્રયાસો કર્યા હતા, પરંતુ ભારતીય ખેલાડીઓની મક્કમતા સામે તેઓ કોઈ સફળતા મેળવી શક્યા ન હતા. લાલરેમ્સિયામીને તેના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવી હતી.

### ઐતિહાસિક સિદ્ધિ અને પ્રોત્સાહન

આ ભારતનો બીજો નેશન્સ કપ ખિતાબ છે, આ પહેલાં ૨૦૨૨માં ભારતે આ ટુર્નામેન્ટનું પ્રથમ ટાઈટલ જીત્યું હતું. આખી ટુર્નામેન્ટ દરમિયાન ભારત અજેય રહ્યું હતું. ગ્રુપ સ્ટેજમાં અમેરિકા, જાપાન અને ઉરુગ્વે સામે જીત મેળવ્યા બાદ સેમીફાઈનલમાં ચિલીને ૬-૦થી હરાવીને ભારત ફાઈનલમાં પહોંચ્યું હતું. ખેલાડીઓના આ મનોબળને બિરદાવતા હોકી ઈન્ડિયાએ ટીમ માટે રોકડ પુરસ્કારની પણ જાહેરાત કરી છે.

# વિમ્બલ્ડન ૨૦૨૬માં સેરેના વિલિયમ્સની શાનદાર વાપસી, વાઈલ્ડકાર્ડ દ્વારા સેરેનાની એન્ટ્રી

(એજન્સી) લંડન । તા. 22

ટેનિસ જગત માટે અત્યારના સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ૨૩ વખતની ગ્રાન્ડ સ્લેમ વિજેતા અને દિગ્ગજ ખેલાડી સેરેના વિલિયમ્સ આગામી વિમ્બલ્ડન ટુર્નામેન્ટમાં સિંગલ્સ મુકાબલામાં રમતી જોવા મળશે. ઓલ ઈંગ્લેન્ડ લોન ટેનિસ એન્ડ ક્રોકેટ ક્લબ દ્વારા રવિવારે સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે કે સેરેનાને વિમ્બલ્ડન માટે અંતિમ વાઈલ્ડકાર્ડ એન્ટ્રી આપવામાં આવી છે. આ નિર્ણય સાથે જ સેરેના ચાર વર્ષના લાંબા ગાળા બાદ ફરી સિંગલ્સ ટેનિસમાં વાપસી કરવા માટે તૈયાર છે.

### ટેનિસ કોર્ટ પર લાંબા ગાળા બાદ વાપસી

૪૪ વર્ષીય સેરેનાએ છેલ્લે ૨૦૨૨માં વિમ્બલ્ડન રમી હતી, જેમાં તેમને ફ્રાન્સની હાર્મની ટાન સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ યુ.એસ. ઓપનમાં ત્રીજા રાઉન્ડમાં હાર્યા બાદ તેમણે સ્પર્ધાત્મક ટેનિસથી



અંતર જાળવ્યું હતું, જોકે તેમણે ક્યારેય સત્તાવાર રીતે નિવૃત્તિ જાહેર કરી ન હતી, પરંતુ પોતાનો માર્ગ 'ઈવોલ્વિંગ' (વિકસિત થતો) હોવાનું જણાવ્યું હતું. ગત વર્ષે એન્ટી-ડોપિંગ ટેસ્ટિંગ પૂલમાં ફરી જોડાયા બાદથી જ તેમની વાપસીની અટકળો તેજ બની હતી, જે હવે સત્ય સાબિત થઈ છે.

### ડબલ્સ બાદ હવે સિંગલ્સનો પડકાર

સેરેના આ ટુર્નામેન્ટમાં સિંગલ્સ ઉપરાંત તેમની મોટી બહેન વીનસ વિલિયમ્સ સાથે ડબલ્સમાં પણ ભાગ લેશે, જેના માટે તેમને અગાઉથી જ વાઈલ્ડકાર્ડ મળી ચૂક્યું હતું. તાજેતરમાં ક્વીન્સ ક્લબ ચેમ્પિયનશિપ અને બર્લિન ઓપનમાં ડબલ્સ મેચો રમીને સેરેનાએ પોતાની તૈયારીઓનું પ્રદર્શન કર્યું છે. ડબલ્સના અનુભવો બાદ હવે વિમ્બલ્ડનની પ્રતિષ્ઠિત ઘાસની સપાટી પર સિંગલ્સમાં તેમને રમતા જોવા માટે ચાહકો ઉત્સુક છે.

સેરેનાની વાપસી ટેનિસ જગત માટે એક મોટી ઘટના માનવામાં આવે છે. સાત વખતની વિમ્બલ્ડન ચેમ્પિયન સેરેનાના આગમનથી આ વર્ષની ટુર્નામેન્ટમાં રોમાંચ અનેકગણો વધી જશે. તેમની શારીરિક ક્ષમતા અને અનુભવ વિમ્બલ્ડનના કોર્ટ પર કેવો રંગ જમાવે છે તે જોવું હવે ખૂબ જ રસપ્રદ રહેશે. વિમ્બલ્ડન વહીવટીતંત્રનું આ વાઈલ્ડકાર્ડ આપવાનું પગલું ટેનિસના ઈતિહાસમાં એક યાદગાર પ્રકરણ ઉમેરશે તે નક્કી છે. સેરેનાનું આ પુનરાગમન વિશ્વભરના રમતપ્રેમીઓ માટે એક મોટી ખુશખબર છે.

# વૈભવ સૂર્યવંશીની તોફાની બેટિંગથી ભારત વિજેતા

## શ્રીલંકા-એ સામે ભારતનો 66 રને વિજય



(એજન્સી) દામ્બુલા । તા. 22

ભારતીય 'એ' ક્રિકેટ ટીમે દામ્બુલાના રણગિરી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલ મેચમાં શ્રીલંકા-એ ટીમને ૬૬ રને પરાજય આપી ટ્રાય સિરીઝ પર પોતાનો દબદબો સ્થાપિત કર્યો છે. આ ખિતાબી જીતના મુખ્ય સૂત્રધાર ૧૫ વર્ષના યુવા સ્ટાર વૈભવ સૂર્યવંશી રહ્યા હતા, જેમણે પોતાની વિસ્ફોટક બેટિંગથી મેચનું પાસું જ પલટી નાખ્યું હતું.

વૈભવે માત્ર ૨૯ બોલમાં ૩૨૪.૧૪ના સ્ટ્રાઈક રેટ સાથે ૯૪ રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી. જેમાં ૧૦ ચોગ્ગા અને ૮ ગગનચુંબી છગ્ગા સામેલ હતા. તેમના આ અદભૂત પ્રદર્શનને કારણે જ ભારતને ફાઈનલમાં એક મજબૂત સ્કોર સુધી પહોંચવામાં સફળતા મળી હતી. પાવરપ્લે દરમિયાન વૈભવના આક્રમક તેવરે શ્રીલંકન બોલરોના હોશ ઉડાવી દીધા હતા. તેમના આ પ્રદર્શન માટે તેમને 'પ્લેયર ઓફ ધ મેચ' તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. પોતાની આક્રમક બેટિંગને લઈને થઈ રહેલી ટીકાઓનો જવાબ આપતા વૈભવે જણાવ્યું હતું કે, "લોકોને કદાચ ખબર નથી કે મેં અગાઉ પણ ૫૦ ઓવરનું ઘણું ક્રિકેટ રમ્યું છે." પોતાની રણનીતિ વિશે વાત કરતા તેમણે કહ્યું કે તેઓ કોઈ પણ જાતના દબાણ વગર મેદાનમાં ઉતર્યા હતા. કોચ સાથેની ચર્ચા અને નેટ્સમાં કરેલી સખત મહેનતનું પરિણામ આજે ફાઈનલ મેચમાં જોવા મળ્યું હતું. તેમણે મુશ્કેલ પિચો અને પરિસ્થિતિઓમાં રમવાનો ભરપૂર આનંદ લીધો હતો.

આઈપીએલ ૨૦૨૬માં રેકોર્ડતોડ પ્રદર્શન કર્યા બાદ, વૈભવ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકવા માટે તૈયાર છે. આગામી આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય ટીમમાં તેમની પસંદગી થવાની પ્રબળ શક્યતાઓ છે. ક્રિકેટ નિષ્ણાતોનું માનવું છે કે, આયર્લેન્ડ પ્રવાસ દરમિયાન વૈભવ સૂર્યવંશીનું આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ થઈ શકે છે. ભારતનો આ યુવા ખેલાડી હવે ટીમ ઈન્ડિયાના ભવિષ્યના સ્ટાર તરીકે ઉભરી રહ્યો છે અને ચાહકોને આશા છે કે તેઓ આ જ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ મોટી મેચ-

ભારતે કુલ ૬ પદકો સાથે કરી સમાપ્તિ

# વર્લ્ડ બોક્સિંગ કપમાં જ્યોતિનો કમાલ, ભારતને ગોલ્ડ

(એજન્સી) ગુઇયાંગ (ચીન) । તા. 22

ચીનના ગુઈયાંગ ખાતે આયોજિત વર્લ્ડ બોક્સિંગ કપમાં ભારતીય મુક્કાબાજોએ શાનદાર પ્રદર્શન કરી દેશનું ગૌરવ વધાર્યું છે. ભારતની સ્ટાર મુક્કાબાજ જ્યોતિએ ૪૮ કિગ્રા વજન વર્ગમાં સુવર્ણ પદક જીતીને ભારતની ઝોળીમાં એકમાત્ર ગોલ્ડ મેડલ મેળવ્યો છે. જ્યોતિએ ફાઈનલ મુકાબલામાં ઉઝબેકિસ્તાનની વર્તમાન ગોલ્ડ મેડલિસ્ટ ફરઝોના ફોઝિલોવાને ૫-૦ના એકતરફી નિર્ણાયક નિર્ણયથી પરાજય આપીને ચેમ્પિયન બની હતી.



જ્યોતિના ગોલ્ડ મેડલ ઉપરાંત ભારતીય મુક્કાબાજોએ ત્રણ રજત (સિલ્વર) પદક પણ જીત્યા છે. ૫૧ કિગ્રા વજન વર્ગમાં મીનાક્ષી, જેઓ મૂળ ૪૮ કિગ્રાની વર્લ્ડ નંબર-૧ ખેલાડી છે, તેઓએ ઊંચા વજન વર્ગમાં ભાગ લઈને ચીનની વુ યુ સામે ૦-૫થી હારીને સિલ્વર મેડલ મેળવ્યો હતો. આ જ રીતે, પ્રચીએ ૫૭ કિગ્રા વજન વર્ગમાં અને પુરુષોના ૭૦ કિગ્રા વર્ગમાં દીપકે પણ સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. આ ટુર્નામેન્ટમાં ભારતની કુલ પદક સંખ્યા ૬ પર પહોંચી છે. જેમાં ૧ ગોલ્ડ, ૩ સિલ્વર અને અગાઉ નિશ્ચિત થયેલા ૨ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

વિશ્વ ક્રમાંકમાં ટોચના દસમાં સ્થાન પામશે

# બર્લિન ઓપન જીતી લિંડા નોસ્કોવાએ ઈતિહાસ રચ્યો, નોસ્કોવાનું પ્રથમ ગ્રાસ કોર્ટ ટાઈટલ

(એજન્સી) બર્લિન । તા. 22

ચેક રિપબ્લિકની ઉભરતી સ્ટાર ટેનિસ ખેલાડી લિંડા નોસ્કોવાએ રવિવારે રમાયેલી બર્લિન ઓપનની ફાઈનલમાં જેસિકા પેગુલાને હરાવીને પોતાના કેરિયરનું પ્રથમ ગ્રાસ કોર્ટ ટાઈટલ જીતી લીધું છે. આ શાનદાર જીત સાથે, નોસ્કોવા તેના કેરિયરની નવી ઊંચાઈઓ સર કરવા જઈ રહી છે અને તે વિશ્વના ટેનિસ ક્રમાંકમાં પ્રથમ વખત ટોચના દસ ખેલાડીઓમાં સામેલ થશે.



### સંઘર્ષપૂર્ણ ફાઈનલ અને નોસ્કોવાનું પ્રદર્શન

ફાઈનલ મુકાબલો ખૂબ જ રોમાંચક રહ્યો હતો. આઠમી સીડ લિંડા નોસ્કોવાએ પ્રથમ સેટમાં મક્કમ શરૂઆત કરી હતી અને ત્રીજી બ્રેક પોઈન્ટ તકની મદદથી સેટ પોતાના નામે કર્યો હતો. જોકે, ૨૦૨૪ની ચેમ્પિયન જેસિકા પેગુલાએ બીજા સેટમાં જોરદાર વાપસી કરીને મેચને નિર્ણાયક તબક્કે પહોંચાડી દીધી હતી. અંતિમ સેટમાં નોસ્કોવાએ પોતાની માનસિક મજબૂતી અને આક્રમક રમતનો પરિચય આપતા શરૂઆતમાં જ બ્રેક મેળવી લીધો હતો અને અંતે મેચ ૬-૪, ૪-૬, ૬-૩થી જીતીને પોતાનું બીજું ડબલ્યુટીએ (WTA) સિંગલ્સ ટાઈટલ હાંસલ કર્યું હતું.

### પેગુલાનો નિરાશાજનક અંત

અમેરિકન ખેલાડી જેસિકા પેગુલા, જેણે સેમીફાઈનલમાં વિશ્વની નંબર વન ખેલાડી આર્યના સાબાલેન્કાને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો, તે બર્લિન ઓપનમાં બીજી વખત ખિતાબ જીતવાનું સપનું પૂરું કરી શકી નહીં. મેચ બાદ નોસ્કોવાએ પેગુલાના વખાણ કરતા કહ્યું હતું કે, "જેસી, તું એક અતુલ્ય અને દરેક સપાટી પર રમવામાં કુશળ ખેલાડી છે. તારી સામે ફાઈનલ રમવી મારા માટે ખૂબ જ પડકારજનક હતી."

સ્લો ઓવર રેટ બદલ ICCનો દંડ

# વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઈંગ્લેન્ડને મોટો ઝટકો

(એજન્સી)લંડન । તા. 22

ન્યૂઝીલેન્ડ સામે ઓવલ ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં શરમજનક પરાજય બાદ હવે ઈંગ્લેન્ડની ટીમ માટે મુસીબતોનો પહાડ તૂટી પડ્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ સ્લો ઓવર રેટ (ધીમી ઓવર ગતિ) બદલ ઈંગ્લેન્ડની ટીમ પર આકરી કાર્યવાહી કરી છે. આ કાર્યવાહીના કારણે ટીમને માત્ર આર્થિક દંડ જ નથી ભોગવવો પડ્યો, પરંતુ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ના મહત્ત્વના પોઈન્ટ્સ પણ ગુમાવ્યા છે.

ઓવલ ટેસ્ટ દરમિયાન ઈંગ્લેન્ડની ટીમ નિર્ધારિત સમય કરતાં ૧૨ ઓવર પાછળ ચાલી રહી હતી. મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટે આ બેદરકારીને ગંભીર ગણાવી આકરો નિર્ણય લીધો હતો. ICCના નિયમો મુજબ, નિર્ધારિત સમયમાં ઓવર પૂરી ન કરનાર ખેલાડીઓની મેચ ફીમાંથી પ્રતિ ઓવર ૫ ટકાનો કાપ મૂકવામાં આવે છે. આ નિયમ હેઠળ ઈંગ્લેન્ડની ટીમને કુલ મેચ ફીના ૫૦ ટકા દંડ ભરવો પડશે. સૌથી મોટો ફટકો ઈંગ્લેન્ડને WTC પોઈન્ટ ટેબલમાં પડ્યો છે. ICCના નિયમ ૧૬.૧૧.૨ મુજબ, દરેક ઓવરના વિલંબ માટે એક ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ કાપવામાં આવે છે. ૧૨ ઓવર પાછળ હોવાને કારણે ઈંગ્લેન્ડના ખાતામાંથી સીધા ૧૨ પોઈન્ટ્સ કાપી લેવામાં આવ્યા છે. આ દંડ બાદ ઈંગ્લેન્ડ પોઈન્ટ ટેબલમાં સાતમા સ્થાને ધકેલાઈ ગયું છે. ટીમના પોઈન્ટ પર્સન્ટેજમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે, જે ૩૪.૭૨ ટકાથી ઘટીને હવે ૨૬.૩૮ ટકા પર આવી ગયો છે.



લવ // ભારતીય યુવતી સાથે નામ જોડાયું, ફેન્સમાં ઉત્તેજના, સસ્પેન્સ હજુ યથાવત

# ઈંગ્લેન્ડના સ્ટાર ક્રિકેટરની લવ લાઈફ ચર્ચામાં

(એજન્સી) લંડન । તા. 22

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના ઉભરતા ઓલરાઉન્ડર જેકબ બેથલ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે, પરંતુ આ વખતે કારણ ક્રિકેટના મેદાન પરના તેમના શાનદાર પ્રદર્શન માટે નહીં, પરંતુ તેમની અંગત લાઈફ માટે છે. છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર જેકબ બેથલ એક ભારતીય યુવતીને ડેટ કરી રહ્યા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. એક યુવતી સાથેનો તેમનો ફોટો વાયરલ થયા બાદ ઈન્ટરનેટ પર ફેન્સ વચ્ચે ભારે ઉત્તેજના જોવા મળી રહી છે, જોકે આ મામલે સસ્પેન્સ હજુ પણ અકબંધ છે.

### વાયરલ ફોટાએ જગાવી જિજ્ઞાસા

સોશિયલ મીડિયા પર જેકબ બેથલનો એક યુવતી સાથેનો રોમેન્ટિક અંદાજમાં ફોટો વાયરલ થયો છે. તસવીરમાં યુવતીનો ચહેરો સ્પષ્ટ રીતે દેખાતો ન હોવા છતાં, નેટીઝન્સે અનુમાન લગાવવાનું શરૂ કરી દીધું છે. મીડિયા અહેવાલો મુજબ, જેકબ કોઈ ભારતીય મેકઅપ આર્ટિસ્ટ સાથે



રિલેશનશિપમાં હોઈ શકે છે. આ વાયરલ ફોટોએ તેમના ચાહકોમાં કુતૂહલ સર્જ્યું છે કે આખરે આ રહસ્યમયી યુવતી કોણ છે?

### અંકિતા પટેલ સાથે નામની ચર્ચા

યુઝર્સના મતે, આ તસવીરમાં દેખાતી યુવતી મુંબઈની જાણીતી સેલિબ્રિટી મેકઅપ આર્ટિસ્ટ અંકિતા પટેલ છે. અંકિતા શિલ્પા શેટ્ટી, પલક તિવારી અને હિના ખાન જેવી બોલીવુડની મોટી હસ્તીઓ સાથે કામ કરવા માટે જાણીતી છે. ૨૨ વર્ષીય જેકબ બેથલ, જેમણે તાજેતરમાં T20 વર્લ્ડ કપ અને IPLમાં રૉયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) માટે શાનદાર રમત દાખવીને પોતાની આગવી ઓળખ ઊભી કરી છે, તેમની લોકપ્રિયતાને જોતા આ સમાચાર ફેન્સ માટે ખૂબ જ રસપ્રદ બન્યા છે.

### આધ્યા આનંદનું નામ પણ ચર્ચાયું

માત્ર અંકિતા પટેલ જ નહીં, પણ જેકબનું નામ ભારતીય અભિનેત્રી આધ્યા આનંદ સાથે પણ જોડવામાં આવી રહ્યું છે. કેટલાક ફેન્સનો દાવો છે કે IPL દરમિયાન બંને એકબીજાની નજીક આવ્યા હતા અને જેકબ દ્વારા આધ્યાની સોશિયલ મીડિયા પોસ્ટ્સને લાઈક કરવાનું આ બાબત તરફ નિર્દેશ કરે છે. જો કે, જેકબ બેથલ કે અંકિતા પટેલ કે આધ્યા આનંદ તરફથી આ અફવાઓ અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટરો અને ભારતીય કલાકારો વચ્ચેના આવા સંબંધોની ચર્ચાઓ હંમેશા મીડિયામાં આકર્ષણનું કેન્દ્ર રહી છે. જેકબ બેથલ જેવા યુવાન સ્ટાર ખેલાડી માટે આવી અફવાઓ નવી નથી, પરંતુ જે રીતે આ સમાચાર સોશિયલ મીડિયા પર ગરમાયા છે, તે જોતા સ્પષ્ટ થાય છે કે ભારતીય ફેન્સ તેમના પ્રિય ખેલાડીની પર્સનલ લાઈફમાં કેટલી રસ દાખવે છે.

વાયર-ટુ-વાયર જીત સાથે મેળવી ઐતિહાસિક સિદ્ધિ

# વિન્ધમ ક્લાર્કે બીજી વાર જીત્યો યુ.એસ. ઓપન ખિતાબ

(એજન્સી) શિનનેકોક હિલ્સ । તા. 22

અમેરિકન ગોલ્ફર વિન્ધમ ક્લાર્કે રવિવારે રમાયેલી યુ.એસ. ઓપન ટુર્નામેન્ટમાં પોતાની પ્રતિભાનો પરચો આપતા બીજી વખત ખિતાબ જીતી લીધો છે. પવનની લહેરો વચ્ચે રમાયેલી આ ટુર્નામેન્ટમાં વિન્ધમ ક્લાર્કે શરૂઆતથી અંત સુધી પોતાનું પ્રભુત્વ જાળવી રાખીને 'વાયર-ટુ-વાયર' જીત હાંસલ કરી હતી. તેઓ ૨૦૧૪ પછી આ સિદ્ધિ મેળવનાર પ્રથમ ખેલાડી બન્યા છે.

### સંઘર્ષપૂર્ણ જીતની સફર

અંતિમ રાઉન્ડની શરૂઆત સમયે ક્લાર્ક પાસે છ શોટની મજબૂત લીડ હતી, પરંતુ દબાણ હેઠળ રમી રહેલા ક્લાર્કની સરસાઈ ફ્રન્ટ નાઈનમાં ઘટીને માત્ર એક શોટની રહી ગઈ હતી. જોકે, તેમણે મક્કમતા જાળવી રાખી અને ૧૬મા હોલ પર ૨૪ ફૂટના અંતરથી નોંધાવેલી નોંધપાત્ર બર્ડીએ મેચનું પાસું પલટી નાખ્યું હતું. તેમણે ૭૩નો સ્કોર કરીને કુલ ચાર-અંડર ૨૭૬ સાથે સાથી અમેરિકન ખેલાડી સેમ બર્ન્સને એક સ્ટ્રોકના નજીવા અંતરથી હરાવ્યા હતા. આ વિજય સાથે ૩૨ વર્ષીય ક્લાર્કે ટુર્નામેન્ટની ૨૨.૫ મિલિયન ડોલરની ઈનામી રકમમાંથી રેકોર્ડ ૪.૫ મિલિયન ડોલરની જીત મેળવી છે. પિતાના દિવસની ઉજવણી વચ્ચે, તેમના પિતા રેન્ડલની હાજરીએ આ જીતને વધુ ભાવુક બનાવી દીધી હતી. ક્લાર્કે આ જીતને 'રિડેમ્પશન' (મુક્તિ) ગણાવી હતી, કારણ કે ગયા વર્ષે ખૂબ જ નિરાશાજનક પ્રદર્શન બાદ આ વર્ષે તેમણે પ્રતિકૂળતાઓને માત આપી છે. બીજા સ્થાને રહેલા સેમ બર્ન્સે ૬૭નો શાનદાર સ્કોર નોંધાવ્યો હતો, પરંતુ છેલ્લી ક્ષણે ચૂકી ગયેલી બર્ડી તેમને ભારે પડી હતી. વર્લ્ડ નંબર વન સ્કોટી શેફલર અને ટોમ કિમ પણ આ ટુર્નામેન્ટમાં ચર્ચાનું કેન્દ્ર રહ્યા હતા.



## સાંસદોના પક્ષપલટા મામલે રાજકીય ગરમાવો

# ભાજપના 'ઓપરેશન લોટસ' સામે કોંગ્રેસનો આકરો પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી | તા.22

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાએ ભાજપની કથિત 'ઓપરેશન લોટસ'ની વ્યૂહનીતિ સામે આકરા પ્રહારો કરીને દેશના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. ખેડાએ આ રણનીતિને 'ઓપરેશન કીચડ' ગણાવીને ભાજપ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે કહ્યું કે, "દેશમાં જે સ્થળોએ કમળ ખીલી શકતું નથી, ત્યાં ભાજપ કાદવ ફેલાવવાનું કામ કરી રહી છે."



પવન ખેડાએ ચૂંટણીના પરિણામો અને ત્યારબાદની સ્થિતિ પર કટાક્ષ કરતા સવાલ કર્યો કે, 'ચૂંટણીમાં ૪૦૦ બેઠકો પાર કરવાનો દાવો કરનાર ભાજપ અંતે ૨૪૦ બેઠકો પર કેવી રીતે અટકી ગઈ? શું આ જ અહંકાર તૂટવાનું કારણ છે કે હવે તેઓ સાંસદો અને ધારાસભ્યોની ખરીદી કરવામાં વ્યસ્ત છે?' કોંગ્રેસ નેતાના મતે, સરકારનું કામ દેશહિતમાં નીતિઓ બનાવવાનું છે, નેતાઓની ખરીદ-વેચાણ કરવાનું નહીં. ભાજપ પર નિશાન સાધતા તેમણે પૂછ્યું કે, "આખરે ભાજપને કોના પર ભરોસો નથી કે તેમણે આ પ્રકારના રસ્તાઓ અપનાવવા પડી રહ્યા છે?"

કોંગ્રેસ નેતાએ દાવો કર્યો છે કે, ઝારખંડ અને મધ્યપ્રદેશ સહિત દેશના અનેક રાજ્યોમાં અત્યારે નેતાઓની ખરીદ-વેચાણની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. વિપક્ષી પક્ષોના નેતાઓને તોડીને તેમને પોતાના પક્ષમાં લાવવા માટે સત્તાનો ખોટો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ખેડાના મતે, આ એક લોકશાહી માટે ખતરનાક પરંપરા છે, જેનાથી વિપક્ષને નબળો પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.રાજકારણમાં 'ઓપરેશન લોટસ' શબ્દનો ઉપયોગ ત્યારે કરવામાં આવે છે જ્યારે કોઈ રાજ્યમાં વિપક્ષી પક્ષોના ધારાસભ્યો અથવા સાંસદો રાજીનામું આપીને કે બગાવત કરીને ભાજપમાં સામેલ થાય છે. કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો આ પ્રક્રિયાને સત્તાના જોરે કરવામાં આવતું 'ઓપરેશન' ગણાવીને હંમેશા ભાજપ પર પ્રહાર કરતા રહ્યા છે. તાજેતરના સાંસદોના પક્ષપલટાના મામલે પવન ખેડાએ ફરી એકવાર આ મુદ્દાને જીવંત કર્યો છે.પવન ખેડાના આ નિવેદન બાદ ભાજપ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી, પરંતુ કોંગ્રેસના આ આક્રમક વલણથી આગામી દિવસોમાં રાજકીય માહોલ વધુ ગરમાય તેવી શક્યતા છે. નેતાઓની ખરીદીને લઈને કરવામાં આવેલા આ આક્ષેપો લોકશાહીની મર્યાદા અને રાજકીય નીતિમત્તા પર પણ મોટા પ્રશ્નો ઉભા કરી રહ્યા છે.

### ભાજપના બળવાખોર નેતા શિંદેને ભારે પડી ગયા, અપક્ષ ચૂંટણી લડી મહારાષ્ટ્રમાં કર્યો ખેલ

મહારાષ્ટ્રમાં ચાલી રહેલા કથિત 'ઓપરેશન ટાઇગર'ની ભારે અટકળો વચ્ચે સોમવારે વિધાન પરિષદની બાકી રહેલી 11 બેઠકોના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. આ ચૂંટણીમાં સત્તાધારી મહાયુતિ ગઠબંધને મોટી જીત મેળવી કરી છે, પરંતુ નાશિક બેઠક પર ગઠબંધનને એક મોટા આંચકાનો સામનો કરવો પડ્યો છે. અહીં ભાજપના જ એક બળવાખોર ઉમેદવારે અપક્ષ તરીકે ચૂંટણી લડીને મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેનાના સત્તાવાર ઉમેદવારને પરાજય આપ્યો છે. આ પરિણામો એવા સમયે આવ્યા છે. જ્યારે રાજ્યમાં ઉદ્ધવ ઠાકરે જૂથના કેટલાક સાંસદો પક્ષ પલટો કરીને શિંદે જૂથમાં જોડાવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

# તમિલનાડુમાં ટોર્નેડોનો ડરામણો નજારો: ટોલનાકું, વીજ થાંભલા, પાર્ક રાઇડ્સ રસ્તામાં જે આવ્યું તે ઉડ્યું

(એજન્સી) તમિલનાડુ | તા.22

તમિલનાડુના તૂથુકુડી જિલ્લામાં રવિવારે સાંજે એક અત્યંત ડરામણી અને દુર્લભ ઘટના સામે આવતા સ્થાનિક લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. આકાશમાં ધૂળ અને વાદળોનો એક વિશાળ ઘુમાવદાર સ્તંભ જોવા મળ્યો હતો. જે હૂબહૂ અમેરિકામાં આવતા વિનાશક ટોર્નેડો જેવો લાગતો હતો. આ તીવ્ર વાવાઝોડાના કારણે અનેક ઘરો, દુકાનો, ટોલ પ્લાઝા અને એક ખાનગી થીમ પાર્કને મોટું નુકસાન પહોંચ્યું છે. જ્યારે 6 લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જો કે, ભારતીય હવામાન વિભાગ (IMD) ના સત્તાવાર અહેવાલ મુજબ આ વાસ્તવિક ટોર્નેડો નહોતો, પરંતુ કમ્યુલોનિમ્બસ વાદળોની સિસ્ટમ સાથે જોડાયેલો એક શક્તિશાળી થંડરસ્ટોર્મ અપડ્રાફ્ટ હતો.આ ઘટનાની વિગતવાર માહિતી અનુસાર, તૂથુકુડી જિલ્લામાં સાંજના સમયે અચાનક વાતાવરણ પલટાયું હતું અને ભારે આંધી સાથે તીવ્ર વરસાદ શરૂ થયો હતો. સ્થાનિક પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે અચાનક પવનનું એક પ્રચંડ ઝાપટું આવ્યું અને



જમીન પરથી ધૂળનો મોટો વંટોળ આકાશ તરફ જવા લાગ્યો હતો. આ વાવાઝોડાના માર્ગમાં આવતી તમામ વસ્તુઓ ઉડી ગઈ હતી. અનેક મકાનોના છાપરા અને પતરાં હવામાં ઉડી ગયા હતા, રોડ પરના વીજળીના થાંભલા નમી પડ્યા હતા અને સ્થાનિક થીમ પાર્ક તેમજ ટોલ પ્લાઝાને વ્યાપક નુકસાન થયું હતું. સોશિયલ મીડિયા પર આ ભયાનક દ્રશ્યોના વીડિયો પણ ખૂબ વાયરલ થઈ રહ્યા છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશન અને સ્થાનિક ગરમીના કારણે આ તીવ્ર વાવાઝોડું ઉત્પન્ન થયું હતું. કમ્યુલોનિમ્બસ વાદળો જમીનથી 3 કિલોમીટરથી લઈને 18 કિલોમીટરની ઊંચાઈ સુધી બની શકે છે અને તેમાં ઉપરની તરફ હવાનો પ્રવાહ (જેને અપડ્રાફ્ટ કહે છે) અત્યંત વેગીલો હોય છે.

## News Brief

### રામ મંદિર દાન વિવાદ: ટ્રસ્ટના અધિકારીઓને અયોધ્યા ન છોડવાનો SITનો આદેશ



અયોધ્યા: અયોધ્યામાં ભગવાન રામ મંદિરના દાનમાં કથિત ગેરરીતિઓ મામલે તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ અત્યંત કડક વલણ અપનાવ્યું છે. SIT એ મંદિર ટ્રસ્ટના તમામ પદાધિકારીઓ અને આ કેસ સાથે સંકળાયેલા લોકોને અયોધ્યા છોડીને ન જવાનો સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે. આ વિકાસને પગલે મંદિર ટ્રસ્ટમાં મોટી કાર્યવાહી થવાના અને વહીવટી માળખામાં ફેરફાર થવાના સંકેતો મળી રહ્યા છે. રામ મંદિર ભવન નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ આ સમગ્ર મામલાને ગંભીર ગણાવતા કહ્યું કે, મંદિરમાં દાનની ચોરી નથી થઈ, પરંતુ લૂંટ થઈ છે. SIT ની પ્રારંભિક તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે, જેમાં સીસીટીવી ફૂટેજ સાથે છેડછાડ અને ફૂટેજ ડિલીટ કરી દેવાયા હોવાની આશંકા છે. તપાસમાં માત્ર છેલ્લા ૪૫ દિવસના જ સીસીટીવી રેકોર્ડિંગ મળી આવ્યા છે, જે તપાસમાં સૌથી મોટી અડચણ બની રહ્યા છે.

SIT ની તપાસ માત્ર દાનના ગબન સુધી સીમિત નથી, પરંતુ તેમાં મંદિર ટ્રસ્ટ દ્વારા જમીનની ખરીદી અને નિર્માણ સામગ્રીની ખરીદીમાં થયેલા કૌભાંડનો પણ સમાવેશ થાય છે. તપાસમાં સામે આવ્યું છે કે ટ્રસ્ટે બજાર ભાવ કરતાં ૫૦૦ થી ૮૦૦ ટકા વધુ કિંમતે જમીન ખરીદી છે. આ ઉપરાંત, ભગવાન રામને ચઢાવવામાં આવેલા સોના-ચાંદીના દાગીના અને કિંમતી પથ્થરોના રેકોર્ડમાં પણ મોટી ગડબડ હોવાનું જણાયું છે. ટ્રસ્ટના પદાધિકારીઓ આ બાબતે SIT ને સંતોષકારક જવાબ આપી શક્યા નથી.

# પ્રણિતા ઘોડેનું અંકશાસ્ત્ર પર આધારિત અનોખું કલા પ્રદર્શન, "ગ્રહપૂર્તિ યંત્ર", 2 જુલાઈથી મુંબઈમાં ખુલશે



(એજન્સી) મુંબઈ | તા.22

અંકશાસ્ત્ર પર આધારિત ચિત્રકામના નવા સ્વરૂપની શરૂઆત કરનાર પ્રખ્યાત કલાકાર શ્રીમતી પ્રણિતા ઘોડે 2 જુલાઈ, 2026 થી મુંબઈમાં તેમનું અનોખું કલા પ્રદર્શન, 'ગ્રહપૂર્તિ યંત્ર' યોજશે.આ માહિતી આપતાં, મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં અગ્રણી સામાજિક અને સાંસ્કૃતિક સંગઠન 'આકૃતિ આર્ટ ફાઉન્ડેશન' ના ડિરેક્ટર મનમોહન જયસ્વાલે જણાવ્યું હતું કે આ અનોખું કલા પ્રદર્શન 2 જુલાઈથી 5 જુલાઈ, 2026 સુધી મુંબઈના ભુલાભાઈ દેસાઈ રોડ પર સિમરોઝા આર્ટ ગેલેરી ખાતે બધા મુલાકાતીઓ માટે મફતમાં ખુલ્લું રહેશે. પ્રખ્યાત સાહિત્યકાર, વરિષ્ઠ સામાજિક કાર્યકર અને લોઢા ફાઉન્ડેશનના અધ્યક્ષા, શ્રીમતી મંજુ લોઢા, 2 જુલાઈ, 2026 ના રોજ પ્રદર્શનના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. અન્ય અગ્રણી મહેમાનોમાં પ્રખ્યાત ભજન સમ્રાટ પદ્મશ્રી અનુપ જલોટા, પ્રખ્યાત શાસ્ત્રીય ગાયક પદ્મશ્રી ડૉ. સોમા ઘોષ, વરિષ્ઠ ઉદ્યોગપતિ અજયકાંત રુઈયા, સામાજિક કાર્યકર માલતી જૈન, કિશોર જૈન ખાબિયા અને દેવેન્દ્ર ગુરુજીનો સમાવેશ થશે. ઉલ્લેખનીય છે કે શ્રીમતી પ્રણિતા છેલ્લા 15 વર્ષથી અંકશાસ્ત્રના ભાગ્યશાળી નંબર અને મૂળ સંખ્યાના આધારે ચિત્રકામ કરી રહી છે. આ અંગે, શ્રીમતી પ્રણિતાએ સમજાવ્યું કે છેલ્લા 15 વર્ષોમાં તેમના અભ્યાસ, અનુભવ અને સતત સંશોધનના આધારે, તેમણે જન્મ તારીખની સંખ્યાઓના આધારે વ્યક્તિગત 'ગ્રહપૂર્તિ યંત્ર' ની વિભાવના વિકસાવી છે. આ પ્રક્રિયામાં વ્યક્તિની જન્મ તારીખની સંખ્યાઓનું સંતુલન, તેમના ગાણિતિક સંબંધોનો અભ્યાસ અને તેમને કેનવાસ પર કલાત્મક રીતે રજૂ કરવાનો સમાવેશ થાય છે. તેમનું માનવું છે કે આ કલા, અંકશાસ્ત્ર અને સર્જનાત્મક અભિવ્યક્તિનો એક અનોખો સંગમ છે. તેણી કહે છે કે આ સ્વરૂપ કલાના ક્ષેત્રમાં તેમના વ્યાપક સંશોધનનું પરિણામ છે. તેમણે જણાવ્યું હતું કે તેમની કલા માત્ર દ્રશ્ય સુંદરતા જ નથી ધરાવતી પણ જીવનમાં સુમેળ, સુખ, શાંતિ અને સમૃદ્ધિ પણ લાવે છે. તેમણે સમજાવ્યું કે ગ્રહપૂર્તિ યંત્ર, અથવા શુભ અને અશુભ, સંપૂર્ણપણે વ્યક્તિની શ્રદ્ધા અને માન્યતાનો વિષય છે. લોશો ગ્રીડને વિશ્વભરમાં ખૂબ માન આપવામાં આવે છે. જન્મ તારીખ અનુસાર જરૂરી સંખ્યાઓને સંતુલિત કરવા માટે મોંઘા રત્નો, ખાસ રંગો, ઝાડના મૂળ અને વિવિધ ઉપાયો સૂચવવામાં આવે છે. જો કે, આ પદ્ધતિઓ મૂળ લોશો ગ્રીડની સંખ્યાઓને બદલતી નથી. હિન્દુ ધર્મમાં, શ્રી યંત્ર અને લક્ષ્મી યંત્ર વગેરેમાં સંખ્યાઓની સ્થિતિ સ્થિર માનવામાં આવે છે, જે ગ્રહોની શુભ સ્થિતિ અને સંતુલનનું પ્રતીક છે. એવું માનવામાં આવે છે કે આ સ્વરૂપ ઘરમાં સ્થાપિત કરવાથી સકારાત્મક આભા ઉત્પન્ન થાય છે, જે વ્યક્તિના જીવન પર ફાયદાકારક અસર કરે છે અને માનસિક અને આધ્યાત્મિક સંતુલન જાળવવામાં મદદ કરે છે.

### સીફૂડ એક્સપોર્ટ યુનિટમાં એમોનિયા ગેસ લીક, ૭ના મોત



ચેન્નાઈ: તમિલનાડુના તિરુવલ્લૂર જિલ્લામાં આવેલી એક સીફૂડ એક્સપોર્ટ ફેક્ટરીમાં એમોનિયા ગેસ લીક થવાની ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. આ અકસ્માતમાં ૭ લોકોના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે ૬૭ જેટલા શ્રમિકો ગંભીર રીતે અસરગ્રસ્ત થયા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

તિરુવલ્લૂર જિલ્લાના કલેક્ટર એસ. કવિતાએ જણાવ્યું હતું કે પેરિયાપાલયમ પાસે કનિગઈપાયરમાં આવેલી 'સેંટ પીટર્સ એન્ડ પોલ સીફૂડ એક્સપોર્ટ્સ' ફેસિલિટીમાં આ ગેસ લીકેજની ઘટના બની હતી. ગેસ ગળતર થતાં જ ફેક્ટરીમાં કામ કરતા શ્રમિકોને શ્વાસ લેવામાં ભારે તકલીફ થવા લાગી હતી. જે કર્મચારીઓને ચક્કર આવવા, ઉલટી થવી અને શ્વાસ લેવામાં તકલીફ જેવા લક્ષણો જોવા મળ્યા હતા, તેમને તાત્કાલિક અસરથી સ્થાનિક હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ ૬૭માંથી ૭ લોકોની સ્થિતિ અત્યંત ગંભીર હોવાથી તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે.

અસરગ્રસ્ત કર્મચારીઓમાં મોટાભાગના ઉત્તર ભારતના રાજ્યોમાંથી આવેલા શ્રમિકો છે. ઘટનાની જાણ થતાં જ તંત્ર દોડતું થયું હતું અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગવર્નર રાજેન્દ્ર અલેંકરે પણ આ ઘટના અંગે ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. લોકભવનથી જારી કરવામાં આવેલા નિવેદનમાં તેમણે પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઘાયલ શ્રમિકો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી છે.ફેક્ટરીમાં ગેસ લીક થવા પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે સ્થાનિક પ્રશાસન દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. શું સુરક્ષાના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું કે કેમ, તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. ૬૭ લોકોને એકસાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા તિરુવલ્લૂરની હોસ્પિટલોમાં પણ તાત્કાલિક ધોરણે સારવાર માટેની વિશેષ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી.આ દુર્ઘટનાએ ઔદ્યોગિક એકમોમાં ગેસ સુરક્ષાના માપદંડો અંગે ફરી એકવાર ગંભીર ચિંતાઓ જન્માવી છે. તંત્ર દ્વારા જવાબદારો સામે કડક કાર્યવાહીની ખાતરી આપવામાં આવી છે.

## સુરક્ષાના દાવા અને વાસ્તવિકતા

# નીટ રિ-એક્ઝામમાં બિહારમાં ૯ ડમી વિદ્યાર્થીઓ સહિત ૩૦ ઝડપાયા



લખીસરાય:નીટ યુજી (NEET-UG) ની રિ-એક્ઝામ દરમિયાન બિહારના લખીસરાયમાં સોલ્વર ગેંગનો પર્દાફાશ થયો છે. પરીક્ષા દરમિયાન જુદા જુદા કેન્દ્રો પરથી ૯ 'મુન્નાભાઈ' એટલે કે ડમી વિદ્યાર્થીઓ સહિત કુલ ૩૦ લોકોની પોલીસે ધરપકડ કરી છે. આ કાર્યવાહી બાદ શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ શંકાસ્પદ યુવકો અન્ય અસલી વિદ્યાર્થીઓના સ્થાને પરીક્ષા આપી રહ્યા હતા. પરીક્ષા કેન્દ્ર પર કડક દસ્તાવેજી ચકાસણી કરવામાં આવી રહી હતી, ત્યારે જ આ કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓના ફોટો અને ફિંગરપ્રિન્ટ મેચ ન થયા, ત્યારે તપાસ એજન્સીને તેમના પર શંકા ગઈ હતી. બાયોમેટ્રિક હાજરી લેતી એજન્સીની સતર્કતાના કારણે આ નકલી પરીક્ષાર્થીઓ રંગેહાથ પકડાઈ ગયા હતા. આટલી કડક સુરક્ષા હોવા છતાં આ શખ્સો પરીક્ષા કેન્દ્રની અંદર કેવી રીતે પહોંચ્યા તે તપાસનો વિષય છે. પકડાયેલા તમામ યુવકો અન્ય જિલ્લાના રહેવાસી હોવાનું બહાર આવ્યું છે.સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ, કેઆરકે હાઈસ્કૂલમાંથી એક, કેન્દ્રીય વિદ્યાલયમાંથી સાત અને હસનપુર કેન્દ્રમાંથી એક શંકાસ્પદને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. એસડીએમ પ્રભાકર કુમાર અને એસડીપીઓ શિવમ કુમારના નેતૃત્વમાં આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ અધિકારી શિવમ કુમારે માહિતી આપી હતી કે કુલ ૩૦ ધરપકડ કરાયેલા લોકોમાંથી ૯ ડમી વિદ્યાર્થીઓ છે, જ્યારે અન્ય ૨૧ લોકો આ સમગ્ર કૌભાંડનું નેટવર્ક ચલાવનારા મુખ્ય સૂત્રધાર છે. પોલીસની સ્પેશિયલ ટીમ આ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય ઠેકાણાઓ પર પણ સતત દરોડા પાડી રહી છે. ઉલ્લેખનીય છે કે, પેપર લીક થવાની ગંભીર ઘટના બાદ ૨૧ જૂનના રોજ દેશભરના ૫૬૪ શહેરોમાં નીટ યુજીની પરીક્ષા ફરીથી યોજવામાં આવી હતી. આ વખતે સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક રાખવામાં આવી હતી.

# NFR GM કામાખ્યા સ્ટેશનનું નિરીક્ષણ કરે છે, અંબુબાચી મેળા માટેની તૈયારીઓની સમીક્ષા કરે છે

માલીગાંવ : 22 જૂન, 2026 ના રોજ, નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે 22 થી 25 જૂન, 2026 દરમિયાન યોજાનાર અંબુબાચી મેળા માટેની તૈયારીઓ અને મુસાફરોના વ્યવસ્થાપન વ્યવસ્થાની સમીક્ષા કરવા માટે કામાખ્યા રેલ્વે સ્ટેશનનું વ્યાપક નિરીક્ષણ કર્યું હતું. આ વાર્ષિક ધાર્મિક કાર્યક્રમ દેશના વિવિધ ભાગોમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓને આકર્ષે છે, અને રેલ્વે વ્યાપક સંચાલન અને મુસાફરોની સુવિધાના પગલાં અમલમાં મૂકે છે. નિરીક્ષણ દરમિયાન, જનરલ મેનેજરે યાત્રાળુઓની સુવિધા, સલામતી અને કાર્યક્ષમતા માટે કરવામાં આવેલી વિવિધ સુવિધાઓ અને વ્યવસ્થાઓનું મૂલ્યાંકન કર્યું, જેમાં ભીડ વ્યવસ્થાપન પગલાં, મુસાફરોની સુવિધાઓ, સ્વચ્છતા, પીવાના પાણીની સુવિધાઓ, તબીબી સહાય, હેલ્પ ડેસ્ક અને સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે. તેમણે સ્ટેશન પર તૈનાત રેલ્વે અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વાતચીત કરી અને મેળા દરમિયાન મુસાફરોના અપેક્ષિત ભારે ધસારાને નિયંત્રિત કરવા માટે પ્રવૃત્તિઓની તૈયારીઓની સમીક્ષા કરી.જનરલ મેનેજરે સતત તકેદારી રાખવા, ભીડનું અસરકારક રીતે સંચાલન કરવા અને મુસાફરોને તાત્કાલિક સહાય પૂરી પાડવાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે સંબંધિત



અધિકારીઓને તહેવાર દરમિયાન હંમેશા સતર્ક રહેવા, મુસાફરોની અવરજવર પર નજીકથી નજર રાખવા, સુરક્ષા એજન્સીઓ અને નાગરિક વહીવટીતંત્ર સાથે અસરકારક રીતે સંકલન કરવા અને સરળ ટ્રેન કામગીરી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો. યાત્રાળુઓના અપેક્ષિત ધસારાને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિવહન નિગમ (NFR) કામાખ્યાને આસામ અને ઉત્તર બંગાળના મહત્વપૂર્ણ સ્થળો સાથે જોડતી ઘણી ખાસ અનરિઝર્વ ટ્રેન સેવાઓ ચલાવી રહ્યું છે. વધુમાં, અંબુબાચી મેળા દરમિયાન મુસાફરોની સંખ્યાને સમાવવા અને તેમની મુસાફરીને સરળ બનાવવા માટે ઘણી નિયમિત પેસેન્જર ટ્રેનોમાં કોચની સંખ્યામાં અસ્થાયી રૂપે વધારો કરવામાં આવ્યો છે.જનરલ મેનેજરે સંબંધિત અધિકારીઓને મુસાફરોની સલામતી, સ્વચ્છતા અને સારી સેવા પૂરી પાડવા પર ભાર મૂકવાનો નિર્દેશ આપ્યો. કામાખ્યા રેલ્વે સ્ટેશનમાં પ્રવેશતા અને બહાર નીકળતા યાત્રાળુઓને પૂરતી માહિતી અને માર્ગદર્શન મળે તે પણ સુનિશ્ચિત કરવું જોઈએ.નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેએ અંબુબાચી મેળા દરમિયાન યાત્રાળુઓની અવરજવરને સરળ બનાવવા માટે વ્યાપક વ્યવસ્થા કરી છે અને તમામ મુસાફરોને સલામત, આરામદાયક અને મુશ્કેલીમુક્ત મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે.

# રામમંદિર દાન વિવાદ: સિંધી સમાજે ૨૦૦ કિલો ચાંદીની ઈંટો અંગે ચિંતા વ્યક્ત કરી

અયોધ્યા: અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવતા દાનને લઈને વિવાદો વકર્યા છે. તાજેતરમાં આ વિવાદમાં સિંધી સમાજ પણ જોડાયો છે. સિંધી સમાજે વર્ષ ૨૦૨૧માં રામ મંદિર નિર્માણ માટે અર્પણ કરેલી ૨૦૦ કિલો ચાંદીની ઈંટો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. વિશ્વ સિંધી સેવા સંગમના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. રાજુ મનવાનીએ આરોપ લગાવ્યો છે કે તેમણે આપેલા આટલી મોટી માત્રામાં દાનની આજ દિન સુધી કોઈ સત્તાવાર રસીદ કે વિગત ટ્રસ્ટ તરફથી આપવામાં આવી નથી.ડૉ. રાજુ મનવાનીના જણાવ્યા અનુસાર, ૨૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ વિશ્વભરના સિંધી સમાજના સહયોગથી ૨૦૦ ચાંદીની ઈંટો શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહાસચિવ ચંપત રાયને સોંપવામાં આવી હતી. આ ઈંટો પર સિંધી સમાજના આરાધ્ય દેવ ભગવાન ઝુલેલાલની તસવીર પણ અંકિત હતી. કારસેવક પુરમમાં આયોજિત આ કાર્યક્રમમાં ૧૨ દેશોના પ્રતિનિધિઓ સામેલ થયા હતા. સિંધી સમાજના અગ્રણીઓના મતે, તે સમયે ટ્રસ્ટ તરફથી ખાતરી આપવામાં આવી હતી કે ચાંદીની શુદ્ધતાની તપાસ બાદ રસીદ આપી દેવામાં આવશે, પરંતુ ૪ વર્ષ વીતી ગયા છતાં તે મળી નથી. હવે સિંધી સમાજનું એક પ્રતિનિધિમંડળ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળીને રજૂઆત કરશે.રામ મંદિરમાં દાનમાં હેરાફેરીના આક્ષેપોને લઈને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ તપાસ દરમિયાન ઘણા ચોંકાવનારા નિવેદનો સામે આવ્યા છે. પૂર્વ કર્મચારી હોવાનો દાવો કરતા કેટલાક લોકોએ મંદિર નિર્માણ અને દાનમાં ગેરરીતિ થઈ હોવાનો આક્ષેપ કર્યો છે. આ ઉપરાંત, અન્ય મંદિરોના ટ્રસ્ટીઓ અને ભક્તોએ પણ દાનની રસીદ ન મળ્યાની ફરિયાદ કરી છે.SIT દ્વારા આ મામલે પ્રાથમિક રિપોર્ટ હેડક્વાર્ટર મોકલી દેવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર જે લોકોએ પૂર્વ કર્મચારી હોવાના દાવા સાથે આક્ષેપો કર્યા હતા, તેમની પણ કડક પૂછપરછ કરવામાં આવશે. આ તપાસનો ઉદ્દેશ્ય એ જાણવાનો છે કે આ દાવાઓમાં કેટલી સત્યતા છે.

# મુંબઈ-વડોદરા હાઈવે પર ભયાનક અકસ્માત: ૨૫૦ની ઝડપે જતી કાર પલટી, ૨ના મોત

બદલાપુર: મહારાષ્ટ્રના બદલાપુર નજીક મુંબઈ-વડોદરા હાઈવે પર રવિવારે રાત્રે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. બર્થડે સેલિબ્રેશન બાદ મિત્રો સાથે લોન્ગ ડ્રાઈવ પર નીકળેલા ત્રણ યુવાનોની સફર કાળના કોળિયામાં ફેરવાઈ ગઈ હતી. પૂરપાટ ઝડપે જતી કાર ડિવાઈડર સાથે અથડાતા થયેલા આ અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે એક યુવાન ગંભીર રીતે ઘાયલ થયો છે.

મૃતકોની ઓળખ બદલાપુરના રહેવાસી યોગેશ નેગી (૨૬) અને બાંદ્રાની રહેવાસી રેબેકા જેકબ (૨૪) તરીકે થઈ છે. રવિવારે યોગેશનો જન્મદિવસ હોવાથી તેણે પોતાના મિત્રો સાથે પાર્ટી રાખી હતી. પાર્ટી બાદ યોગેશ, રેબેકા અને કારનો માલિક અંગદ મોડી રાત્રે નિર્માણાધીન એક્સપ્રેસવે પર લોન્ગ ડ્રાઈવ માટે નીકળ્યા હતા. ટિટવાલાથી બદલાપુર તરફ આવી રહેલી આ કાર એરંજાડ વિસ્તાર પાસે ચાલકે નિયંત્રણ ગુમાવતા ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ લક્ઝરી કાર રાત્રે ૨ થી ૩ વાગ્યાની વચ્ચે અનેકવાર હાઈ-સ્પીડમાં પસાર થઈ હતી. ત્રીજી ફેરીમાં થયેલા જોરદાર ધડાકા સાથે કાર સંપૂર્ણપણે તબાહ થઈ ગઈ હતી. કારની ગતિ એટલી વધારે હતી કે રેબેકા જેકબ કારમાંથી ફગાઈને દૂર જઈને પડી હતી અને સ્થળ પર જ દમ તોડી દીધો હતો. અકસ્માત એટલો ભીષણ હતો કે મૃતકોના અંગો રસ્તા પર વેરવિખેર થઈ ગયા હતા.કાર ચલાવી રહેલો અંગદ નામનો યુવક આ અકસ્માતમાં ચમત્કારિક રીતે બચી ગયો છે, જોકે તે ગંભીર રીતે ઘાયલ છે. તેને સારવાર માટે ઠાણેની જ્યુપિટર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ અને ફોરેન્સિક ટીમ દ્વારા પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, અકસ્માત સમયે ડ્રાઈવર નશામાં હોવાની આશંકા છે, પરંતુ સત્તાવાર તપાસ અને અંગદનું બયાન નોંધાયા બાદ જ સત્ય બહાર આવશે. આ દુર્ઘટનાએ ફરી એકવાર હાઈવે પર બેફામ ગતિએ વાહન ચલાવવા સામે લાલબત્તી ધરી છે.

### લખનઉમાં કોચિંગ સેન્ટરમાં આગ, 15 યુવાનોના મોત

ઉત્તર પ્રદેશ : ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉના અલીગંજ વિસ્તારમાં પુરનિયા ચોરાહા પાસે આવેલી એક ઈમારતમાં સોમવારે ભીષણ આગ લાગવાની દુઃખદ ઘટના બની છે. આ ભયાનક દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 15 લોકોના મોતની પુષ્ટિ થઈ ચૂકી છે, જેમાં મોટાભાગના 20થી 24 વર્ષની વયના યુવાનો સામેલ છે. આગ લાગતા અનેક લોકોએ ઈમારતમાં ઉપરથી છલાંગ મારી હતી. આ ઘટનાની ગંભીરતાને જોતાં ફાયર બ્રિગેડની 14 ગાડીઓએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. હાલ ઘટનાસ્થળે વહીવટીતંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે. આ ઈમારતમાં મોટા ભાગના કોચિંગ ક્લાસ અને એક ગેમિંગ ઝોન છે. શરૂઆતની માહિતીમાં આ અકસ્માત કોચિંગ સેન્ટર અથવા લાઈબ્રેરીમાં થયો હોવાનું કહેવાતું હતું, પરંતુ બાદમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે, આ ઈમારતમાં ગેમિંગ ઝોન કાર્યરત હતો. બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર પેટ શોપ આવેલી છે, જ્યારે ઉપરના માળે આવેલા ગેમિંગ ઝોનમાં કર્મચારીઓ સોફ્ટવેર પર કામ કરી રહ્યા હતા તે દરમિયાન અચાનક આ ભીષણ આગ ફાટી નીકળી હતી.

AVAILABLE FOR SALE

| Vehicle | Regn. No. | Model | Engine no | Chassis no |
| --- | --- | --- | --- | --- |
| TAFE MF 7250DI | GJ-27-EG-4526 | 2024 | SJ327B90388 | MEAC9025KR2565729 |

SUNDARAM FINANCE LIMITED
No. 2 Nilmany Chambers,
B/H Sales India Ashram Road,
Ahmedabad:368 009 M-9723705742

ભારતનું સંસદ



રાજ્યસભા સચિવાલય
સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ સમિતિ, રાજ્યસભા
'કેન્સર સ્ક્રીનીંગ, નિદાન, સારવાર, સંભાળ અને વ્યવસ્થાપનમાં અદ્યતન હસ્તક્ષેપ જેનાં પરિણામો સિદ્ધ થયેલ છે' ની તપાસ

રાજ્યસભાની સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ સમિતિ, જેના અધ્યક્ષ પ્રો. રામ ગોપાલ યાદવ, સાંસદ (રાજ્યસભા) છે, તેમણે વિસ્તૃત તપાસ માટે 'કેન્સર સ્ક્રીનીંગ, નિદાન, સારવાર, સંભાળ અને વ્યવસ્થાપનમાં અદ્યતન હસ્તક્ષેપ જેનાં પરિણામો સિદ્ધ થયેલ છે' વિષયની પસંદગી કરી છે. ઉપરોક્ત વિષય પર વ્યાપક પરામર્શ કરવા માટે, સમિતિએ સંબંધિત હિતધારકો અને આ વિષયમાં રસ ધરાવતા સામાન્ય જનતા પાસેથી મંતવ્યો/સૂચનો આમંત્રિત કરવાનો નિર્ણય લીધો છે. જેઓ સમિતિને મેમોરેન્ડમ સબમિટ કરવા ઈચ્છતા હોય, તેઓ હિન્દી/અંગ્રેજીમાં માત્ર PDF અને વર્ડ ફોર્મેટમાં ઈ-મેલ દ્વારા શ્રી ભૂપેન્દ્ર ભાસ્કર, નિર્દેશક, રાજ્યસભા સચિવાલય (ટેલિફોન: 011-23034034) ને rs-chfw@sansad.nic.in પર આ વિજ્ઞપ્તિના પ્રકાશનના 15 દિવસની અંદર મોકલી શકે છે. સમિતિને સબમિટ કરવામાં આવેલ મેમોરેન્ડમ સમિતિના રેકોર્ડનો ભાગ બનશે અને તેને 'ગોપનીય' ગણવામાં આવશે.

CBC 31202/11/0001/2027

## 4 મહિનાથી ઈન્સેન્ટિવ ન મળતા આશા વર્કરોનો આક્રોશ

અમદાવાદ | ગુજરાતમાં પોલિયો નાબૂદીના અભિયાનમાં વર્ષોથી સંપૂર્ણ નિષ્ઠા અને ઈમાનદારીપૂર્વક ફરજ બજાવતી આશા વર્કર બહેનો આજે સરકારની ઉદાસીનતા અને શોષણ નીતિ સામે આરપારના મૂડમાં આવી ગઈ છે. છેલ્લા 4 મહિનાથી હક્કનું માસિક ઈન્સેન્ટિવ ન મળવાને કારણે અને આકાશને આંબતી મોંઘવારી વચ્ચે પણ ભથ્થામાં કોઈ જ વધારો ન થતાં, 'ગુજરાત આશા વર્કર યુનિયન' દ્વારા વાવ થરાદ કલેક્ટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે. આ સાથે જ આગામી પોલિયો કામગીરીનો સંપૂર્ણ બહિષ્કાર કરી 3 દિવસની હડતાળ પર ઉતરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

## અમદાવાદને ભિક્ષાવૃત્તિ મુક્ત બનાવવા ઝુંબેશ

અમદાવાદ | અમદાવાદ શહેરને ભિક્ષાવૃત્તિ મુક્ત બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), પોલીસ વિભાગની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ તથા ગુજરાતના સમાજ સુરક્ષા વિભાગના સંયુક્ત પ્રયાસોથી 22 જૂન 2026ના રોજ ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ ઝોન વિસ્તારમાં વિશેષ એન્ટી બેગિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ 44 જેટલા બાળકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. આ ઝુંબેશ દરમિયાન શહેરના 41થી વધુ હોટસ્પોટ સ્થળોએ સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# ભારે વરસાદનું એલર્ટ, 5 દિવસ દરિયો તોફાની બનશે

## 29 તાલુકામાં મેઘમહેર, સૌથી વધુ ઉમરપાડામાં 1.77 ઈંચ વરસાદ; સુરત-વલસાડમાં પાણી ભરાતા વાહનો બંધ

ગુજરાત | ગુજરાતમાં સામાન્ય રીતે 15 જૂનની આસપાસ આવતું ચોમાસું આ વર્ષે 'અલ-નીનો' પેટર્ન અને સાયક્લોનિક અસરોના કારણે લંબાયું છે. સાર્વત્રિક વરસાદ ન થતાં ખેડૂતોની વાવણી ખોરંભાઈ છે. જોકે, આજે (22 જૂન) વહેલી સવારથી સુરત શહેર અને આસપાસના વિસ્તારો, વલસાડ, અમરેલી, નવસારીના ઈટાળવા-જમાલપોર, તાપીના વ્યારા-વાલોડ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડતાં સ્થાનિકોને ગરમીથી રાહત મળી છે.

સવારના 6થી 12 વાગ્યા સુધીમાં રાજ્યના 29 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ સુરતના ઉમરપાડામાં 1.77 ઈંચ વરસાદ ખાબક્યો છે. સુરત શહેરમાં પણ ભારે વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. લિંબાયતનું ગરનાળું બેટમાં ફેરવાઈ જતાં સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં લોકો જીવના જોખમે આ ભરાયેલા પાણીમાંથી પસાર થવા માટે મજબૂર બન્યા છે, જે તંત્રની બેદરકારી દર્શાવે છે.

વલસાડમાં પણ ધોધમાર વરસાદથી શહેરમાં પાણી ભરાવાની સમસ્યા સામે આવી છે. વલસાડ અને મુઘરાવાળીને જોડતો મુખ્ય માર્ગ પરના મુઘરાવાળી રેલવે અંડરપાસમાં પાણી ભરાતા વિદ્યાર્થી સહિત નાગરિકો અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

હવામાન વિભાગ દ્વારા આગામી 3 કલાક એટલે કે સાંજે 4 વાગ્યા સુધી રાજ્યમાં વરસાદની આગાહી સાથે એલર્ટ આપ્યું છે. જેમાં સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ઓરેન્જ એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, ભરૂચ, વડોદરા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા અને દીવમાં પણ હળવા વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાત એલર્ટ, દરિયામાં તોફાનની આશંકા; 5 દિવસ માછીમારી ન કરવા કડક સૂચના

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય (MHA) દ્વારા આગામી 5 દિવસ (22થી 27 જૂન, 2026) માટે દેશના પશ્ચિમ દરિયાકાંઠે કડક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. અરબી સમુદ્રમાં સર્જાનારી આ પ્રતિકૂળ સ્થિતિની સીધી અસર ગુજરાત પર પણ જોવા મળશે.

તોફાની પવનની ગંભીર આશંકાને પગલે કેન્દ્ર સરકાર દ્વારા એલર્ટ કરાયેલા રાજ્યોમાં ગુજરાત પણ સામેલ છે. ગુજરાતને સ્પર્શતા અરબી સમુદ્રમાં અને સોમાલિયા તટની આસપાસ આગામી 5 દિવસ દરમિયાન 40થી 55 કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાશે, જેની ગતિ ઝટકા સાથે વધીને 60થી 65 કિમી/કલાક સુધી પહોંચી શકે છે. આ સિસ્ટમને કારણે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ તેજ રહેશે અને સમુદ્રમાં ભારે કરંટ જોવા મળી શકે છે. દરિયામાં સર્જાનારી આ જોખમી સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાતના તમામ નાના-મોટા માછીમારોને આગામી સૂચના સુધી દરિયો ન ખેડવા અને સુરક્ષિત કિનારે જ રહેવા કડક તાકીદ કરવામાં આવી છે.



### 48 કલાકમાં ચોમાસું મહારાષ્ટ્રમાં આગળ વધશે, ગુજરાતમાં વરસાદની આગાહી

હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ચોમાસું ધીમે-ધીમે આગળ વધી રહ્યું છે. આગામી 48 કલાકમાં ચોમાસું મહારાષ્ટ્રના વધુ વિસ્તારોમાં આગળ વધે તેવી શક્યતા છે. જોકે ગુજરાતમાં ચોમાસાના વ્યાપક પ્રવેશ માટે હજુ થોડી રાહ જોવી પડી શકે છે. વરસાદની આગાહી અનુસાર, અમદાવાદ, આણંદ, ખેડા અને દાહોદ જિલ્લામાં વરસાદી ઝાપટાં પડી શકે છે. ઉપરાંત મહીસાગર, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં પણ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી અને નવસારી સહિત દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના છે. દમણ અને દાદરા નગર હવેલીમાં પણ વરસાદી માહોલ રહેવાની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં રાજકોટ, જામનગર, પોરબંદર, દ્વારકા, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ અને મોરબી જિલ્લામાં પણ વરસાદ નોંધાઈ શકે છે. હાલ રાજ્યમાં વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી ખેડૂતોએ હવામાન વિભાગની સૂચનાઓ પર નજર રાખવાની સલાહ આપવામાં આવી છે.

### નવસારીમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

વાંસદા સહિત સરહદી ગામોમાં અનરાધાર, નદીઓની સપાટી વધી; વાવણી લાયક વરસાદથી ખેડૂતો ખુશખુશાલ દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં પણ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. નવસારી શહેરથી લઈને છેવાડાના આદિવાસી પંથક સુધી સમગ્ર જિલ્લામાં વહેલી સવારથી જ કાળાડિબાંગ વાદળો વચ્ચે વરસાદી માહોલ જામ્યો છે. લાંબા સમયના ઉકળાટ અને અસહ્ય ગરમી બાદ મેઘ મહેર થતાં જ સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે,

જિલ્લાના વાંસદા તાલુકાના ચૌંઢાગામ વિસ્તારમાં મેઘરાજાએ જોરદાર બેટિંગ શરૂ કરી છે. આ ઉપરાંત ચોરવણી, નિરપણ, મોરાઆંબા, ખાટાઆંબા, કણધા, અંકલાછ અને જીવા જેવા સરહદી અને અંતરિયાળ વિસ્તારોમાં પણ સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે અને વાતાવરણ આહલાદક બની ગયું છે.

આ વરસાદ ખેડૂતો માટે આશીર્વાદ સમાન સાબિત થયો છે. ચોમાસાના વિધિવત આગમનની સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીકામની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. વરસાદી માહોલ વચ્ચે ખેડૂત વર્ગમાં એક નવી આશાનો સંચાર થયો છે. હાલ ખેડૂતો વાવણી માટે અનુકૂળ અને સતત સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે, જેથી ખરીફ પાકનું વાવેતર સમયસર શરૂ કરી શકાય.

# મૃત નવજાતના શરીરમાંથી કીડા નીકળતા હતા

## અમદાવાદમાં રાયફલ ક્લબ પાસે ફૂટપાથ પરથી કપડામાં લપેટેલું મૃત બાળક મળ્યું, દુર્ગંધ આવતા લોકોએ પોલીસને જાણ કરી



અમદાવાદ | અમદાવાદ શહેરના ખાનપુર વિસ્તારમાં આવેલા રાયફલ ક્લબની પાસે કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા નવજાત મૃત બાળકને મૂકી દેવામાં આવ્યું છે.આસપાસના લોકોને તીવ્ર ગંધ આવતા પોલીસને જાણ કરી હતી.પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ કરતા બાળકના શરીરમાંથી કીડા નીકળવા લાગ્યા હતા. બાળકને આ સ્થિતિમાં કોણ મૂકી ગયું તે અંગે શાહપુર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

રાયફલ ક્લબ પાસેથી ગઈકાલે(21 જૂન) મોડી રાતે લોકોની અવરજવર વચ્ચે તીવ્ર દુર્ગંધ આવી રહી હતી ત્યારે લોકોએ ફૂટપાથ પર ગાડીની પાછળ જઈને જોયું તો એક કપડામાં લપેટેલું નવજાત બાળક મૃત હાલતમાં હતું. સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી જેથી પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી.પોલીસે જઈને તપાસ કરી ત્યારે ફાટેલા મરૂન કલરના કપડામાં લપેટેલું મૃત બાળક હતું.

બાળકના શરીરમાં અલગ અલગ જગ્યાએથી કીડા નીકળી રહ્યા હતા.પોલીસ દ્વારા તાત્કાલિક મૃતદેહને ત્યાંથી પીએમ માટે મોકલી દેવામાં આવ્યો હતો.બાળક આ જગ્યા સુધી કેવી રીતે પહોંચ્યું અને કોણ મૂકી ગયું તે મામલે તપાસ કરવામાં આવી રહી છે.શાહપુર પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

25 મે, 2026ના રોજ રાત્રિના આશરે એક વાગ્યાની આસપાસ સુરતના કતારગામ અવધૂતનગર સોસાયટી, સીતારામ ફ્લોર મીલની સામે ભક્તિનગર તરફ જતા રોડ પર એક પ્લાસ્ટિકની ફાટેલી થેલીમાં આશરે એકાદ દિવસનું તાજું જન્મેલું બાળક મૃત હાલતમાં બિનવારસી મળી આવ્યું હતું. ઘટનાની ગંભીરતાને જોતાં ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી. સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ એનાલિસિસ કરતા ચોંકાવનારી વિગત સામે આવી કે કૂતરાઓ આ થેલીને નજીકની અવધૂતનગર સોસાયટીની વાડી પાસેના કચરાના ઢગલામાંથી ખેંચીને લાવ્યા હતા.

# એડવાન્સ પૈસા લીધા પછી પણ કારીગરની કરતૂત સરગાસણમાં કલર લગાવીને ફ્લેટ ચિત્રી કાઢ્યો

ગાંધીનગર | ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં કલરકામના બહાને ઘરમાં ઘૂસેલા અમદાવાદના એક શખ્સે ઘરમાલિકને આર્થિક ચૂનો લગાવ્યો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. મકાન માલિકે એડવાન્સમાં માંગેલા વધુ રૂપિયા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા આ કારીગરે આખા ઘરમાં આડેધડ કલર લગાવીને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. સાથે જ ઘરમાં રાખેલા 1.08 લાખના કિંમતી પ્રોફેશનલ મશીનો ચોરીને ફરાર થઈ ગયો હતો. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, સરગાસણના અતિશય સ્કાય ફ્લેટમાં નિકુંજભાઈ મહેશભાઈ પરમાર પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ રકનપુર ખાતે આવેલી નાઈન્ટી ડીગ્રી પ્રોજેક્ટ કંપનીમાં ઈન્ટિરિયર પ્રોજેક્ટ હેડ તરીકે ફરજ બજાવે છે. પોતાના નવા મકાનમાં કલરકામ તેમજ પોલિશ કામ કરાવવાનું હોવાથી નિકુંજભાઈએ તેમની જ કંપનીના એક પરિચિત વ્યક્તિ મારફતે અમદાવાદના વટવા ખાતે રહેતા પ્રેમપાલ કિશનલાલ નામના કારીગરનો સંપર્ક કર્યો હતો. બંને પક્ષો વચ્ચે મટિરિયલ સાથે કલરકામ કરી આપવાનું નક્કી થયું હતું.

જે અંતર્ગત ગત 24 એપ્રિલથી પ્રેમપાલે મકાનમાં કલરકામ શરૂ કર્યું હતું. આ કામ દરમિયાન મટીરીયલ લાવવાના જુદા જુદા બહાના હેઠળ પ્રેમપાલે અલગ-અલગ તારીખોએ કુલ 40,000 રૂપિયા એડવાન્સ પેટે મેળવી લીધા હતા. દરમિયાન ગત 23 મેના રોજ બપોરના સમયે કારીગર પ્રેમપાલે નિકુંજભાઈ પાસે વધુ 20,000 રૂપિયાની માંગણી કરી હતી. જોકે નિકુંજભાઈએ તે સમયે ઓફિસે હોવાથી સાંજે ઘરે આવીને પૈસા આપવાનું જણાવ્યું હતું. આ વાતથી નારાજ થયેલા પ્રેમપાલે ઘરમાં નુકસાન કરવાનું શરૂ કરી દીધું હતું. તે જ દિવસે સાંજે નિકુંજભાઈના પિતાએ ફોન કરીને જણાવ્યું કે, કલર કામ કરનાર પ્રેમપાલ ઘરમાં કલરકામ વ્યવસ્થિત કરવાને બદલે જ્યાં ત્યાં આડેધડ કલર લગાવીને મોટું નુકસાન કરીને ભાગી ગયો છે. આ સાંભળી નિકુંજભાઈ તાત્કાલિક ઘરે દોડી આવ્યા હતા.

તેમણે ઘરમાં તપાસ કરતા માલુમ પડ્યું હતું કે એડવાન્સ નાણાં લીધા હોવા છતાં કારીગરે ઘરની દીવાલો અને ફર્નિચર પર કલરના ડાઘા પાડીને આશરે 40,000 રૂપિયાનું નુકસાન કર્યું હતું. આ નુકસાન ઉપરાંત નિકુંજભાઈએ જ્યારે ઘરમાં અન્ય સામાનની તપાસ કરી ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

# પુનિતનગરમાં બૂટલેગરોના ત્રાસ મામલે હોબાળો, આંતરિક માથાકૂટ દારૂના મુદ્દે ડાયવર્ટ કરાયાનું પોલીસ તપાસમાં ઘટસ્ફોટ

અમદાવાદ | અમદાવાદના સાબરમતી વિસ્તારમાં આવેલી પુનિત સોસાયટીમાં ગઈકાલે મોડી રાત્રે સ્થાનિક રહીશો અને પોલીસ તંત્ર વચ્ચે ભારે હોબાળો મચી ગયો હતો. સોસાયટીના પાછળના ભાગે ચાલતા દારૂના ગેરકાયદે અડ્ડા અને બુટલેગરોના ત્રાસથી કંટાળીને રહીશોએ દેખાવો કર્યો હતો. આ ઉપરાંત મોટી સંખ્યામાં મહિલાઓ રાત્રિના સમયે સીધા પોલીસ કમિશનર (CP) કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચી જતાં મામલો ગરમાયો હતો. બીજી તરફ પોલીસે આ મામલે આંતરિક માથાકૂટને દારૂના મુદ્દા પર ડાયવર્ટ કરવામાં આવ્યો હોવાનો દાવો કર્યો છે. સોસાયટીના રહીશો અને ફરિયાદીના જણાવ્યા અનુસાર, રાણીપ-કાળીગામ રોડ પર આવેલી પુનિત સોસાયટીના પાછળના ગેટ પાસે દારૂનું સ્ટેન્ડ ચાલતું હતું, જેનો સ્થાનિકો લાંબા સમયથી વિરોધ કરી રહ્યા હતા. લોકોએ ગઈકાલે બપોરે રાણીપ પોલીસ સ્ટેશનમાં PIને રજૂઆત કરી દારૂનો વેપલો બંધ કરાવ્યો હતો. પરંતુ રહીશોનો આક્ષેપ છે કે, પોલીસની કાર્યવાહીના માત્ર બે જ કલાકમાં બુટલેગરોએ સોસાયટીના બીજા ગેટ પાસે દારૂનું સ્ટેન્ડ ફરી ચાલુ કરી દીધું હતું. આ બાબતની અદાવત રાખીને સાંજે સોસાયટીની મહિલાઓ અને છોકરાઓની છેડતી કરી બુટલેગરોએ 'બહાર આવો, તમને જોઈ લઈશું' તેવી ધમકીઓ આપી હતી. રાણીપ પોલીસે છેડતી અંગે યોગ્ય રજૂઆત ન સાંભળતા રહીશોમાં આક્રોશ બેવડાયો હતો અને તેઓ રાત્રે જ મોટી સંખ્યામાં CP ઓફિસ પહોંચ્યા હતા. જ્યાંથી સૂચના મળતાં આખરે રાણીપ પોલીસે આ મામલે FIR નોંધી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. બીજી તરફ, સમગ્ર મામલે રાણીપ પોલીસ સ્ટેશનના PIએ જણાવ્યું કે, 'સોસાયટી અને પાછળની ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો વચ્ચેની આંતરિક માથાકૂટ છે.

## અમદાવાદના ટ્રાફિકથી ધમધમતા રિલીફ રોડ પર હત્યા

# રૂપિયાની લેતી-દેતી બાબતે બોલાચાલી બાદ ખિસ્સામાંથી છરી કાઢી યુવકને ઘા માર્યા...

અમદાવાદ | અમદાવાદના ભારે ટ્રાફિકવાળા રિલીફ રોડ પર ધોળા દિવસે હત્યા થઈ છે. એક શખ્સને ધારદાર હથિયારના ઘા મારીને હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી ગઈ છે. આ હત્યાને કારણે રસ્તા પર લોહીના રેલાઓ વહ્યા હતા. આ ઘટનાને પગલે કારંજ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યા હતો અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલ્યો છે. ત્યાર બાદ પોલીસે હત્યા કરનારા શખ્સની અટકાયત કરી લીધી હતી.

હાટકેશ્વરમાં જયશંકર રાજપૂત પરિવાર સાથે રહેતો હતો. તેને ઘણા સમયથી રૂપિયાની લેતી-દેતી બાબતે વટવાના શાકીબ સલીમ શેખ સાથે માથાકૂટ ચાલતી હતી.રવિવારે સલીમ શેખે જયશંકરને રૂપિયાની વાતચીત કરવા માટે પથ્થરકૂવા પાસે બોલાવ્યો હતો. જેથી જયશંકર ત્યાં પહોચ્યો હતો. જ્યાં બંને વચ્ચે રૂપિયાની બાબતે ફરીથી બોલાચાલી બાદ ઝઘડો થયો હતો. આ દરમ્યાન ઉશ્કેરાયેલા સલીમે પેન્ટના ખિસ્સામાંથી છરી કાઢીને જયશંકરને ઉપરાછાપરી ઘા મારીને મોતને ઘાટ ઉતાર્યો હતો.

આ મામલે એસીપી હિરેન્દ્ર ચૌધરીએ જણાવ્યું કે રિલીફ રોડ પર જયશંકર નામના યુવકની શાકીબ સલીમ શેખ નામના યુવકે પૈસાની લેતીદેતીમાં હત્યા કરી છે.હત્યા બાદ આરોપી નાસી ગયો હતો જેને પોલીસે અટકાયત કરી છે.મૃતદેહને હાલ પીએમ માટે મોકલી વધુ તપાસ કરવામાં આવી રહી છે.

2 જૂન, 2026ના રોજ પણ અમદાવાદ શહેરમાં ધોળા દિવસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતી એક હચમચાવી દેતી લોહિયાળ ઘટના સામે આવી હતી. મેઘાણીનગરમાં આવેલી ગુલબર્ગ સોસાયટીની બહાર જાહેર રસ્તા પર એક યુવકની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરવામાં આવી હતી. જાહેર રોડ ઉપર જ ભાઈની હત્યા કરી દેવામાં આવતા બહેન દ્વારા ભારે આક્રંદ કરવામાં આવ્યું હતું. ભારે રોષ અને રોકકળ સાથે પરિજનોએ ન્યાયની માગ કરી હતી. (વાંચો સંપૂર્ણ અહેવાલ)

અમદાવાદના મેમનગરના સામ્રાજ્ય ફ્લેટના H બ્લોકના પાર્કિંગમાંથી 22 એપ્રિલે મૂળ ગોધાવીના એવા 55 વર્ષીય કાનજીભાઈ નામના વૃદ્ધનો મૃતદેહ મળ્યો છે. તેઓ છૂટક મજૂરી કામ કરીને કોમન પાર્કિંગમાં જ રહેતા હતા. જો કે પોલીસ તપાસમાં તેની હત્યા કરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. તેઓ 25 વર્ષથી સામ્રાજ્ય ટાવરમાં કામ કરતા હતા.

# લોકસાહિત્યકાર હકાભાની બે હાથ જોડી સરકારને વિનંતી 'ખેડૂતોની માગ પુરી કરો, હવે એ પૂરા થવાની તૈયારીમાં છે

મોરબી | મોરબીના જેતપર ગામે ખાનગી વીજ કંપની સામે ચાલી રહેલા ખેડૂતોના આંદોલન દરમિયાન લોક ડાયરાનું આયોજન કરાયું હતું. આ ડાયરાના મંચ પરથી હાસ્ય કલાકાર હકાભા ગઢવીએ સરકારને ખેડૂતોની માંગણીઓ સંતોષવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, ખેડૂતોની માંગણીઓ પૂરી કરો, કેમકે હવે ખેડૂતો પૂરા થવાની તૈયારીમાં છે.





જેતપર ગામે ખેડૂતો છેલ્લા ઘણા સમયથી ખાનગી વીજ કંપની પાસેથી પૂરતા વળતરની માગ સાથે લડત ચલાવી રહ્યા છે. આ આંદોલન અંતર્ગત છેલ્લા ચાર દિવસથી આમરણાંત ઉપવાસ ચાલી રહ્યા છે, જેનો આજે પાંચમો દિવસ છે. ચોથા દિવસે રાત્રે ઉપવાસી છાવણી ખાતે હકાભા ગઢવી સહિતના કલાકારોનો લોક ડાયરો યોજાયો હતો.

આ ડાયરામાં મોરબી જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાઓમાંથી પણ મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટી પડ્યા હતા. હકાભા ગઢવીએ મંચ પરથી જણાવ્યું હતું કે, આજની તારીખે એક એક ખેડૂત ઉપર ઓછામાં ઓછું પાંચ-પાંચ લાખ રૂપિયાનું દેણું છે. તેમણે ખેડૂતોની સ્થિતિ પર ભાર મૂકીને તેમની માંગણીઓ તાત્કાલિક પૂર્ણ કરવા અપીલ કરી હતી. એમણે રમૂજ વૃત્તિમાં કહ્યું કે, મારા પિતાથી એ અમારી જમીન વેચીને સારું જ કર્યું નહીં તો અત્યારે અમારે પણ આ જ સ્થિતિ હોત. હકાભા ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, તેઓ ખેડૂતોના હક માટેની આ લડાઈમાં મદદરૂપ થવાના ભાવ સાથે એક પણ રૂપિયો લીધા વગર આ લોક ડાયરામાં આવ્યા છે. તેમણે ચાર મહિના પહેલાં મળેલી એક ચેલેન્જને પણ યાદ કરી હતી, જેમાં ખેડૂતો માટે ડાયરો કરવા પર બમણો ચાર્જ આપવાની વાત હતી.

તેમણે કહ્યું કે, જેતપરમાં એક પણ રૂપિયો લીધા વગર આવીને તેમણે તે ચેલેન્જ પૂરી કરી છે. આટલું જ નહીં, ખેડૂતોના હિત માટે આવા 50 કાર્યક્રમ કરવા પડે તો પણ તેઓ એક પણ રૂપિયો લેશે નહીં તેવી જાહેરાત કરી હતી. ડાયરામાં હાજર ખેડૂતોને તેમણે વચન આપ્યું હતું કે, તેઓ આખી જિંદગી ક્યારેય રાજકારણમાં પ્રવેશ કરશે નહીં. તેમણે વધુમાં કહ્યું કે, જો કોઈ આવું ખોટું વચન આપે તો એને મારી નાખવો જોઈએ.

મોરબી સહિત સમગ્ર ગુજરાતમાં ખાનગી કંપનીના વીજપોલ અને વાયરના વળતર મામલે ખેડૂતો દ્વારા આંદોલન ચાલી રહ્યું છે. આ સંદર્ભે રાજ્યમંત્રી કાંતિ અમૃતિયાએ જણાવ્યું છે કે, માત્ર જેતપુર કે મોરબી જિલ્લો જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતના ખેડૂતોને વધુમાં વધુ વળતર મળે તે માટે પ્રયાસો ચાલી રહ્યા છે

# વહેલી સવારે ઘરની બહારથી પશુની ચોરી કરતી ગેંગનો આરોપી ઝડપાયો, દોઢ વર્ષથી ફરાર હતો

અમદાવાદ |અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમને મોટી સફળતા મળી છે. ચાંગોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત વર્ષ 2025માં થયેલી પશુ ચોરીના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપી કમરૂદ્દીન ઉર્ફે લાલા મીરને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. પકડાયેલો આરોપી રીઢો ગુનેગાર છે અને તેની સામે અલગ-અલગ જિલ્લામાં અનેક ગુનાઓ નોંધાયેલા છે.

મળતી માહિતી અનુસાર, વર્ષ 2025માં ચાંગોદર ગામમાં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા કેતનગીરી ગોસ્વામીની ગાયને વહેલી સવારે કારમાં આવેલા ચાર શખસો ચોરી કરીને ભાગી રહ્યા હતા. આ દરમિયાન કેતનગીરી જાગી જતાં તેણે ચોરોનો પીછો પણ કર્યો હતો, પરંતુ આરોપીઓ ગાયને કારમાં ભરીને ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. આ અંગે ચાંગોદરા પોલીસમાં પશુ ચોરીનો ગુનો નોંધાયો હતો.

ચાંગોદર પોલીસ આ ગુનાના આરોપીઓને શોધી રહી હતી, તે દરમિયાન અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે આ ગેંગનો મુખ્ય વોન્ટેડ આરોપી કમરૂદ્દીન ઉર્ફે લાલા મીર શહેરમાં આસપાસ ફરી રહ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવીને આરોપીને દબોચી લીધો હતો અને હવે તેને કાયદેસરની કાર્યવાહી તથા આગળની પૂછપરછ માટે ચાંગોદર પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.



પકડાયેલ આરોપી સામે અમદાવાદ ગ્રામ્ય, વડોદરા અને સુરેન્દ્રનગર સહિત વિવિધ પોલીસ સ્ટેશનોમાં પશુ ચોરી, ચોરી, પ્રોહિબિશન અને અન્ય ગંભીર પ્રકારના કુલ 16 ગુનાઓ નોંધાયેલા હોવાનું પણ સામે આવ્યું છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...